૨૭૬ જે નામના રૂપપ્રમાણે ક્રિયાપદનું રૂપ ફરે છે તે ક્રિયાનાથ	ज्या नामाच्या रूपाप्रमाणें क्रियापदाचें रूप फिरतें तें क्रियानाथ.
૨૭૭ જ્યારે કર્ત્તા તેજ ક્રિયાનાથ હોય છે ત્યારે કર્ત્તરીપ્રયોગ.	जेव्हां कर्ता तोच क्रियानाथ असतो तेव्हां कर्तरी प्रयोग.
૨૭૮ જ્યારે કર્મ ક્રિયાનાથ હોય છે ત્યારે કર્મણીપ્રયોગ	जेव्हां कर्म क्रियानाथ असतें तेव्हां कर्मणी प्रयोग.
૨૭૯ જ્યારે ક્રિયાપદનો ભાવ તેજ ક્રિયાનાથ હોય છે ત્યારે ભાવેપ્રયોગ	जेव्हां क्रियापदाचा भाव तोच क्रियानाथ असतो तेव्हां भावी प्रयोग.
૨૮૦ આ વર્ગમાં કેટલા છોકરા છે ?	या वर्गांत किती मुलगे आहेत ?
૨૮૧ જે છોકરો ચારે વિષયમાં પાસ થશે તેને ઉપલી વર્ગમાં મુકીશું	जो मुलगा चारही विषयांत पास होईल त्याला वरच्या वर्गांत घालूं.

૨૮૨ દરેક વિષયમાં ઓછામાં ઓછી પચ્ચાસ માર્ક મળવી જોઇએ	दरेक विषयांत कमींत कमी पन्नास मार्क मिळाले पाहिजेत.
૨૮૩ હુશિઆર છોકરાને એ કામ કંઇ ભારે નથી	हुशार मुलाला हें काम कांहीं कठीण नाहीं.
૨૮૪ કેટલાએક છોકરા એવા છે કે તેને તો અડધી માર્ક પણ મળવાની નથી	कित्येक मुलगे असे आहेत कीं त्यांना तर अर्धेपण मार्क मिळायाचे नाहींत.
૨૮૫ પૈસાદાર લોકોના છોકરા મગરૂર અને શોખીલા હોય છે	पैसादार लोकांचे मुलगे मगरूर व चैनी असतात.
૨૮૬ પેલો માણસ બીજાના જેવો લુચ્ચો કે લાલચુ નથી	तो (पलीकडचा) मनुष्य दुसऱ्यासारखा लुच्चा किंवा लालची नाहीं.
૨૮૭ કાલથી હું રોજ બે વાર તમારી વર્ગમાં આવીશ	उद्यापासून मी रोज दोन वेळ तुमच्या वर्गांत येईन.
૨૮૮ આ કોની ચોપડી છે	हें कोणाचें पुस्तक आहे ?
૨૮૯ આપની પાસે તે દહાડે વેચાતી લીધેલી તે	आपल्यापासून ते दिवशीं विकत घेतलें तें.
૨૯૦ આપણે એમાની બીજી કેટલી જોઇશું, જોઇએ તેટલી ગણીને મને કહો	आपणाला यांपैकीं आणखी किती लागतील, पाहिजे तितकीं मोजून मला सांगा.
૨૯૧ જે એવું કહે કે અમે નથી જાણુતા તેને તમારે ઉપર મોકલવા	जो असें सांगेल कीं आम्ही जाणत नाहीं, त्याला तुम्ही वर पाठवावें.
૨૯૨ તમારા એકલાથી ન થાય તો બીજાઓને લેતા જાવ	तुम्हा एकट्याच्यानें न होईल तर दुसऱ्यांनां घेऊन जा.
૨૯૩ એ કોણ છે તે શાથી જણાય ?	हें कोण आहे ते कशानें समजेल ?
૨૯૪ તે રમે છે	तो खेळतो.
૨૯૫ છોકરાંઓ દોડે છે	मुलें धांवतात.
૨૯૬ બૈરાંઓ ગાય છે	बायका गातात.
૨૯૭ હું પાનાં રમું છુ	मी पत्ते खेळतो.
૨૯૮ તમે એક સારૂ ગાયન ગાઓ	तुम्ही एक चांगलें गाणें गा.
૨૯૯ પેલા બધાઓ હસે છે	ते सर्वजण हंसतात.
૩૦૦ મને બહુ વાગ્યું	मला फार लागलें.
૩૦૧ હું કોનું ઓસડ કરૂં	मी कोणाचें औषध करूं.
૩૦૨ ચાલતું કામ અટકાવવું નહી	चालतें काम अटकावूं नये.
૩૦૩ થવાનું તે તો થશે	व्हावयाचें तें तर होईल.
૩૦૪ ગયો વખત સંભારવો નહી	गतकाल आठवूं नये.

३०५	હોનાર આગળ ડહાપણ ચાલતું નથી	होण्यान्या गोष्टीपुढें शहाणपण चालत नाहीं.
३०६	બોલાવવાનું કામ મારૂં નથી	बोलावण्याचें काम माझें नाहीं.
३०७	આંધળાને પણ લખતાં વાચતાં શિકવી શકાય	आंधळ्यालाही लिहिणें वाचणें शिकवितां येतें.
३०८	છાપેલાં પુસ્તકો વાચવાં સહેલાં પડેછે	छापलेलीं पुस्तकें वाचणें सोपें पडतें.
३०९	તે બોલવે ચાલાક છે	तो बोलून चलाख आहे.
૩૧૦	તે આવે મને સુખ થશે	तो आल्यास मला सुख होईल.
३११	તેઓ ચોપડી વાચી રહ્યા છે	त्यांचें पुस्तक वाचून झालें आहे.
३१२	તેણે એ વાત કહી દીધી હતી	त्यानें ही गोष्ट सांगून दिली होती.
३१३	તે પાઠ લખતો હોય તો ઉઠાડતા ના	तो धडा लिहीत असेल तर उठवूं नका.
૩૧૪	કાલે વહેલા આવજો	उद्यां लौकर या.
૩૧૫	તમે વાચ્યું હશે પણ મોઢે કર્યું નથી	तुम्ही वाचलें असेल पण तोंडी (तोंडपाठ) केलें नाहीं.
૩૧૬	કાલે કયારે આવવાના છો	उद्यां केव्हां यावयाचे आहांत.
૩૧૭	અમે આવ્યા હોઇએ તો ઠીક નહીં તો ચાલ્યા જજો	आम्ही आलों असलों तर बरें नाहींतर (तुम्ही) चालते व्हा.
૩૧૮	કાલે હું દુધપાકને પુરી જમ્યો હતો પણ પેટ ભરીને ખવાયું નહી તેથી આજે વહેલી રસોઇ કરાવી છે	काल मी दूधपाक व पुरी जेवलों होतों; पण पोट भरून खाववलें नाहीं; म्हणून आज लवकर स्वयंपाक करविला आहे.
३१९	તમારે જમવું હોય તો આવી જાઓ	तुम्हाला जेवणें असेल तर येऊन जा.
૩૨૦	તમારે માટે હું માળે આવતો હતો પણ કોઠા આગળ ઠોકર વાગી તે નીચે પડયો	तुमच्याकरितां मी माडीवर येत होतों पण कठड्याजवळ ठोकर लागली तों खालीं पडलों.
३२१	નહી તો પછી પસ્તાશો	नाहींतर पुढें पस्तावाल.
३२२	તમારી પાછળ આવ્યો	तुमच्यामागें आला.
३२३	વારૂં એમ તો એમ	बरें, असें तर असें.
३२४	ત્યારે તમે તો નહી આવવાના ?	तर मग तुम्ही तर नाहीं यावयाचे ?
३२५	હાલમાં જેમ છે તેમ રહેવા દો. આગળ થઇ રહેશે	हल्लीं जसें आहे, तसें राहूं या; पुढें होईल. (पुढचें पुढें).
३२६	તેણે જવું જોઇતું હતું	त्यानें जावयास पाहिजे होतें.
३२७	તેણે આ કામ કરવું હતું	त्यानें हें काम करावयास पाहिजे होतें.

૩૨૮ તેને દસ પુસ્તકો વાંચવાં પડ્યાં	त्याला १० पुस्तकें वाचावीं लागलीं.
૩૨૯ તમને જોઇને અમે બહુ ખુશી થઇશું	तुम्हाला पाहून आम्ही फार खुषी होऊं.
૩૩૦ તું ચોરી કરતો ના	तूं चोरी करूं नको.
૩૩૧ કાલે સૂરજ સહવારે પાંચ વાગે ઉગશે ને સાંજે આથમશે	उद्यां सूर्य सकाळीं पांच वाजतां उगवेल; व सायंकाळीं मावळेल.
૩૩૨ ગાળ દેશો તો મારે તમને સજા કરવી પડશે	शिवी द्याल तर मला तुम्हाला शिक्षा करावी लागेल.
૩૩૩ તમારો ઘોડો હું વેચાતો લઇશ, કેટલે આપશો	तुमचा घोडा मी विकत घेईन, केवढ्यां (त) स द्याल.
૩૩૪ તે કહે છે કે તમારો ઘોડો નહિ વેચાશે, પણ હું કહું છું કે તે વેચાયા વગર નહિ રહે	तो म्हणतो कीं, तुमचा घोडा विकला जाणार नाहीं पण मी म्हणतों कीं तो विकला गेल्याशिवाय राहणार नाहीं.
૩૩૫ જો અમને મદદ નહિ કરશો તો આ પાઠ વખતસર તૈયાર કરી શકીશું નહી	जर आम्हाला (तुम्ही) मदत करणार नाहीं तर हा धडा वक्तशीर (आम्ही) तयार करूं शकणार नाहीं (आमच्यानें करवणार नाहीं—होणार नाहीं).
૩૩૬ એની માએ ઘણું સમજાવ્યો પણ રોવાની ટેવ છોડી નહિ	याची आई पुष्कळ समजावी पण (तो) रडण्याची खोड सोडीना.
૩૩૭ કુતરો જેને દેખે તેને મસેને કરડવા જાય ને લાગ ફાવે કરડીએ ખાય	कुतरा ज्याला पाहतो त्याच्यावर भोंकतों, व डसण्यास जातो आणि संधी साधल्यास डसतोही.
૩૩૮ તેણે એવું કહ્યું હોય	त्यानें असें सांगितलें असेल (तर)
૩૩૯ તેણે ખેતર ખેડ્યું હશે	त्यानें शेत नांगरलें असेल.
૩૪૦ વરસાદ વરસતો ન હોય	पाऊस पडत असला (तर).
૩૪૧ વરસાદ વરસતો હશે	पाऊस पडत असेल.
૩૪૨ કાગળપર આડી લિટી ખેંચો	कागदावर आडवी रेघ ओढा.
૩૪૩ મારા બાપે કહ્યું કે નિશાળે છુટી થાય ત્યારે મારે પાંસરા ઘેર જવું	माझ्या बापानें सांगितलें कीं शाळे (त) ची सुटी झाली कीं मी तडक घरीं जावें.
૩૪૪ જો પાંદડા તોડો તો ઝાડ બગડશે	जर पानें तोडाल तर झाड बिघडेल.
૩૪૫ ઘોડા સારો હોત તો વહેલા પહોચત	घोडे चांगले असते तर लवकर पोंहचते.
૩૪૬ ગાડી મજબુત હોય તો તે ન તુટે	गाडी मजबूत असली तर ती तुटणार नाहीं.

૩૪૭ તે આવત તો હું જાત તે આવતે તો હું જતે	तो येता तर मी जातों.
૩૪૮ કીડી હાથીને મારે તો તે વાઘને પણ મારે	मुंगी हत्तीला मारील तर ती वाघाला पण मारील.
૩૪૯ બીજું એક વરસ શીખ્યો હોત તો હું પરીક્ષામાં ઉતરત	आणखी एक वर्ष शिकतों तर परीक्षेंत उतरतों.
૩૫૦ જો તે મને શિખવત તો હું શિખત	जर तो मला शिकविता तर मी शिकलों असतों.
૩૫૧ તમે તેની પાસે માગ્યું હોત તો તમને પાણી આપત	तुम्ही त्यांच्याजवळ मागितलें असतें तर तो तुह्माला पाणी देता.
૩૫૨ ચોપડી પૂરી વાંચી હોત તો તમે બધી વાત જાણત	पुस्तक पुरें वाचलें असतें तर तुह्मी सर्व गोष्ट जाणली असती.
૩૫૩ તું લખ, તમે લખો	तूं लिही, तुह्मी लिहा.
૩૫૪ તમારા પગ ઉપાડો	(तुह्मी) तुमचे पाय उचला.
૩૫૫ જલદી પાછા ફરો	लवकर मागें फिरा.
૩૫૬ પાઠ શિખીને રમવા જાઓ	धडा शिकून खेळण्यास जा.
૩૫૭ હમણા બેસો, પછી જોઇશ	आतां बसा, मग पाहीन.
૩૫૮ જા, તમારૂં કામ નથી	जा, तुमचें काम नाहीं.
૩૫૯ એક કામ પૂરૂં કર્યા પછી બીજું માંડો	एक काम पुरें केल्यानंतर दुसरें मांडा. (हातीं घ्या).
૩૬૦ તમારે વાસ્તે પેટી બનાવીશ	तुमच्यासाठीं पेटी करवीन.
૩૬૧ મને પૈસા અપાવો	मला पैसे देववा.
૩૬૨ મને ન પાડત તો હું ન પડત	मला पाडिलें नसतें तर मी पडतो ना.
૩૬૩ બીજા પાસે રંધાવવું પડે છે	दुसऱ्याकडून स्वयंपाक करवावा लागतो.
૩૬૪ બળદ હાંકશો તો તમને મારી ગાડીમાં બેસાડીશ	बैल हांकाल तर तुह्मास माझे गाडींत बसवीन.
૩૬૫ હું કાકાની પાસે તમારો ઘોડો રખાવીશ	मी काकाकडून तुमचा घोडा ठेववीन.
૩૬૬ હું તમને કહેવડાવીશ	मी तुह्मास सांगून पाठवीन.
૩૬૭ તમારી પાસે મારે એક ચોપડી લેવડાવવી છે	तुमच्याकडून मला एक पुस्तक घेववावयाचें आहे.
૩૬૮ પેટી ઉપાડો, પેટી ઉપડાવો	पेटी उचला, पेटी उचलवा.
૩૬૯ કામ કરવું, કામ કરાવવું	काम करणें, काम कराविणें.

૩૭૦ તમે બેસો, તેને બેસાડો	तुह्मी बसा, त्याला बसवा.
૩૭૧ તમે આપો ને અપાવો	तुह्मी द्या व देववा.
૩૭૨ કાકાપાસે કાગળ લખાવ્યો ને મામાપાસે વંચાવ્યો	काकाकडून कागद लिहविला व मामाकडून वाचविला.
૩૭૩ વરસાદની ગર્જના થતી અમે સાંભળી	पावसाची गर्जना होतांना आह्मी ऐकिली.
૩૭૪ હું ભણું છું, મેહતાજી ભણાવે છે ને પાઠ ભણાય છે.	मी शिकतों, गुरुजी शिकवितात व पाठ शिकला जातो.
૩૭૫ ઘોડો બેસે છે, ગાડીવાળો ઘોડાને બેસાડે છે.	घोडा बसतो, गाडीवाला घोड्यास बसवितो.
૩૭૬ કાડયો ઘર બાંધે છે, સાહુકાર ઘર બંધાવે છે, ઘર બંધાય છે.	गंवडी घर बांधतो, सावकार घर बांधवितो, घर बांधलें जातें.
૩૭૭ છોકરું ખાય છે, તેની મા ખવાડે છે, લાડવા ખવાય છે	मुल खातें, त्याची आई खावविते, लाडू खाल्ले जातात.
૩૭૮ વરસાદ પડે છે,ઇશ્વર વરસાદ પાડે છે	पाऊस पडतो, ईश्वर पाऊस पाडतो.
૩૭૯ ઘર પડે છે, મજુરો ઘર પાડે છે, ઘરધણી ઘર પડાવે છે	घर पडतें. मजूर घर पाडतात, घरधनी घर पाडवितो.
૩૮૦ મજુર ઝાડ કાપે છે, ધણી ઝાડ કપાવે છે, ઝાડ કપાય છે	मजूर झाड कापतो, मालक झाड कापवितो, झाड कापलें जातें.
૩૮૧ હું સવારમાં ઉઠું છું. મારી મા મને સવારમાં ઉઠાડે છે	मी सकाळीं उठतों. माझी आई मला सकाळीं उठविते.
૩૮૨ અમે જમ્યા, જમ્માઈને જમાડયો	आम्ही जेवलों, जावयास जेऊं घातलें.
૩૮૩ હું બેઠો, ચાકરને બેસાડયો	मी बसलों, चाकराला बसविलें.
૩૮૪ મે લાડુ ખાધો, ન્યાતિવાલાઓને ખવાડયા, લાડવા ખવાયા	मीं लाडू खाल्ला, जातीवाल्यांस जेऊं घातलें, लाडू खाल्ले गेले.
૩૮૫ મેં કામ કર્યું, બીજા પાસે કરાવ્યું, ને કામ કરાયું	मीं काम केलें, दुसऱ्याकडून करविलें व काम केलें गेलें.
૩૮૬ કાપડ ટકે છે, મારો ભાઇ કપડાં બે વરસ ટકાવે છે	कापड टिकतें, माझा भाऊ कपडे दोन वर्षे टिकवितो.
૩૮૭ તેણે ઘર વેચ્યું, તેનું ઘર વેચાયું	त्यानें घर विकलें, त्याचें घर विकलें गेलें.
૩૮૮ મેં કાગળ લખ્યો ને વાંચ્યો લખાવ્યો ને વંચાવ્યો કાગળ લખાયો ને વંચાયો	मीं कागद लिहिला व वाचला लिहविला व वाचविला, कागद लिहिला गेला व वांचला गेला.

३८९	ઘર પડયું, મજુરોએ પાડયું ને ધણીએ પડાવ્યું	घर पडलें, मजुरांनीं पाडलें व धन्यानें पाडविलें.
३९०	છોકરાની માએ કહ્યું કે આ લખાણ જેની હોય તેને આપી આવ	मुलाच्या आईनें सांगितलें कीं, हा लेखपीः ज्याची असेल त्याला देऊन ये.
३९१	રાજાએ જાણ્યું, જાસુસે જણાવ્યું સંદેશો જણાયો	राजानें जाणिलें, (राजाला समजलें.) जासुदानें जाणविलें, (कळविलें). निरोप जाणला गेला, (कळला).
३९२	જોતજોતામાં ગાડી બે ગાઉ ગઇ	पाहतां पाहतां गाडी दोन मैल गेली.
३९३	એક ઝાડ નીચે બે માણુસ અને બે બાયડીયો બેઠી હતી	एका झाडाखालीं दोन मनुष्यें व त्यांच्या दोन बायका बसल्या होत्या.
३९४	તેમની પાસે તેમનાં નાનાં છેકરાં રમતાં હતાં	त्यांच्याजवळ त्यांचीं लहान मुलें खेळत होतीं.
३९५	મારી બૈહેને એક ચોપડી રચી છે, માટે તે ગ્રંથકાર કહેવાય છે	माझ्या बहिणीनें एक पुस्तक रचिलें आहे, म्हणून ती ग्रंथकारक म्हणविली जाते.
३९६	મોટા કદવાળો પુરૂપ મેં જોયો પણ મોટા કદવાળી બાયડી મેં નથી જોઇ	मोठ्या बांध्याचा पुरुष मी पाहिला; पण मोठ्या बांध्याची स्त्री मी नाहीं पाहिली.
३९७	તમારે કેટલા રૂપિઆ જોઇએ છે, પચીસ	तुम्हाला किती रुपये पाहिजेत, पंचवीस.
३९८	સવારે થોડા ન મળત તો હાલ વધારે માગવા પડત	सकाळीं थोडे मिळाले नसते तर आतां जास्त मागावे लागते.
३९९	કોઇનું ભુંડું ન કરવું	कोणाचें वाईट करूं नये.
४००	જે ખરૂં હોય તે કહેવું નહી યા ચુપ રહેવું; પણ જુઠું બોલવું નહી	जें खरें असेल तें सांगावें किंवा चूप रहावें; पण खोटें बोलूं नये.
४०१	વિચાર કરવાની ટેવ ઘણી ખપની છે માટે સૌએ તેવી ટેવ પાડવી	विचार करण्याची संवय फार उपयोगी आहे; म्हणून सर्वांनीं तशी संवय पाडावी.
४०२	તે તમને મળવાથી ખુશી થતો હોય એમ દેખાયો	तो तुम्हाला भेटल्यानें खुषी होत होता असा दिसला.
४०३	તમારા ભાઇને કાંઇ ફરજંદ છે કે	तुमच्या भावाला कांहीं संतती आहे काय.
४०४	આ છોકરાને વીસને બદલે ઓગણીસ આંગળાં છે.	या पोराला विसाचे ऐवजीं एकुणीस बोटें आहेत.
४०५	મારા ઘરમાં એક રસોડું, એક સુવાનો ઓરડો અને બીજી ત્રણ નાની ઓરડીઓ છે	माझ्या घरांत एक स्वयंपाकघर एक निजायाची खोली व दुसऱ्या तीन लहान खोल्या आहेत.

૪૦૬	તેને એક સાવકો ભાઈ તથા સાવકી બેન હતી	त्याला एक सावत्र भाऊ आणि सावत्र बहीण होती.
૪૦૭	જરૂરના કામ સર માટે આવતી કાલે મુંબઈ જવું છે.	जरूरीच्या कामाकरितां मला उद्या मुंबईस जाणें आहे.
૪૦૮	હું જ્યારે નિશાળે ભણતો હતો ત્યારે મોટી સવારે ઉઠીને મારે બધા પાઠ શિખવા પડતા	मी जेव्हां शाळेंत शिकत होतों तेव्हां मोठ्या सकाळीं उठून मला सर्व धडे शिकावे लागत.
૪૦૯	પીપ ગબડાવવું સહેલું પડે છે પણ પેટી ખસેડવી કઠણ	पीप लोटणें सोपें पडतें; पण पेटी ओढणें कठीण.
૪૧૦	ઈશ્વરને ખરા મનથી ચહાવો એ આપણી પહેલી ફરજ છે	ईश्वरास खऱ्या मनानें चहावें हें आपलें पहिलें कर्तव्य होय.
૪૧૧	કોઈનું નુકસાન કરવું ને પછી માફ માગવી એ સારૂં નથી	कोणाचें नुकसान करावें व नंतर माफी मागावी हें चांगलें नव्हे.
૪૧૨	ઘણા દહાડા ઉપર બાપાએ મને કહ્યું હતું કે	पुष्कळ दिवसापूर्वीं बापानें मला सांगितलें होतें कीं,
૪૧૩	આ પૈસા તમને જડયો તે કોઈનો પડી ગયો હશે	हा पैसा तुह्माला सांपडला तो कोणाचा पडून गेला असेल.
૪૧૪	ગજવામાં કાણું હશે તેમાંથી પૈસો નિકળી પડયો	खिशाला भोंक असेल त्यांतून पैसा गळून पडला.
૪૧૫	તેની મા દળણું દળીને સૌનું પુરૂં કરતી	त्याची आई दळणें दळून सर्वांचें चालवीत असे.
૪૧૬	તે બીધો કે હવે શેઠ વઢશે ને કાઢી મુકશે.	तो भ्याला कीं, आतां शेटजी रागें भरतील व काढून टाकतील.
૪૧૭	લુહાર લોઢું તપાવીને હથોડાથી ટીપી ટીપીને ઘડે છે	लोहार लोखंड तापवून घणानें ठोक ठोकून घडतो.
૪૧૮	બાપ પોતાના છોકરાની દશા જોઇને પોકેપોક મુકીને રડયો	बाप, आपल्या मुलाची दशा पाहून, ओक्साबोक्शी रडला.
૪૧૯	પોતાની ચોતરફ દુસ્મન જોઇને સિપાઈઓ તાબે થયા	आपल्या सभोंवती शत्रूनां पाहून शिपाई शरण गेले (स्वाधीन झाले).
૪૨૦	પોપટને મેહનત લઈ ભણાવીએ તો આપણા જેવું થોડું બોલતાં શિખે	पोपटाला मेहनत घेऊन शिकविलें तर आपणासारखें थोडें बोलण्यास शिकतो.
૪૨૧	તમે નાના બાળક હતા ત્યારે તમને હિડતાં કે બોલતાં ન હોતું આવડતું	तुह्मी लहान बाळ होतां तेव्हां तुह्मांस हिंडतां किंवा बोलतां येत नव्हतें.

૪૨૨	તેની સંકટની બુમ સાંભળતાં હું તેની વહારે ધાયો	त्याची दुःखाची आरोळी ऐकतां मी त्याचे मदतीस गेलों.
૪૨૩	મારા દેખતાં દેખતાં તેણે પોતાનું રેણું વાળવાની ના કહી	माझ्या देखतां त्यानें आपलें कर्ज फेडण्याचें नाकारिलें.
૪૨૪	અમે મેળો જોવા ગયા નથી	आह्मी मेळा पाहण्यास गेलेलों नाहीं. (वर्तमान भूतकाळ.)
૪૨૫	અમે મેળો જોવા ગયા નહીં	आह्मी मेळा पाहण्यास गेलों न हीं. (भूत. अकरणरूप.
૪૨૬	મે મારૂં ઘર વેચી નાખ્યું એની હું ના કહેતો નથી	मीं माझें घर विकून टाकलें तें मी नाकबूल करीत नाहीं.
૪૨૭	આગગાડીમાં મને વાચવા સારૂ ચોપડી વગર ચાલતું નથી	आगगाडींत मला वाचावयास पुस्तकाशिवाय चालत नाहीं.
૪૨૮	તેનાથી બને તેટલું તે કરે છે ને કરશે	त्याच्यानें होईल तितकें तो करतो व करील.
૪૨૯	જ્યારે તમે મુસાફરી કરતા હો ત્યારે બને તેમ થોડા પૈસા ખરચજો	जेव्हां तुम्ही प्रवास करीत असाल तेव्हां होईल तितके कमी पैसे खर्च करा.
૪૩૦	પેલા બહાદુર લડવૈયાએ તેનાથી બન્યાં તેટલાં દુસ્મનનાં માણસો માર્યાં	त्या बहादर योद्ध्यानें त्याच्यानें मारवलीं तितकीं शत्रूचीं माणसें मारिलीं.
૪૩૧	રાજા જેમ બને તેમ બહારવટિયા ઓછા કરવાને સિપાઈ રાખે છે	राजा, होईल त्या रीतीनें, वाटपाड्यांची संख्या कमी करण्याकरितां शिपाई ठेवतो.
૪૩૨	મેં મારી ચામડાની પેટીમાં જેટલાં બન્યાં તેટલાં લુગડાં ભર્યાં	मीं माझ्या कातडी पेटींत भरवले तितके कपडे भरले.
૪૩૩	એક હડસેલો મારી બારણું નીચે પાડ્યું તેવાંજ બધાં છોકરાં તેની ભણી દોડ્યા	एक हिसका मारून दरवाजा खालीं पडला नाहीं तोच सर्व मुलें तिकडे धांवलीं.
૪૩૪	વીંછીનું ઝેર ઉતારવાનો સૌથી સારો ઉપાય એ છે કે જેવો તે ડંખે કે તરત તે ઠેકાણેથી ઝેર ચૂશી ચુશીને થુંકી નાખવું.	विंचवाचें विष उतरण्याचा सर्वांत चांगला उपाय हा कीं, तो डसल्याबरोबर त्या ठिकाणचें विष चोखून चोखून थुंकून टाकणें.
૪૩૫	અમે જમવા બેસતા હતા	आम्ही जेवावयास बसत होतों.
૪૩૬	કુતરો સસલાની પછવાડે વેગળે જઈ બેઠો તેવોજ પલાએ પાછું	कुतरा सशाच्या पाठीमागें थोड्या अंतरावर जाऊन बसतो तोंच सशानें मागें वळून

	ફરીને જોયું	पाहिलें.
૪૩૭	જેવી આગ જોઈ. તેવોજ તે બંબવાળાને ખબર કરવા દોડયો પણ કંઇ વળ્યું નહીં.	आग दृष्टीस पडतांच तो बंबवाल्यास वर्दी देण्यास धांवला; पण निष्फळ.
૪૩૮	એક તોલા સોનાની કિંમત એક તોલા રૂપા કરતાં પંદરગણી થાય છે	एक तोळा सोन्याची किंमत एक तोळा चांदी पेक्षां पंधरापट अधीक असते.
૪૩૯	આ મારી રજાઇ એકવડી છે, તમારી બેવડી છે, તેની ચોવડી છે પણ ત્રેવડી કોઇની નથી	ही माझी रजई एकेरी आहे. तुमची दुहेरी व त्याची चोहरी पण तिहेरी कोणाची नाहीं.
૪૪૦	તેની વરસ દહાડાની આમદાની મારી મહિનાની કરતાં ઓછી છે	त्याचें (सबंध) वर्षाचें उत्पन्न माझ्या (एका) महिन्यापेक्षां कमी आहे.
૪૪૧	ગયે વરસે અનાજની અછત હતી તેની અર્ધી પણ આ વરસે નથી	गेले वर्षी धान्याचा दुष्काळ होता त्याच्या अर्धा पण या वर्षी नाहीं.
૪૪૨	તેનો પગાર મારા કરતાં સવાગણો છે	त्याचा पगार माझ्या पेक्षां सवापट आहे.
૪૪૩	આજનો પાઠ ચોથે દહાડે હતો તેના કરતાં બમણો લાંબો અને ત્રણ ગણો મુશ્કેલ છે	आजचा पाठ, चार दिवसा पूर्वी होता त्यापेक्षा दुप्पट लांब आणि तिप्पट कठीण आहे.
૪૪૪	નિશાળ સામે એક પતંગ ઉડાવ્યો હતો તે માણસ જેવડો ઉંચો હતો	शाळेच्या समोर एक पतंग उडविला होता तो मनुष्या एवढा उंच होता.
૪૪૫	ઘોડાને ઘાસ ખાધાવીના ચાલતું નથી	घोड्याला गवत खाल्याशिवाय चालत नाहीं.
૪૪૬	આ છોકરો જો સારીરીતે શીખવાય તો પસાર થવા વગર રહેશે નહીં	मुलाला जर चांगल्या रीतीनें शिकाविलें तर पास झाल्यावांचून राहणार नाहीं.
૪૪૭	માણસ સિવાય બીજાં પ્રાણીથી બોલતું નથી	मनुष्याशिवाय इतर प्राण्यास बोलतां येत नाहीं.
૪૪૮	તમારો વાંક કબુલ કરો પણ જુઠું બોલશો નહિ	तुमचा अपराध कबूल करा; पण खोटें बोलूं नका.
૪૪૯	મેં તેને નદી કિનારે જોયો ત્યારે તેણે લુગડાં કાઢેલાં હતાં અને ન્હાવા પડતો હતો	मीं त्याला नदीकांठीं पाहिलें तेव्हां त्यानें कपडे काढले होते; व स्नानास उतरत होता.
૪૫૦	એ બાપડી બે વરસની હતી ત્યારથી એના પગ રહી ગયા હતા	ही बिचारी २ वर्षांची होती, तेव्हांपासून तिचे पाय निरूपयोगी झाले होते.

૪૫૧	તમે નિશાળે દાખલ થયા ત્યારે મને અંગ્રેજી ભણતાં ત્રણ મહિના થયાં હતા	तुम्ही शाळेंत दाखल झालांत तेव्हां मला इंग्रजी शिकण्यास (लागून) तीन महिने झाले होते.
૪૫૨	મેં તમને અગાઉ કદી જોયા ન હોતા	मीं तुम्हाला पूर्वीं कधीं पाहिलें नव्हतें.
૪૫૩	તમે મારે ત્યાં આવ્યા હતા ત્યારે મેં મારૂં કામ પુરૂં કર્યું હતું	तुम्ही माझ्या घरीं आला होता तेव्हां मी माझें काम पुरें केलें होतें.
૪૫૪	હું ઝાઝો વખત સુરતમાં રહ્યો ન હોતો	मी फार दिवस सुरतेंत राहिलों नव्हतों.
૪૫૫	તમારે કેટલા રૂપિઆ જોઇએ છે	तुम्हाला किती रुपये पाहिजेत.
૪૫૬	નાક લાંબુ ને સીધું પણ જરા બેઠેલું હતું	नाक लांब आणि सरळ पण जरा बसकें होतें.
૪૫૭	ગરદન ટુંકી, છાતી પહોળી ને હાથ ટુંકા હતા	मान लहान, छाती रुंद, आणि हात आखूड होते.
૪૫૮	એ બધું ખરૂં પણ મૂળ વાત તો એ છે કે મારાથી બહાર નિકળાય તેમ નથી	हें सर्व खरें, पण मूळ गोष्ट तर ही कीं, मला बाहेर निघणें शक्य नाहीं.
૪૫૯	પેલા લોકોએ મારાપર પકડાવવા વારંટ કઢાવ્યું છે	त्या लोकांनीं मला पकडण्याकरितां वारंट काढविलें आहे.
૪૬૦	તમે કાલે બપોરે મને ઘેર મળજો, ભૂલશો નહી	तुम्ही उद्यां दुपारीं मला घरीं भेटा विसरूं नका.
૪૬૧	રાત ઘણી ગઇ છે, અત્યારે સુઇ જઇએ, સવારે વાત કરીશું	रात्र फार निघून गेली, आतां निजूं. सकाळीं गोष्टी करूं.
૪૬૨	દેશી રાજ્યોના કારભારીઓ કયાં કુકર્મો કરતાં ડરે છે કે તે આવા નજીવા કામ માટે કંપારી ખાય	देशी राज्याचे कारभारी दुष्कर्में करण्यास (इतके) कुठें भितात कीं, ते असल्या निर्जीव कामीं कच खातील.
૪૬૩	ભલે આવ્યા, તમનેજ યાદ કરતો હતો	बरें आलांत, तुमचेंच स्मरण करीत होतों.
૪૬૪	સ્ત્રીને મોઢે ચઢાવવાથી સારાં પરિણામ આવે નહી	स्त्रीला डोक्यावर चढविल्यानें चांगला परिणाम होणें नाहीं.
૪૬૫	જેવાં બી વાવીએ તેવાં ફળની આશા રખીએ	जसें बीं पेरावें तशा फळाची आशा धरावी.
૪૬૬	વારૂં જવાદો, હવે તમે શું કરતા હતા	बरें जाऊं द्या, आतां तुम्ही काय करीत होतां.

૪૬૭	હવે તો મારાથી ભૂલ ન કઢાય, ભાઇ હું તને કયાંથી પહોચી શકું?	आतां तर माझ्यानें चूक काढवत नाहीं, बाबा, मी तुझी कशी बरोबरी करूं शकूं.
૪૬૮	જીવને જોખમે દીવાલ કુદી માશુકને મળવા ગયો હતો	जिवाची पर्वा न करितां भिंतीवरून उडी मारून प्रिय पात्रास भेटण्यास गेला होता.
૪૬૯	ચારે તરફ સુનમય જણાય છે	चहूंकडे शून्याकार भासत आहे.
૪૭૦	અધુરામાં પુરૂં વળી અંધારી રાત!	तशांत आणखी काळोखी रात्र !
૪૭૧	ભલા માણસ, મને જણાઓ તો ખરા કયાં લઇ જાઓ છો?	भल्या माणसा, मला सांग तर खरें, मला कोठें नेतां तें?
૪૭૨	મને કોણે આમ પકડી મંગાવી છે?	मला कोणीं या रीतीनें पकडून आणविलें?
૪૭૩	રામા ગાડી હાંક ઉતાવળી કોઇ પાછળ આવી લાગશે તો માર્યા જઇશું	रामा गाडी हाक लवकर, कोणी मागें येऊन पोहचेल तर मारले जाऊं.
૪૭૪	મરણ તો છેજ ત્યારે બીહીવું શાને?	मरण तर आहेच मग भ्यावें कशाला?
૪૭૫	કુમુદા બીચારી ન છુટકે પાછળ ઉતરી	कुमुदा बिचारी नाइलाजास्तव मागें उतरली.
૪૭૬	જેનો ઉપાય નહી તે મુંગે મોઢે ખમવુંજ પડે	ज्याला उपाय नाहीं ते गुपचीप सोसावेंच लागतें.
૪૭૭	ઘણે વરસે આજજ આ ઓરડો વાપરવા સારૂ ઉઘાડવામાં આવ્યો	पुष्कळ वर्षांनीं आजच ही खोली वापरण्याकरितां उघडण्यांत आली.
૪૭૮	બોલતામાં તે બેભાન થઇ ખાટલામાં પડી ગઇ	बोलतां बोलतां ती बेशुद्ध होऊन खाटल्यावर पडली.
૪૭૯	જયાં મારા મનનું વલણ નથી, ત્યાં હાથ શી રીતે સોંપાય!	जिकडे माझ्या मनाचा कल नाहीं तिकडे (माझा) हात कशातऱ्हेनें सोंपवूं?
૪૮૦	ઉપદેશ તો કર્યા કરવો પછી જે બને તે ખરૂં	उपदेश तर करीत जावा मग जें होईल तें खरें.
૪૮૧	પછી અમારૂં દુઃખ કોની પાસે રડીએ?	तर मग आमचें दुःख कोणाजवळ रडावें?
૪૮૨	પોતાનો વાંક ખુલો દેખાયો	स्वतःचा अपराध स्पष्ट दिसूं लागला.
૪૮૩	માણસને ઉપરા ઉપરી દુઃખ દેવાથી તે જીવપર આવી જાય છે અને મરણીઓ શત્રુ સૌને ભારે થઇ પડે છે	मनुष्यास वारंवार दुःख दिल्यानें तो जीवावर उदार होतो; आणि मरणास सिद्ध झालेला शत्रु शंभरास भारी होतो.
૪૮૪	ઓહો, એમાં તે શું ભારે કામ છે?	ओहो, यांत तें काय मोठें काम आहे?

૪૮૫ સાચાં મોતીપણ એકદમ ધ્હે પાડતાં તુટી જાય	खरें मोती, पण एकदम भोंक पाडल्यास फुटून जातें.
૪૮૬ ચાલ, આ જોડના ઓરડામાં સંતાઇ જાઉં ત્યાથી બધું સંભળાશે	चला, या शेजारच्या खोलीत लपून बसूं, तेथून सर्व ऐकूं येईल.
૪૮૭ હવે મળવા જશો એટલે બધુએ જણાશે	आतां भेटण्यास गेलांत ह्मणजे सर्व कांहीं कळेल.
૪૮૮ ઘોડો દોડયો, ઘોડાને દોડાવ્યો	घोडा पळाला, घोड्याला पळाविले.
૪૮૯ ત્યારે તૂંજ કહે, શો બીજો પ્રપંચ લઢાવવો ?	तर (आतां) तूंच सांग, दुसरी काय युक्ती लढवावी ?
૪૯૦ ગમે તે થાય પણ પકડયું તે પકડયું	वाटेल तें होवो, पण धरलें तें धरलें.
૪૯૧ હવે એ તો સાપે છછુંદર ગળ્યા જેવું છે	आतां हें तर सापानें उंदीर गिळल्यासारखें झालें.
૪૯૨ આ તો તમે વાતમાં ભંગાણ નાખ્યું	हा तर तुम्ही गोष्टींत खंड पाडलांत.
૪૯૩ તારે આ વાત ખરેખરી છાની રાખવી	त्वां ही गोष्ट खरोखर गुप्त ठेवावी.
૪૯૪ મોરનાં ઇંડાં ચીતરવાં નહિ પડે	मोराच्या अंड्यावर चित्रें काढावी लागत नाहींत.
૪૯૫ તમારૂં લુણ ખાધું છે તે હલાલ કરીશું	तुमचें मीठ खालें आहे त्याचें सार्थक करूं.
૪૯૬ જે હમ્મેશ મનુષ્યપર દયા કરવા તૈયાર છે, ભક્તવત્સલ છે જે નોધારનો આધાર છે, જે સર્વ ગુણથી વ્યાપ્ત છે, તે ઇશ્વરની ભાવ યુક્ત આર્જવ ભરી પ્રાર્થના કર અને જો તને કેવો સરસ બદલો ઇશ્વર આપે છે.	जो नेहमीं मनुष्यावर दया करण्यास तयार, जो भक्तवत्सल, जो निराधारांचा आधार व जो सर्व गुणांनीं युक्त त्या ईश्वराची भावयुक्त व नम्रपणें प्रार्थना कर आणि मग पहा, त्या (भक्ती) चा मोबदला ईश्वर किती सरस देईल.

सार्थ उतारे.

ઝાંઝવાનાં જળ.

૧ અમીના એકદમ કંપી ઉઠી અને એવી સ્થિતીમાંજ કંપિત કંઠે બોલી ઉઠી;
૨ વહાલા, તમારા મનમાં અત્યારે શા વિચારો ઘોળાય છે વારૂ ?
૩ હું તમારી અર્ધાંગના છું; પવિત્ર પ્રેમથી તમારી સાથે જોડાઇ છું.
૪ તમે મારૂં બળ છો, હું તમારા મુખતરફ જોઇને સર્વ કાંઇ જાણી શકું છું
૫ બોલો, નાથ, બોલો, શું આફત ટળે તેવી નથી ? તમે બોલતાં કેમ ડરો છો ? ખરી વાત કહોની.
૬ તમને સંકટની વેળા સહાય કરવી તે મારો ધર્મ છે. ગભરાઓ નહીં
૭ જુવો, સામે પાણીથી ભરેલું સરોવર દેખાય છે.
૮ કેવી તેના તીર ઉપર વૃક્ષોની ઘટા શોભી રહી છે. !
૯ આમ અધીરા કેમ બની ગયા છો ?
૧૦ ધીર ધરીને પગ ઉપાડો.
૧૧ હમણા આપણે તે સરોવરના તીર ઉપર જઇ પહોંચીશું.
૧૨ આપણને દૂરથી આમંત્રણ કરતું હોય તેમ તે વારંવાર દેખાવ દીધા કરે છે."
૧૩ આમ બોલમાં બોલતાં અમીનાએ આયાસના મુખ સામું જોયા કર્યું.
૧૪ તે સઘળી વખત આયાસની આંખોમાં નિરાશા શિવાય કાંઇજ જોવામાં આવતું ન હતું.
૧૫ તે જોવાથી અમીનાની નિરાશામાં વધારો થઇ પડયો.
૧૬ તેણે તુરત આતુરતાથી કહ્યું, "આટલું ચાલ્યા છતાં પણ હજુ તે નવાણ તેટલૂંજ દૂર જણાય છે.
૧૭ આપણે જાણે એક પણ ડગલું ચાલ્યાં ન હોઇએ એમ જણાય છે.
૧૮ વહાલા, આ તે શું ઇશ્વરી માયા છે ?
૧૯ જોતાં જોતાં તે જલાશય, વૃક્ષોની ઘટાથી મનોહર જણાતો તેનો કિનારો તથા તીર ઉપર આવી રહેલું ગંધર્વનગર, એ સઘળું એકાએક કોણ જાણે કયાં અંતર્ધાન થઇ ગયું !
૨૦ અને સૂર્ય પોતાનાં તીક્ષ્ણ કિરણોમાંથી આગ વરસાવતો પ્રકાશવા લાગ્યો.
૨૧ બે ઘડીનું નાટક બે ઘડીમાંજ સમાપ્ત થયું.
૨૨ હાય, હાય, આજ તે માયા, મરીચિકા, મૃગતૃષ્ણા, ઝાંઝવાનાં પાણી ! ! !

मृगजळ.

१ अमीनाचा थरकांप झाला व त्याच स्थितींत सकंप स्वरानें म्हणते.
२ प्रिया, तुमच्या मनांत हल्लीं कोणते विचार घोळताहेत ?
३ मी तुमची अर्धांगना होय, पवित्र प्रेमानें तुमच्याशीं बद्ध झालें आहे.
४ तुम्ही माझें बळ, तुमच्या तोंडाकडे पाहून मला सर्व कांहीं समजतें.
५ बोला, प्रिया, बोला, संकट टळेलसें नाहीं काय ? तुम्ही बोलण्यास कां भितां ? खरी गोष्ट सांगाना.
६ तुम्हास संकटांत साह्य करणें हा माझा धर्म होय. घाबरूं नका.
७ पहा, समोर जलपूर्ण सरोवर दिसत आहे.
८ त्याचे तीरावर वृक्षराजी कशी शोभत आहे !
९ असें अधीर कां झालात ?
१० धीर धरून पाय उचला.
११ इतक्यांत आपण त्या सरोवरतीरीं पोहचूं.
१२ आपणाला लांबून तें आमंत्रण करतेसें दिसतें.
१३ असें बोलतां बोलतां अमीना आयासच्या मुखाकडे पहात होती.
१४ तितका वेळ, आयासच्या नेत्रांत निराशेशिवाय कांहीं दिसत नव्हतें.
१५ तें पाहून अमीनाची निराशा वाढली.
१६ ती लागलीच आतुरतेनें म्हणते, आपण इतकें चाललों असूनही अद्याप तें जलाशय तितकेंच लांब भासतें.
१७ जणूं काय आपण एक पाऊल पण चाललोंच नाहीं, असें दिसतें.
१८ प्रिया, ही काय दैवी माया आहे !
१९ पाहतां पाहतां तें जलाशय, वृक्षराजीनें मनोहर दिसणारा त्याचा किनारा व तीरावर बसलेलें गंधर्वनगर, हीं सर्व, कोण जाणे, कोठें एकदम अंतर्धान पावलीं.
२० आणि सूर्य आपल्या तीक्ष्ण किरणांतून आगीचा पर्जन्य पाडीत फिरूं लागला.
२१ दोन घटकेचें नाटक दोन घटकेंतच समाप्त झालें.
२२ हाय, हाय ! ! हीच ती माया ! ! मरीचिका, मृगतृष्णा, मृगजळ.

અકબર.

૧ અકબર ઉદાર મનનો હતો, એટલુંજ નહી પણ કરેલા ઉપકારને જાણનાર હતો.

૨ તેણે બેહરામખાનની માગણી સ્વીકારીને તેને પોતાની હજુરમાં આવવાની પરવાનગી આપી.

૩ એટલે બેહરામ અકબરની હજૂરમાં આવવાને નિકળ્યો અને તંબૂમાં દાખલ થઇ તેનાં પગમાં પડયો.

૪ પોતાની તથા અકબરની પહેલી પ્રીતીને સંભારી બેહરામ હુંસકા ભરીભરીને રડવા લાગ્યો.

૫ અકબરનું પણ હૃદય ભરાઇ આવ્યું.

૬ તેણે તેને ઉઠાડીને પોતાની જમણી બાજુપર બેસાડયો, અને ઉમદા પોશાક આપીને પોતાના રાજ્યમાં મોટા હોદ્દાપર રહેવા માટે પ્રાર્થના કરી.

૭ બેવફા તરફ કેટલી બધી દયા ?

૮ તેની આગળના બાદશાહો યુદ્ધમાં જેનાપર જીત મેળવતા હતા તેના કબીલાને ગુલામ કરીને, તેઓની પાસે ન કરાવવાનાં કામો કરાવતા હતા.

૯ તે દુષ્ટ રીવાજનો અકબરે અંત કર્યો

૧૦ એવો ઠરાવ કર્યો કે જે લોકો અપરાધ કરે તેને શિક્ષા કરવી એ તો ન્યાય, પણ તેઓના બૈરી છોકરાંઓ કે જેવો નિરપરાધી હોય છે તેઓને સજા કરવી એ ગેરવ્યાજબી કામ છે.

૧૧ તેઓને કેદ કરીને ગુલામ બનાવવાનો રીવાજ બંધ પાડી, છુટાં મૂકી દેવાનો રીવાજ શરૂ કર્યો.

૧૨ મુસલમાન બાદશાહોએ દરેક તીર્થસ્થાનોમાં જતાં જત્રાળુઓનાપર કર નાંખ્યો હતો.

૧૩ એ કર તે તે સ્થાનોના હાકેમો મરજી મુજબ લેતા હતા.

૧૪ અકબરે એ બાબતમાં વિચાર કર્યા પછી યાત્રાનાં સ્થળોમાં જનારા જત્રાળુઓને આપવો પડતો દરેક જાતનો કર કાઢી નાંખ્યો.

૧૫ આવા ન્યાયી કામને માટે અકબરની રાજ્યનીતીમાં ચોતરફ વખાણ થવા લાગ્યા.

अकबर.

१ अकबर उदार मनाचा होता, इतकेंच नव्हे पण केलेले उपकार जाणणारा होता.

२ त्यानें बेहरामखानाची मागणी पत्करून त्याला आपले समोर येण्याची परवानगी दिली.

३ बेहराम अकबराच्या हुजुरीं जाण्यास निघाला व तंबूंत जाऊन त्याच्या पायां पडला.

४ आपलें व अकबराचे पहिलें प्रेम आठवून बेहराम आक्साबोसी रडूं लागला.

५ अकबराचें हृदय भरून आलें.

६ त्यानें त्याला उठवून आपल्या उजव्या बाजूस बसविलें व उमदा पोषाक देऊन आपल्या राज्यांत मोठ्या हुद्यावर राहण्याची प्रार्थना केली.

७ कृतघ्न मनुष्यावर केवढी ही दया ?

८ त्याच्या पूर्वीचे बादशहा युद्धामध्यें ज्यांच्यावर जय मिळवीत त्यांच्या कुटुंबियांस गुलाम करून त्यांच्याकडून न करविण्यासारखीं कामें करून घेत असत.

९ त्या दुष्ट रिवाजाचा अकबरानें अंत केला.

१० असा ठराव केला कीं जे लोक अपराध करितात त्यांना शिक्षा करणें हा नर न्याय; पण त्यांचीं बायकामुलें जीं निरपराधी असतात त्यांना शिक्षा करणें गैरवाजवी काम होय.

११ त्यांना कैद करून गुलाम बनविण्याचा रिवाज बंद पाडून, मोकळें सोडून देण्याचा रिवाज सुरु केला.

१२ मुसलमान बदशहांनीं प्रत्येक तीर्थीं जाणाऱ्या यात्रेकरूंवर कर ठेविला होता.

१३ हा कर तेथतेथील अधिकारी मर्जीप्रमाणें घेत असत.

१४ अकबरानें या बाबतींत विचार केल्यानंतर, यात्रेच्या ठिकाणीं जाणाऱ्या यात्रेकरूंस द्यावा लागणारा प्रत्येक जातीचा कर, काढून टाकिला.

१५ अशा न्यायी कामामुळें अकबराच्या राज्यनीतीची चोहींकडे वाखाणणी होऊं लागली.

–નિર્દયતા.

૧ પાષણહૃદયની માતાએ ખોળામાંથી કન્યાને દૂર કરી, એટલા પાષાણુ હૃદયનો પિતા પોતાની કન્યાને ત્યાગ કરવા માટે દૂર લઇ ગયો.

૨ અને પાષાણહૃદયની રણભૂમી પણ અચળ હૃદયથી તે કરૂણારસથી ભરપૂર ચિત્ર જોવા લાગી.

૩ માતા કન્યાથી વિખૂટી પડતાંજ પાછી મૂર્છા ખાઇને જમીનપર ઢળી પડી

૪ તે વખતે આયાસ પણ જો કે ઉન્મત્ત થઇ ગયો હતો, તેને બાહ્ય જગતનું કે કાર્યાકાર્યનું ભાન રહ્યું ન હતું, તો પણ તેણે પોતાનો વિચાર ફેરવ્યો નહી.

૫ તે મન સ્થીર કરીને વિચારવા લાગ્યો કે હું જ્યારે આટલે દૂર આવ્યો ત્યારે હવે તો સંપૂર્ણ રીતે કાર્ય કરવુંજ જોઇએ.

૬ મારવાને જ્યારે નિકળ્યો ત્યારે હવે દયા શાની ?

૭ ઓ ભાગ્યહીન દીકરી, પેટ ભરીને નિદ્રા કર. ઘોર નિદ્રા દેવીના ખોળામાં પોઢ.

૮ આ પૃથ્વીનો પ્રકાશ ફરીથી તારા જોવામાં આવે નહી એવી રીતે તું નિદ્રાવશ થઇજા.

૯ દીકરી, આ કઠણ ધરતીની પણ તને ખબર પડે નહી તેમ તું નિદ્રા કરજે.

૧૦ ઓ માયાના સંતાન પેટ ભરીને નિદ્રા કર. જાગ્રતાવસ્થાજ દુઃખનું કારણ છે.

૧૧ આ ક્રૂર પ્રાણ હજીપણ વધારે ક્રૂર થાવ

૧૨ જા, બેટા નિદ્રાવસ્થામાંજ આ ક્રૂર પિતાના હાથથી છૂટી થા. આ મમતા રહિત મૃત્યુલોક તારા માટે યોગ્ય સ્થાનક નથી.

૧૩ અર્ધ ઘેલા જેવા બની ગયેલા આયાસ આમ બોલતો બોલતો કન્યાને લઇને એક વૃક્ષની પાસે ગયો.

૧૪ તે ઝાડના ઠુંઠાના ઉપર થોડાંક પાંદડા પાથરી તેના ઉપર કન્યાને સુવડાવીને તેના શરીરને પાછું પાંદડાથી ઢાકયું અને એવી રીતે તેનો કાયમનો ત્યાગ કર્યો,

નૂરજહાન.

૧ કોઇવાર તેના શરીર ઉપર સોનેરી ઝાંક પ્રકાશી રહી રહેતી તો કોઇવાર ચંદ્રમાન જેવી શ્વેત કાંતીનો પ્રવાહ ચારે બાજુએ પ્રસરી રહેતો હતો.

૨ તેના માથાપર કાળા રંગનો ઘાટો કેશ કલાપ કોઈવાર વિખરાઇ જઇ તેના મુખની આસપાસ ફરી વળતો ત્યારે કાળા રંગના વાદળામાં છુપાયલા ચંદ્રને જેવું તેનું ગૌર મોઢું લાગતું હતું.

निर्दयता.

१ पाषाणहृदयी मातेनें मांडीवरून कन्येला दूर केलें; व पाषाणहृदयी बाप आपल्या कन्येचा त्याग करण्याकरितां तिला दूर घेऊन गेला.

२ व पाषाणहृदयी रणभूमीही अचल हृदयानें तें करुणारसानें युक्त चित्र पाहूं लागली.

३ माता, कन्येपासून भिन्न होतांच, पुन्हां मूर्च्छित होऊन जमीनीवर उलथून पडली.

४ त्या वेळीं आयास जरी उन्मत्त झाला होता, त्याला बाह्यजगतांचें किंवा कार्याकार्यतेचें भान राहिलें नव्हतें, तरीपण त्यानें आपला विचार फिरविला नाहीं.

५ तो स्थीर मनानें विचार करूं लागला कीं, मीं इतकी मजल मारली, आतां पुर्णपणें काम केलेंच पाहिजे.

६ मारण्यास तयार झालों, तर आतां दया कशाची!

७ हे भाग्यहीन मुली, पोटभर निद्रा कर. घोर निद्रादेवीच्या मांडीवर नीज.

८ या पृथ्वीचा प्रकाश पुन्हां तुझ्या दृष्टीस पडणार नाहीं, अशा रीतीनें निद्रावश हो.

९ मुली, या कठीण पृथ्वीचेंही पुन्हा तुला भान होणार नाहीं, अशी नीज.

१० हे मायोद्भवे! पोटभर निद्रा कर. जागृतावस्थाच दुःखाचें कारण आहे.

११ हे क्रूर प्राणा! अझून जास्त क्रूर हो.

१२ जा बेटा, निद्रावस्थेंतच या क्रूर बापाच्या हातून मोकळी हो. हा ममतारहित मृत्युलोक तुला योग्यस्थान नव्हे.

१३ अर्धवेड्यासारखा झालेला आयास, याप्रमाणें बोलत बोलत मुलीला घेऊन एका वृक्षाजवळ गेला.

१४ त्यानें झाडाचे खोडावर थोडीं पानें पसरून त्यावर मुलीला निजविलें, व तिचें शरीर पुन्हां पर्णांनीं झाकून टाकिलें; आणि याप्रमाणें कायमचा तिचा त्याग केला.

नूरजहान.

१ कधीं कधीं तिच्या शरीरावर सोनेरी झांक मारीत असे तर कधीं चंद्राप्रमाणें श्वेतकांतीचा प्रवाह चहूंकडे पसरत असे.

२ तिच्या डोक्यावरील काळा केशकलाप कधीं कधीं विस्कालित होऊन तिच्या तोंडावर आसपास रुळत असे, तेव्हां काळ्या ढगांत झांकलेल्या चंद्राप्रमाणें, तिचें गोरें तोंड, भासत असे.

૩ કોઈવાર ગુંથેલો ચોટલો તેની પીઠપર નાગણની પેઠે ડોલ્યા કરતો હતો.
૪ બન્ને ભ્રકુટીયો કામના ધનુષ્ય જેવી વક્રાકાર હતી.
૫ પોપટની ચાંચ જેવા અણીદાર નાકમાં પેહેરેલી બુલાક યૌવનની અસ્થરતા દેખાડતી વારેવારે ડોલ્યા કરતી હતી.
૬ ડોક હંસના જેવી ઉપડતી અને પાતળી હતી.
૭ દાંતો મોતીની પંકતી જેવા ઉજ્વળ અને અણીદાર હતાં.
૮ હોઠ પ્રવાળ જેવા ઘેરા રંગના હતા.
૯ ઝંઘાઓ કદલી સમાન હતી.
૧૦ બન્ને ચરણો મેંદી લગાવ્યા વિના પણ જાણે મેંદીથી રંગ્યા હોય તેવા લાલચોળ હતા.
૧૧ યૌવનના સર્વ લક્ષણો પ્રકટી નિકળેલા હતા તોપણ હજી અસ્ફુટ હતાં.
૧૨ તેના ચાલવામાં તથા વાતચીત કરવામાં કાંઇક અલૌકિક સૌંદર્ય હતું.
૧૩ ખરેખર ચિત્રપટમાં આળખેલી સ્વર્ગીય બાળા જેવી મનોહર જણાતી હતી.
૧૪ તે હરકોઇ પણ પોશાક પહેરતી તે પોશાકમાં બહુજ સુંદર દેખાતી હતી.
૧૫ ટાપટીપથી કરવામાં આવતાં રૂપને આ ભૂષણની જરૂર હોય છે, પરંતુ કુદરતી રૂપ તો આ ભૂષણનું પણ આ ભૂષણ થઇ પડે છે.

શાહજાદા સલીમ.

૧ અકબર બાદશાહને ત્રણ શાહજાદાઓ હતા, તે ત્રણે દારૂડીઆ હતા.
૨ તેમાં સલીમ બધા કરતાં ચઢીયાતો હતો.
૩ મદિરાની પાછળ વ્યભિચારનું તો પછી પૂછવુંજ શું ?
૪ મદિરા પીનારાઓમાં કોઇપણ જાતનો વિવેક રહેતોજ નથી.
૫ તેઓ ન કરવાનું કાર્ય કરી બેસે છે.
૬ એટલુંજ નહી પણ કોઇવાર જીવના જોખમમાં પણ આવી પડે છે.
૭ શાહજાદો સલીમ ભર જુવાનીમાં હતો.
૮ રાતદહાડો ઉંચી જાતના સરાબો પીવામાં, વેશ્યાના નાચરંગો અને તમાસાઓ જોવામાં તથા કુલટા સ્ત્રિઓની સાથે વિલાસો કરવામાંજ કાળ ગાળતો હતો.
૯ તેનું વિલાસભુવન નરકસ્થાન કરતાં કોઇ પણ રીતે ઉતરતું ન હતું.
૧૦ ઘણી ઘણી રૂપવતી સ્ત્રિઓના શિયળનો ભંગ આજ વિલાસભવનમાં થતો હતો.
૧૧ નવી નવી જાતના મદિરાઓના તીક્ષ્ણ ગંધથી તે વિલાસભવન રાતદહાડો ઉભરાઇ જતું હતું.

३ कधीं कधीं तिची (घातलेली) वेणी तिच्या पाठीवर नागिणीप्रमाणें डोलत असे.
४ दोन्ही भुकुटी कामधनुष्याप्रमाणें वक्र होत्या.
५ पोपटाच्या चोचीप्रमाणें अणीदार नाकांतालें नथ, तारुण्याची अस्थीरता दाखवीत दाखवीत वारंवार डोलत होती.
६ मान हंसाप्रमाणें उन्नत व बारीक होती.
७ दांत मोत्याच्या पंक्तीप्रमाणें उज्ज्वळ आणि अणीदार होते.
८ ओंठ प्रवाळाप्रमाणें गहिन्या रंगाचे होते.
९ मांड्या कर्दळीप्रमाणें होत्या.
१० दोन्ही पाय मेंदी लाविली नसूनही, जणूं मेंदी लावून रंगविल्याप्रमाणें लाल-भडक होते.
११ तारुण्याचीं सर्व लक्षणें प्रकट झालीं होतीं, तरीपण अजून अस्पष्ट होतीं.
१२ तिच्या चालण्यांत व बोलण्यांत कांहीं अलौकीक सौंदर्य होतें.
१३ खरोखर चित्रपटांत काढलेल्या अप्सरेप्रमाणें मनोहर दिसत होती.
१४ ती जो जो पोषाक घालीत असे त्या त्या पोषाकांत ती फारच सुंदर दिसत असे.
१५ टापटिपेनें आणलेल्या रूपास भूषणांची जरूरी असते; परंतु नैसार्गिक रूप भूषणांचेंही भूषण होऊन बसतें.

राजपुत्र सलीम.

१ अकबर बादशहाला तीन पुत्र होते, ते तिन्हीही दारूबाज होते.
२ त्यांत सलीम सर्वांपेक्षां वरचढ होता.
३ मदिरेच्या मागोमाग व्यभिचाराचें तर काय पुसावें !
४ मदिरा पिणाऱ्यांचे आंगीं कोणत्याही प्रकारचा विवेक रहात नाहीं.
५ जें करूं नये तें कार्य करून बसतात.
६ इतकेंच नव्हे; पण कधीं कधीं प्राण संकटांतही पडतात.
७ राजपुत्र सलीम भर तारुण्यांत होता.
८ रात्रंदिन उच्च जातीची दारू पिण्यांत, वेश्याचे नाचरंग आणि तमाशे पाहण्यांत; व कुलटा स्त्रियांशीं विलास करण्यांत तो काळ घालवीत असे.
९ त्याचें विलासभुवन नरकापेक्षां कांहीं कमी दरजाचें नव्हतें.
१० पुष्कळशा स्त्रियांच्या पातिव्रत्याचा भंग याच विलासभुवनांत होत होता.
११ नव्यानव्या जातीच्या दारूच्या उग्र वासानें तें विलासभुवन रात्रंदिन उतूं जात असे.

૧૨ નીતિ, વિવેક, ધર્મ અથવા તો બીજા ગુણોને હમેશાંને માટે તે સ્થાનમાંથી દેશવટો આપવામાં આવ્યો હતો.

૧૩ જેમ સમશાનની આસપાસ કાગડાઓ, ગીધ પક્ષીઓ અને બીજા માંસને ઠોલી ખાણારા પાપી પક્ષીઓ ભયંકર મોઢાં વકાશીને બેસી રહે છે તેમ શાહજાદા સલીમને આડે રસ્તે ઉતારનારા નીચ પાસબાનો પણ રાતદહાડો તેની આસપાસ વીંટાઇને બેસતા હતા,

૧૪ અને રોજ રોજ નવી નવી સ્ત્રિઓની શોધમાંજ ફર્યાં કરતા હતા.

૧૫ કેટલીકોને ફસાવીને તેઓના શિક્ષણનો ભંગ કરવામાં આવતો હતો.

પ્રતાપરાણો.

૧ મુસલમાન બાદશાહોની સાથે કન્યા વ્યવહાર કરનારા રજપૂતોને અકબર તરફથી મોટી મોટી જાગીરો, મોટાં મોટાં માનો અને બીજી અનેક જાતની સગવડો મળતી હતી.

૨ ત્યારે પ્રતાપરાણો માત્ર સ્વધર્મની ખાતરજ પહાડોની ખીણોમાં રાતદહાડો રખડી રઝળીને અનેક કષ્ટો વેઠતો હતો.

૩ તેનાજ સંબંધીઓ અને નાતીલાઓ પ્રતાપથી જુદા પડીને, જેઓએ રજપૂતોની ઝળકતી કીર્તીનોજ નહી પરંતુ હિંદુધર્મનો પણ નાશ કરવાનું કામ આરંભ્યું હતું, એવા ઘણા રજપૂતોની જોડે સહેનશાહને શરણે ગયા હતા.

૪ પ્રતાપના શક્તિ સિંહ વિગેરે કેટલાક ભાયાતો પણ અકબરને આશ્રયે જઇને રહ્યા હતા.

૫ સગરજીનો પુત્ર કુલાંગાર મોહબતખાન જે પ્રતાપનો ભત્રીજો થતો હતો તેણે મુસલમાન ધર્મ અખતિયાર કર્યો હતો.

૬ આ રીતે ગૃહવિછેદ થવાથી પ્રતાપની સ્થિતી એકલવાઇ થઇ પડી હતી.

૭ તો પણ તે પોતે કદી પણ તેને માટે મનમાં ઓછું આણતો નહી.

૮ પરંતુ છેવટ સુધી પોતાના ક્ષત્રિધર્મને વળગી રહ્યા હતો.

૯ અકબર બાદશાહ પ્રતાપરાણાને ઉપરા ઉપરી અનેક કહેણુ મોકલાવ્યા કરતો હતો.

૧૦ ઘણી લાલચો બતાવતો હતો.

૧૧ પણ પ્રતાપે માથામાં વાગે તેવી ચોખી રીતે ના પાડી હતી.

૧૨ પ્રતાપે કેટલાએક વર્ષોસુધી જંગલોમાં અને પહાડોની ખીણોમાં રખડી રઝળીને હિંદુ કુળના ગૌરવનું રક્ષણ કર્યું હતુ.

૧૩ અને આખરે સત્કર્મનાં ફળો ભોગવવાનો સમય પણ આવી લાગ્યો.

१२ नीति, विवेक, धर्म अथवा बाकीच्या गुणांना त्या स्थानांतून नेहमींचाच बहिष्कार घालण्यांत आला होता.
१३ ज्याप्रमाणें श्मशानाचे आसपास कावळे, गिधाडें व इतर मांस खाणारे पापी पक्षी भयंकर तोंडें वांसून बसून राहतात, त्याप्रमाणें राजपुत्र सलीमास वांकड्या रस्त्याला लावणारें नीच मंडळ रात्रंदिन त्याला वेष्टून बसत असे.
१४ व रोज रोज नव्या नव्या स्त्रियांच्या शोधांतच फिरत असे.
१५ कित्येकींना फसवून त्यांच्या पातिव्रत्याचा भंग करण्यांत येत असे.

राणा प्रताप.

१ मुसलमान बादशाहांशीं कन्याव्यवहार करणाऱ्या रजपुतांनां अकबराकडून मोठमोठ्या जहागिरी, मोठमोठे मान, व इतर अनेक जातींच्या सवलती मिळत असत.
२ अशा वेळीं प्रतापराणा मात्र स्वधर्मासाठींच पर्वतांच्या खिंडींतून रात्रंदिवस धडपडत अनेक कष्टं काढीत होता.
३ त्यांचेच संबंधी आणि नातलग त्याच्यापासून विभक्त होऊन, ज्यांनीं रजपुतांच्या उज्ज्वल कीर्तिचाच नव्हे परंतु हिंदुधर्माचाही नाश आरंभिला होता, अशा पुष्कळ रजपुतांसह बादशहाच्या शरणीं गेले होते.
४ प्रतापाचे शक्ती सिंह वगैरे भाऊबंदही अकबराच्या आश्रयास जाऊन राहिले होते.
५ सगरजीचा पुत्र कुलांगार मोहबतखान. जो प्रतापाचा पुतण्या लागत होता, त्यानें मुसलमानी धर्म स्वीकारला होता.
६ या रीतीनें गृहविच्छेद झाल्यानें प्रतापाची स्थिती एकाकी होऊन गेली.
७ तरीपण त्यानें कधींही त्याबद्दल मनाला खेद वाटूं दिला नाहीं.
८ परंतु शेवटपर्यंत आपल्या क्षात्रधर्माला चिकटून राहिला होता.
९ अकबर बादशहा प्रतापराण्याला वरचेवर अनेक निरोप पाठवीत असे.
१० पुष्कळ लालूच दाखवीत असे.
११ पण प्रतापानें काळजास झोंबेल अशाच रीतीनें स्पष्ट " नाहीं " सांगितलें.
१२ प्रतापानें कित्येक वर्षेंपर्यंत जंगलांत आणि पर्वतांच्या खिंडींत भटकून हिंदु कुळाच्या गौरवाचें रक्षण केलें होतें.
१३ आणि शेवटीं सत्कर्मांचीं फळें भोगण्याचा समयही येऊन पोंहचला.

પાપનો ઘડો.

૧ ફૈજી અત્યારસુધી છુપાઇને બધું સાંભળ્યા કરતો હતો.
૨ તે પોતાના અને પોતાના ભાઈના ખુનની વાત આવી એટલે એકદમ રાતો પીળો થઇ ગયો.
૩ અને તુરત છલાંગ મારીને ઓરડાની અંદર દાખલ થઇ બારો પાડીને બોલી ઉઠયો.
૪ "ઓ, નાપાક રજીયા, તથા બેહયા સલીમ, તમારા બધાં કાવતરાં મેં સાંભળ્યા છે.
૫ તમે તમારા પ્રપંચમાં ફાવ્યા પહેલાંજ જન્મનની ખાડને અધીન થઇ જાવ."
૬ આમ બોલતાંજ તેણે તુરત કમરપર લટકતા મીયાનમાંથી સડસડાટ તરવાર ખેચી કાઢી અને સલીમની ગળચી દાબીને છુટા કેશ સાથે તેના ખોળામાં પડેલી રજીયાની છાતીપર ઘુંટણુ ટેકીને, દાંત કચકચાવીને બોલ્યો.
૭ "ઓ હીજડા, તારા બાપના નેકનામને કલંકિત કર્યું છે.
૮ ઓ કુતરા, તારા જેવા નીચ શાહાજાદાને લીધે મોગલની શહેનશાહતને પણ સદાયને માટે બટ્ટા બેઠા છે.
૯ જો મારી નાખું, તો આટલીજ વાર લાગે.
૧૦ પણ અકબરની શરમ આડી આવે છે. શું કરૂં !
૧૧ તારા કર્મોથીજ તું મુવેલો છે.
૧૨ અને મરેલાને મારવાને મારો હાથ ઉપડતો નથી."
૧૩ આ વખતે સલીમ નીચું માથું કરીને એક બાજુ ઉભો રહ્યો અને બીજી બાજુ રજીયા શરની મારી જમીન તરફ જોતી ઉભી રહી.
૧૪ ફૈજીએ ગુસ્સામાં આવી જઇને સલીમને કહ્યું.
૧૫ "લુચ્ચા, દૂર થા મારી નજર આગળથી, તારૂં પાપી મોઢું મને બતાવ નહીં,"
૧૬ એમ કહીને સલીમને જોરથી ધક્કો માર્યો.
૧૭ રજીયાને એક અંધારા ઓરડાના સ્વાધીન કરવામાં આવી.

હલદી ઘાટનું યુદ્ધ.

૧ બન્ને સેનાઓનો સામસામો ભેટો થયો.
૨ તીર, ભાલા, બરછી અને બંદુકોનો મારો ચાલવા લાગ્યો.
૩ રજપૂતો અને મોગલો જીવપર આવી જઈને યુદ્ધ કરવા લાગ્યા.
૪ યોદ્ધાઓના પગરવથી ધુળના ગોટાઓ આકાશમાં ઉડવા લાગ્યા.
૫ ધુળની ડમરીથી આકાશ ઘેરાઇ ગયું.

पापाचा घडा.

१ फैजी अद्यापपर्यंत लपून सर्व ऐकत होता.

२ तो आपल्या व आपल्या भावाच्या खुनाची गोष्ट ऐकतांच एकदम लाल झाला.

३ व लागलीच उडी मारून बंगल्यांत दाखल झाला, व मोठ्यानें ओरडून म्हणाला.

४ "हे भ्रष्ट रजिये। हे निर्लज्ज सलीमा! तुमचे सर्व बेत मीं ऐकिले.

५ तुम्ही तुमच्या कपट-खेळांत यशस्वी होण्यापूर्वींच नरककुंडांत जाऊन पडा.

६ इतकें बोलून त्यानें लागलीच कमरेस लटकणाऱ्या म्यानांतून, सटकन तरवार बाहेर काढली व सलीमचा गळा दाबून; आणि मोकळ्या केसांनीं त्याच्या मांडीवर असलेल्या रजीयाचे छातीवर गुडघा टेंकून, दांत खाऊन बोलूं लागला.

७ हे षंढा! तूं तुझ्या बापाच्या कीर्तीस कलंक लावलास.

८ हे कुत्र्या। तुझ्यासारख्या नीच राजपुत्रामुळें, मोगल बादशाहीला पण निरंतरचा कलंक लागला.

९ तुला ठार करण्यास कांहीं अवकाश नको.

१० पण अकबरासंबंधीं भीड आड येते, काय करूं?

११ तुझ्या कर्मांनींच तूं मेला आहेस.

१२ मेलेल्यास मारण्यास माझा हात उचलत नाहीं."

१३ या वेळीं सलीम खालीं तोंड करून एका बाजूस उभा राहिला व दुसरीकडे रजिया शरमिंदी होऊन खालीं पहात उभी राहिली.

१४ फैजी क्रोधानें सलीमास म्हणाला.

१५ "दूर हो, माझ्या नजरेपुढून, तुझें काळें तोंड मला दाखवूं नकोस."

१६ असें म्हणून सलीमास जोरानें धक्का मारिला.

१७ रजियेला एका अंधार कोठडीच्या मध्यें कोंडून ठेविले.

हळदी घाटाचें युद्ध.

१ दोन्ही सैन्याची समोरासमोर भेट झाली.

२ तीर, भाला, बरची व बंदुका यांचा मारा चालू झाला.

३ रजपूत व मोगल जीवावर येऊन युद्ध करूं लागले.

४ योद्ध्यांच्या संचारामुळें धुळीचे लोट आकाशांत उडूं लागले.

५ धुळीनें आकाश व्याप्त झालें.

૬ શૂર વીરોની તરવારે પરસ્પર અથડાતાં તેમાથી ઉપજતા અગ્નીના તણખાઓ મેઘઘટાની વચ્ચે ચમકતી વિજળીની પેઠે પ્રકાશવા લાગ્યા.

૭ રણભૂમીપર લોહીની નીકો વહેવા લાગી.

૮ વીરોની હાકોથી પૃથ્વી અને ગગન મંડળ ગાજી ઉઠયાં.

૯ રાણો પ્રતાપ પોતાના સોળ પટાવતોની સાથે રુદ્રની પેઠે રણમાં ઘુમતો ઘુમતો મોગલોની સેનામાં દાખલ થયો.

૧૦ બન્ને બાજુના શૂરવીર પોતપોતાના અધીપતીનું રક્ષણ કરવાને આતુર જણાતા હતા.

૧૧ મહારાણો પ્રતાપ આજે રણભૂમીપર વીરવ્રતનું ઉદ્યાપન કરવાને બહાર પડયો હતો.

૧૨ મેવાડની નિસ્તેજ અને નિરાધાર ક્ષાત્ર લક્ષ્મીના ઉદ્ધારાર્થે બહાર પડયો હતો.

૧૩ એટલુંજ નહીં પરંતુ હિંદુધર્મના ગૌરવનું રક્ષણ કરવાને માટે બહાર પડયો હતો.

૧૪ આજે મેવાડભુમી યવનોએ છીનવી લીધેલી પોતાની સ્વતંત્રતા પાછી મેળવવાને વાસ્તે પોતાના વીસ હજાર પુત્રોને ઉત્સાહ આપતી યવનોના રૂધીરથી પોતાના હૃદયને શાંત કરતી હતી.

૧૫ હજારો વીર પુરૂષો મેવાડના ઉદયને માટે આજે આત્મવિસર્જન કરવાને મેદાન પડયા હતા.

૧૬ આજે ક્ષાત્ર વ્રતનો મહોત્સવ મેવાડની ભુમીમાં ઉજવાઇ જતો હતો.

મેહેરનો પત્ર.

૧ નાથ, તમે તો ઘણુંએ ચાહ્યું, પરંતુ આ અપરાધી સ્ત્રીના ભાગ્યમાં રાજરાણીનું સુખ નિર્માણ થયલું નથી. તેમાં તમે શું કરો ?

૨ મને આ જગતમાં સુખની આશા નહોતી.

૩ હું દુ:ખમાંજ જન્મી છું.

૪ જન્મતી વખતે વહાલી માતાના પ્રાણ લીધા છે.

૫ તમે હમેશાની દુખણીને સુખી કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ આ હીણભાગીનીના ભાગ્યમાં તે સુખ નથી.

૬ તમે તેમાં નિષ્ફળ થયા છો, પરંતુ તેમાં તમારો દોષ નથી, પણ મારા દુર્ભાગ્યનો છે.

૭ હુંજ રાંડ અપરાધિની છું

६ शूरवीरांच्या तरवारी एकमेकांवर आपटून त्यांतून निघणारे अग्निकण, मेघसमूहांत चमकणाऱ्या विजेप्रमाणें प्रकाशूं लागले.

७ रणभूमीवर रक्ताचे पाट वाहूं लागले.

८ वीरांच्या आरोळ्यांनीं पृथ्वी व आकाश दुमदुमून गेलीं.

९ प्रतापराणा आपल्या १६ मांडलिकांसह रुद्राप्रमाणें रणांत घुमूं लागला; व मोगलांच्या सेनेंत दाखल झाला.

१० दोन्ही बाजूचे शूरवीर आपापल्या अधिपतींचें रक्षण करण्यास आतूर झाले.

११ महाराणा प्रताप आज रणभूमीवर वीरव्रताचें उद्यापन करण्यासाठीं बाहेर पडला होता.

१२ मेवाडच्या निस्तेज; आणि निराधार क्षात्रलक्ष्मीच्या उद्धाराकरितां बाहेर पडला होता.

१३ इतकेंच नव्हे; पण हिंदुधर्माच्या गौरवाचें रक्षण करण्याकरितां बाहेर पडला होता.

१४ आज मेवाडभूमि, यवनांनीं हरण केलेली आपली स्वतंत्रता परत मिळविण्याकरितां आपल्या वीस हजार पुत्रांना उत्साह देत देत, यवनांच्या रक्तानें आपलें हृदय शांत करीत होती.

१५ हजारों वीरपुरुष मेवाडच्या उदयासाठीं आज आत्मविसर्जन करण्यास्तव मैदानांत उतरले होते.

१६ आज क्षात्रव्रताच्या महोत्सवाला मेवाडच्या भूमींत ऊत आला होता.

मेहेरचें पत्र.

१ नाथ, तुमची तर इच्छा पुष्कळ होती, परंतु या पापी स्त्रीच्या भाग्यांत राजपत्नीचें सुख लिहिलेलें नाहीं त्यास तुम्ही काय कराल !

२ मला या जगतांत सुखाची आशा नव्हती.

३ मी दुःखांतच जन्मलें.

४ जन्मतेवेळीं प्रिय मातेचा प्राण घेतला.

५ तुम्हीं सदैव दुःखी (स्त्री) ला सुखी करण्याचा प्रयत्न केला पण या हतभागिनीच्या भाग्यांत तें सुख नाहीं.

६ त्यांत तुम्ही निष्फळ निवडलांत परंतु त्यांत तुमचा दोष नाहीं. पण माझ्या दुर्भाग्याचा आहे.

७ मीच रांड अपराधी.

૮ મે મારા મનોરાજ્યમાં જે જે ઠોકરો ખાધી છે તેને માટે મારા ભાગ્ય સિવાય બીજાને ઠપકો આપવાનો નથી.
૯ હું તમને હૃદયમાં ધારણ કરીને અપવિત્ર અને અશાંત મનને શાંત કરતી ભવિષ્યનાં સુખની પ્રતીક્ષા કરતી જીવન ગાળતી.
૧૦ તમે મને આ દોષને માટે ધીક્કારો ને હજારો શ્રાપ આપો.
૧૧ તેથી મને શાંતી મળશે, મારાં પાપ દૂર થશે.
૧૨ તમારો આગ્રહ, તમારો પ્રેમ, તમારી આસકતી એ સર્વનો વિચાર કરતાં મારૂં હૃદય તૂટી પડે છે.
૧૩ આંખે અંધારાં આવે છે.
૧૪ સંસાર અસાર જણાય છે.
૧૫ આ અભાગણી જન્મથીજ દુખિઆરી છે.
૧૬ તમે તો તેને હૈયાના હાર કરવાને ધાર્યું હતું, પરંતુ આ પાપિણી તમારા પવિત્ર કંઠ પ્રદેશને અલંકૃત કરવાને અયોગ્ય થઇ પડી છે.
૧૭ જો મને સંભારવાથી સુખ થતું હોય તો યાદ કરજો.
૧૮ ફૈજી અને અબુલફજલ તમારો યુવરાજનો હક્ક છીનવી લઇને તમારા વડા પુત્ર ખુશરૂને ભવિષ્યનો શાહેનશાહ બનાવવાને ખટપટ ચલાવે છે.
૧૯ તેઓએ તમને હલકા પાડવામાં બાકી રાખી નથી.
૨૦ તમારા પ્રાણ બચાવવાને હું તમને ભલામણ કરૂં છું.

પૃથુરાજનો પત્ર.

૧ રાણો પ્રતાપ જો અકબરને નમશે તો પછી રજપૂતપણું ડુબ્યુંજ સમજવું.
૨ રજપૂતને માથે આપત્તી આવે એતો સ્વાભાવીક છે.
૩ રજપૂત રાજાઓએ પોતાની બહાદુરીનો નાશ કર્યો છે અને રજપુતાણીઓએ પોતાની પવિત્રતાનો નાશ કરેલો છે.
૪ રજપૂતોની બહાદુરી અને પવિત્રતા બાપા રાવળના વંશજ એક પ્રતાપેજ ટકવી રાખી છે.
૫ તે પ્રતાપ પણ આખરે અકબરને શરણે થશે તો પછી રજપૂતની કુળ મર્યાદાનો છેડો આવશે.
૬ અકબર રજપુતોને હલકા ગણશે, અને યવનોને તેમનાં પાપનું પ્રાયશ્ચિત આપનાર બીજો કોઇ પણ દુનિયામાં રહેશે નહીં.
૭ હાલમાં રજપુતો એક બજારમાં વેંચાતી વસ્તુ જેવા થઇ પડેલા છે.

८ मीं माझ्या मनोराज्यांत ज्या ज्या ठोकरा खाल्या त्याबद्दल माझ्या भाग्याशिवाय दुसऱ्याला ठपका देणें नाहीं.

९ मी तुम्हाला हृदयांत धारण करून अपवित्र आणि अशांत मनालां शांत करीत भविष्यत् सुखाची प्रतीक्षा करीत, आयुष्य काढीत होतें.

१० तुम्हीं मला या दोषांबद्दल धिक्कारा, हजारों शाप द्या.

११ त्यायोगें मला शांती मिळेल, माझी पापें दूर होतील.

१२ तुमचा आग्रह, तुमचें प्रेम, तुमची आसक्ती यां सर्वांचा विचार करितां माझें हृदय तुटून पडतें.

१३ डोळ्यास अंधारी येते.

१४ संसार असार भासतो.

१५ ही अभागिनी जन्मतःच दुःखी आहे.

१६ तुम्ही तर तिला गळ्यांतला ताईत करण्याचें मनांत आणिलें; पण ही पापी स्त्री तुमच्या पवित्र कंठप्रदेशात अलंकृत करण्यास अयोग्य निघाली.

१७ माझ्या स्मरणानें सुख होत असेल तर स्मरण ठेवा.

१८ फैजी व अबुल फजल हे तुमचे यौवराज्य हरण करून तुमचा वडील पुत्र खुशरू यास पुढील बादशाह बनविण्याची खटपट चालवीत आहेत.

१९ त्यांनीं तुम्हास हलकें पाडण्यांत कांहीं बाकी ठेविली नाहीं.

२० तुम्ही आपला प्राण वांचवा अशी मी शिफारस करित्यें.

पृथुराजाचें पत्र.

१ राणा प्रताप जर अकबरापुढें नम्र होईल तर मग रजपूतपणा बुडालाच समजावा.

२ रजपूतांचे माथीं आपत्ती यावी हें तर स्वाभाविक आहे.

३ रजपूतराजांनीं आपल्या बहादुरीचा नाश केला व त्यांच्या स्त्रियांनीं आपल्या पवित्रतेचा नाश केला.

४ रजपूतांची बहादुरी व पवित्रपणा हा बापारावळ वंशांतील एकट्या प्रतापानेंच मात्र टिकविलीं आहेत.

५ तो प्रताप जर शेवटीं अकबराला शरण जाईल तर मग रजपूतांच्या कुळमर्यादेचा अंत होईल.

६ अकबर रजपूतांना हलकें लेखील व यवनांना त्यांच्या पापाचें प्रायश्चित्त देणारा दुसरा कोणी पण दुनियेंत राहणार नाहीं.

७ हल्लीं रजपूत (म्हणजे) एक बाजारांत विकली जाणाऱ्या वस्तूप्रमाणें होऊन पडले आहेत.

૮ અકબરરૂપી દલાલે તે સઘળા રજપુતોને ધનથી ખરીદી લીધા છે.
૯ રજપુતો સ્વતંત્રતા ઉપર પાણી ફેરવી બેઠા છે.
૧૦ માત્ર એક પ્રતાપજ બાકી બચેલો છે.
૧૧ તે પણ પોતાનું સ્વાતંત્ર વેહેચીને યવનોનું દાસ્યત્વ સ્વીકારશે તે પછી સ્વતંત્રતા-દેવીને વિધવા થવાનો સમય આવશે.
૧૨ શૂર રજપૂતો પોતાની દેવાંગના સમાન પવિત્ર રજપુતાણીઓની લાજ લુટાતી નજરે જુએ છે, તે શું પ્રતાપરાણો પણ જોવા તૈયાર થયો છે?
૧૩ સઘળા દહાડા સરખા જતા નથી.
૧૪ ચઢતી પડતીનું ચક્ર સર્વને અનુભવવું પડે છે.
૧૫ આજે અકબરની ચઢતી છે તો કાલે સવારે તેની પાયમાલી પણ થશે.
૧૬ અને ધર્મભ્રષ્ટ રજપૂતો પ્રતાપના વિજયી વાવટા નીચે હાજર થશે ને પોતે પોતાના દેશનો જે દ્રોહ કર્યો છે તેને માટે પ્રતાપની પાસે પ્રાયશ્ચિત્ત લેશે.

શેરનો શીકાર.

૧ જાહાંગીરે કહ્યું કે તમારામાં એવો કોઇ બહાદુર પુરૂષ છે કે જે આ શેરની સામ આવી તેનું પુછડું પકડીને તેને જાગૃત કરે અને પછી તેનો નાશ કરે.
૨ ત્યારે શેહેર અફગાને સલામ કરીને કહ્યું, જો આપની આજ્ઞા હોય તો આ સેવક હથિયાર વગર પણ સિંહને સાથે યુદ્ધ કરવાને તૈયાર છે.
૩ એમ કહી તે સિંહની નજીક ગયો. અને પુછડું પકડીને તેને જમીનપર ઘસડયો.
૪ તેથી સિંહ ક્રોધમાં આવી ગયો અને ભયંકર ત્રાડ મારીને તુરત ઉભો થયો.
૫ તેની ભયાનક મૂર્તી જોઇને જાહાંગીર તથા બીજા ઉમરાવો ભયભીત થઇ ગયા. અને કેટલાકના તો લેંગાઓ ઢીલાઢપ થઇ ગયા.
૬ સિંહ જેમ જેમ શેહેરની તરફ દોડવા લાગ્યો તેમ તેમ શેહેર પાછળ પાછળ હઠીને એક ઝાડ પાસે આવીને તેની શાખાપર ચઢી ગયો.
૭ સિંહ ક્રોધમાં આવી જઇને મોઠી ગર્જના કરી પોતાનું પુછડું જોરથી જમીન ઉપર પટક્યું.
૮ એટલામાં શેહેર નીચે ઉતરી પડયા ને જોરથી તેનું પુછડું પકડીને તેને ઘસડવા માંડયો.
૯ સિંહે ગુલાંટ ખાઇ તેના ઉપર હુમલો કર્યો અને તેને જમીનપર પટકી પાડયો.
૧૦ તે વખતનો ભયંકર દેખાવ જોઇને સઘળા પ્રેક્ષક વર્ગે શેહેરની આશા છોડી દીધી.

८ अकबररूपी दलालानें त्या सर्व रजपुतांना धनानें खरीद घेतलें आहे.

९ रजपूत लोक स्वतंत्रतेवर पाणी फिरवून बसले आहेत.

१० मात्र एक प्रताप बचावला आहे.

११ तो जर आपलें स्वातंत्र्य विकून यवनांचें दास्यत्व स्वीकारील तर मग स्वतंत्रता-देवीला विधवा होण्याचा प्रसंग येईल.

१२ शूर रजपूत आपल्या देवांगनेसमान पवित्र स्त्रियांची लाज लुटली जातांना डोळ्यानें पाहतात, तेंच पाहण्यास राणा प्रताप तयार झाला काय?

१३ सर्व दिवस सारखे जात नाहींत.

१४ चढती पडतीचें चक्र सर्वांना अनुभवावें लागतें.

१५ आज अकबराची चढती आहे, तर उद्यां सकाळीं त्याची पायमल्ली पण होईल.

१६ आणि धर्मभ्रष्ट रजपूत प्रतापाच्या विजयी झेंड्याखालीं हाजर होतील, व आपण आपल्या देशाचा जो द्रोह केला; त्याबद्दल प्रतापाजवळून प्रायश्चित्त घेतील.

सिंहाची शिकार.

१ जहांगीर म्हणाला कीं, तुमच्यामध्यें असा कोणी बहादर पुरुष आहे काय कीं, जो या सिंहाच्या समोर जाऊन त्याचें शेंपूट पकडून त्याला जागृत करील; व मग त्याचा नाश करील?

२ तेव्हां शेहेर अफगान सलाम करून म्हणतो, जर आपली आज्ञा होईल तर हा सेवक हत्याराखेरीजही सिंहाशीं युद्ध करण्यास तयार आहे.

३ असें बोलून तो सिंहाच्या जवळ गेला; व शेपूट धरून [त्यानें] त्याला जमिनीवर फरफर ओढिलें.

४ त्यायोगें सिंह क्रोधाविष्ट झाला व भयंकर आरोळी मारून उभा राहिला.

५ त्याची भयानक मूर्ती पाहून जहांगीर व इतर उमराव लोक भयभीत होऊन गेले; आणि कित्येकांचीं तर नेसणींही ढिलीं झालीं.

६ सिंह जसजसा शेहेरकडे धावूं लागला, तसतसा शेहेर मागें मागें सरकत एका झाडाजवळ येऊन त्याच्या फांदीवर चढला.

७ सिंहानें क्रोधाविष्ट होऊन मोठी गर्जना केली; व आपलें शेंपूट जोरानें जमिनीवर आपटलें.

८ इतक्यांत शेहेर खालीं उतरला; व जोरानें त्याचें शेंपूट धरून त्याला फरपटत ओढूं लागला.

९ सिंहानें उलट खाऊन त्याच्यावर हल्ला केला; आणि त्याला जमिनीवर आपटला.

१० त्या वेळचा भयंकर देखावा पाहून, सगळ्या प्रेक्षकवर्गांनी शेहेरची आशा सोडली.

૧૧ પણ ભાગ્યનો ખેલ વિચિત્ર હોય છે.
૧૨ શેહેરે સિંહના મ્હોમાંથી લટકતી જીભને પકડીને જોરથી ખેંચવા માડી કે તુરત સિંહ બરાડા પાડતો ઉભો થઇ ગયો.
૧૩ તેનાથી છૂટો થઇને શેહેરે તેના કપાળમાં એક મોઠી લાકડીને એવો જબરો ફટકો માર્યો કે તે મારની સાથેજ સિંહના રામ રમી ગયા.

ખૂન.

૧ ભોળો શેહેર અફગાન કુતુબુદીનની પાપી ધારણાથી તદ્દન અજાણ્યો હતો.
૨ તે તો તેની સાથે વાતો કરવામાંજ ગુંતાયલો હતો.
૩ થોડાજ વખતમાં એકદમ એક સીપાઇ ઉઘાડી તરવાર સાથે તેના શરીર ઉપર તુટી પડયો.
૪ તેવોજ શેહેર તેઓની કપટબાજીથી જાણીતો થઇ ગયો.
૫ અને કેડપર લટકતી તરવાર ખેંચીને એવા તો જોરથી તે સીપાઇને મારી કે તેના બે કકડા થઈ ગયા.
૬ કપટ નાટકના નાયક કુતુબખાનને જમીનપર પટકી તેની છાતીપર ચઢીને તિરસ્કાર સાથે શેહેર બોલ્યો.
૭ ઓ નીચ કુતરા, આ સઘળી ખટપટ તારી છે.
૮ નીચ! તારા મનના પાપી વિચાર પૂર્ણ થયા અગાઉજ તને પરલોકમાં મોકલી દઉં છું.
૯ પછી મારા ભાગ્યમાં જે હશે તે થશે.
૧૦ આમ બોલતાં બોલતાં તેની છાતીમાં તરવાર ઘોંચી દીધી કે કુતુબ મરણ પામ્યો.
૧૧ તે ભયંકર વખતે શેહેર એકલોજ હતો.
૧૨ શત્રુઓની સંખ્યા મોઠી હતી.
૧૩ પરંતુ જેમ જેમ લોકો તેનું ખૂન કરવાને આવતા ગયા તેમ તેમ તેના ક્રોધમાં વધારો થતો ગયો.
૧૪ ને પોતાપર ધસી આવતા લોકોને ઘાસની પેઠે કાપવા લાગ્યો.
૧૫ પરંતુ છેવટે તે લોકો દુરથી બાણોનો મારો ચલાવવા લાગ્યા.
૧૬ તેથી તેનું આખું શરીર વિંધાઇ ગયું અને તે અશક્ત થઇ પડયો.
૧૭ બન્ને આંખો વીચીને ખુદાતાલાની બંદગી કરવા લાગ્યો.
૧૮ ઓ કુલ દુનિઆના માલક, મારા સૌ અપરાધની મને ક્ષમા આપજે.
૧૯ આમ બોલતાં બોલતાં મુખપર ખુદાઇ તેજ પ્રકાશીત થયું અને થોડાજ વખતમાં તેનો પવિત્ર આત્મા ખુદાતાલાની દરગાહમાં દાખલ થયો.

११ पण भाग्याचा खेळ विचित्र आहे.
१२ शेहेरनें सिंहाच्या तोंडांतून लोंबणारी जीभ पकडून जोरानें खेंचण्यास आरंभ केला कीं, लागलीच सिंह आरोळी ठोकीत उठून उभा झाला.
१३ त्याच्यापासून छुटून, शेहेरनें त्याच्या कपाळावर एका मोठ्या दांडक्यानें असा जबर टोला मारला कीं, त्यासरसाच सिंहानें राम म्हटला.

खून.

१ भोळा शेरअफगान कुतुबुद्दीनच्या पापी धारणेबद्दल अगदीं अजाण होता.
२ तो तर त्याच्याशीं गोष्टी करण्यांतच गुंतला होता.
३ थोड्याच वेळानें एकदम एक शिपाई नंगी तरवार घेऊन त्याच्या शरीरावर तुटून पडला.
४ तोंच शेहरला त्याची कपटबाजी कळून आली.
५ आणि कमरेवर लटकमारी तरवार ओढून इतक्या जोरानें त्या शिपायाला मारली कीं त्याचे दोन तुकडे होऊन गेले.
६ कपट नाटकाचा नायक कुतुबुद्दीन याला जमीनीवर हसडून त्याच्या छातीवर चढून तिरस्कारानें शेहेर म्हणाला.
७ अरे नीच कुतऱ्या, ही सगळी खटपट तुझी आहे.
८ नीचा, तुझ्या मनांतील पापी विचार पूर्ण होण्यापूर्वींच तुला परलोकांत पाठवून देतों.
९ मग माझ्या भाग्यांत जें असेल तें होईल.
१० असें बोलतां बोलतां त्याच्या छातींत तरवार खुपसली कीं, (लागलाच) कुतुब मरण पावला.
११ त्या भयंकर वेळीं शेहेर एकटाच होता.
१२ शत्रूची संख्या मोठी होती.
१३ परंतु जसजसे लोक त्याचा खून करण्याकरितां येत गेले तसतशी त्याच्या क्रोधांत भर पडत गेली.
१४ व आपल्यावर चालून येणाऱ्या लोकांनां गवताप्रमाणें कापूं लागला.
१५ परंतु शेवटीं त्या लोकांनीं लांबून बाणांचा मारा चालविला.
१६ त्यामुळें त्याचें सर्व शरीर छिन्नभिन्न झालें; आणि तो अशक्त होऊन पडला.
१७ दोन्हीं डोळे लावून ईश्वराची प्रार्थना करूं लागला.
१८ हे जगन्नाथ, माझ्या सर्व अपराधांची मला क्षमा द्या (करा).
१९ असें बोलतां बोलतां मुखावर ईश्वरी तेज प्रकाशित झालें आणि थोड्याच वेळांत त्याचा पवित्र आत्मा ईश्वराच्या दरबारांत दाखल झाला.

બેગમ.

૧ મારા બાપ કહેતા હતા કે તારાં ભાગ્યમાં રાજ્યયોગ લખ્યો છે.
૨ એક રાજરાણી શું આજે કંગાળની પેઠે દાસીઓના મેહેલમાં જીવન ગાળે છે?
૩ બળ્યું, બાદશાહની બેગમ થવામાં પણ શું સાર છે.
૪ હજારો સ્ત્રીઓ પ્રથમ તો ખુબસુરતીને લીધે બેગમ થવા પામે છે.
૫ પણ જ્યાં કોઇ બીજી વધારે રૂપાળી સ્ત્રી બહાર પડી કે પેલી બેગમના બારજ વાગી જાય છે.
૬ અને થોડા દહાડા પછી તેને ખુદ મેહેલમાં બીજી બેગમોની સાથે રાત દહાડો છતે ધણીએ રંડાયો ભોગવવાના દિવસો આવી લાગે છે.
૭ તેવી બેગમો થવા કરતાં તો દાસી થવામાંજ લાભ સમાયલો છે.
૮ જે સુખ દાસીઓને મળે છે, તે બેગમોને પણ મળતું નથી.
૯ તેઓ કહેવાય છે તો બાદશાહની બેગમો પણ બીચારીઓ જીંદગી સુધી કેદખાનું ભોગવે છે.
૧૦ નબાબો પોતાની બેગમો ઉપરાંત બીજી હલકી જાતની સ્ત્રીઓના પ્રેમમાં પણ પડયા હોય છે.
૧૧ અફસોસ, મારા ભાગ્યમાં જો બેગમ બનવાનું લખ્યું હશે તો વળી મારે હાલના કરતાં પણ વધારે દુઃખ અનુભવવું પડશે.
૧૨ અનુપમ રૂપવંતી મેહેર એકાંતમાં આવા આવા વિચારો કરતી પોતાનાં ભાગ્યને ઠપકો આપતી કાળ ગાળવા લાગી.
૧૩ પોતાની જીંદગીનું વૃત્તાંત સંભારીને વચ્ચે વચ્ચે કહેવા લાગી કે.
૧૪ હાય! મારૂં રૂપ મારા પ્રાણપતીના ખુનનું કારણ થયું;
૧૫ ઈશ્વિર, મને આવું રૂપ ન આપતાં કરૂપ બનાવી હોત તો આટલા બધા ખુનો, આટલો બધો કોલાહલ, આટલો બધો લોહીનો પ્રવાહ, એ બધું બીલકુલ થવાજ પામત નહી.

ઘોડેસ્વાર.

કૂતરાને ચાર પગ ને અઢાર આંગળાં હોય છે. તેની પૂછડી વાંકી હોય છે. જે માણસ આડો હોય, અને કોઇની સારી શીખામણ પ્રમાણે થોડી વાર ચાલી, પછી આડો ચાલે, તેને કહે છે કે, કૂતરાની પૂછડી વાંકી તે વાંકીજ. કોઇ અજાણ્યા માણસને દેખે કે કૂતરો ઘુરકવા માંડે છે ને પાસે આવે એટલે ભસવા માંડે તથા લાગ આવે તો બચકું પણ ભરે. કૂતરાં બહુ અદેખાં તથા ખારીલાં હોય છે, એક ફળીઆનું કૂતરૂં બીજા ફળીઆમાં ગયું હોય તો તે ફળીઆનાં સઘળાં કુતરાં એકઠાં થઇને તેને કાઢી મૂકે ત્યારે જંપે. કૂતરૂં જ્યારે બીએ ત્યારે પૂછડી બે પગ વચ્ચે ઘાલી દે છે અને રાજી હોય ત્યારે હલાવે છે. તે આંધળાં અવતરે છે; દશ બાર દહાડા કેડે તેમની આંખો ઉઘડે છે. કુરકુરીઆં નાનાં હોય ત્યારે વહાલાં લાગે છે. તેઓ છોકરાંની સાથે બહુ ગેલ કરે છે.

શેખસલ્લી.

ચઉટું (बाजार) વેચાતો (विकत) વાછરડું (वासरूं) આખું (सर्व) ઘાડવો (मडकें) કુકડી (कोंबडी) ધુણાવવું (हलविणें) જે (कीं) વધવું (वाढणें) બહોળું (मोठें).

એક જણે ચોટામાંથી ઘીનો ઘાડવો વેચાતો લીધો, ને ચાર આના આપવા કરીને એક શેખસલ્લા કરીને મજુર હશે તેને માથે તે ચઢાવ્યો. રસ્તામાં ચાલતાં શેખસલ્લીના મનમાં તરંગ ઉઠવા માંડયા. જે મજુરીના ચાર આના આવશે તેની એક કુકડી લઇશ અને તેના બચ્ચાં થશે, તે બધા વેચીને એક ગાય લઇશ. એ ગાય સાંજ સવાર મળીને આઠ શેર દૂધ તો દેશે, તેને રોજ રોજ વેચી વેચીને સારી પેઠે પૈસા એકઠા કરીશ. પછી તેનાં વાછરડાં બહોળાં થશે. તે વેચવાથી ઘણા રૂપીઆ ઊપજશે, એટલે વેપાર કરવા માંડીશ, તેથી ઘણા રૂપીઆ કમાઇશ. પછી હું પરણીશ. મારે એક છોકરો થશે. કોઇ વેળા તે આવીને મને કહેશે કે, બાપા જમવાને ઉઠો. ત્યારે હું ડોકું ધુણાવીને કહીશ કે, હમણા નહી આવું. આવા વિચારમાં તેણે માથું ખરેખરૂં ધુણાવ્યું, તેથી ઘાડવો નીચે પડીને ફૂટી ગયો. ત્યારે પેલા ઘીના માલિકે એને બહુ મારવા માંડયો ને કહ્યું, અરે મૂર્ખ, મારો ઘાડવો કેમ ભાંગ્યો. ત્યારે પેલો કહે, તારો તો ઘાડવો ભાંગ્યો પણ મારૂં તો આખું ઘર ભાંગ્યું.

ધાતુ.

ટીપવું (ठोकणें) તાણવું (ओढणें) ચિકાશ (चिंवटपणा) કાટ (जंग) ગદીઆણો (अर्धा तोळा) ગાઉ (कोस) ઓગળવું (वितळणें).

ધાતુને ટીપીટીપીને પાતળી કરે તો પતરાં થાય, અને તેથી વધારે ટીપે તો કેટલીક ધાતુના ઘણા પાતળ વરખ થાય છે. સોનાના વરખ તો એવા પાતળા થાય છે કે રાઇ જેટલી સોનાની રજ હોય, તેનો ટીપીને કાગળના તાવ જેટલો મોટો વરખ કરે છે.

ધાતુના તાણી તાણીને ઝીણા તાર કરે છે. સીસામાં ને કલઇમાં એટલી ચિકાશ નથી કે એના તાર કંઈ કામ આવે. સોનું, તાંબું, અને લોઢું એ ત્રણના તાર ઘણા ઝીણા થાય છે. લોઢાના તાર તો વાળથી પણ પાતળા થઇ શકે છે. એક ગદીઆણા સોનાનો તાર પાંચ ગાઉ જેટલો લાંબો કરીએ તો થાય.

તાપથી ધાતુઓ ઓગળી જાય છે. સોનું કે લોઢું ઓગળવાને મસ તાપ જોઇએ, પણ શીસાને ને કલઇને તો જરા આંચ લગાડીએ કે તરત તેનો રસ થઇ જાય.

હવે યાદ રાખજો કે કેટલીક ધાતુ નરમ ને કેટલીક કઠણ છે. કેટલીકને ઝટ કાટ લાગે છે. કેટલીક વહેલી કટાતી નથી. કેટલીક ચીકણી છે; પણ બધીએ ચળકતી અને ભારે છે. દેવતાપર મૂકીને તો બધી ઓગળી જાય તથા બધીના પતરાં અને તાર થઇ શકે છે. સોના રૂપાપર કાટ ચઢતો નથી.

વાંદરાં.

વાંદરૂં (वानर) ટીકળી (चेष्टेखोर) અટકચાળુ (खोडकर) ભૂસ્કો (उडी) અડપલાં (खोड्या) રાતું (लाल) વગડો (जंगल) ગલોફાં (गालफडे) નિરાંતે (निश्चित) વીંટાળવું (गुंडाळणें) હીંચકો (झोंका) મોં (तोंड).

વાંદરાં ટીખળી ને અટકચાળાં જનાવર હોય છે. તે કુદે છે, નાચે છે, છાપરે છાપરે ભૂસ્કા મારે છે, ને વખતે અડપલાં કરે છે; વાંદરાના પગ આપણા જેવા નથી હોતા, હાથ જેવા હોય છે.

વાંદરાં ઘણી જાતનાં હોય છે. કેટલાંક કાળાં મોંનાં હોય છે. કેટલાંક રાતા મોંનાં હોય છે. તેમને માંકડાં કહે છે. કાળા મોંનાં વાંદરાં કરતાં રાતાં મોંનાં વાંદરાં ખારીલાં બહુ હોય છે. વાંદરાં વગડામાં રહે છે. તે તે ગામમાં પણ આવે ને લાગ ફાવે ઘરમાં કે અગાશીમાં કંઇ જણસ ઉઘાડી પડી હોય તે ખાઇ જાય. દાણા સુકવ્યા હોય તો મૂઠીએ મૂઠીએ મોંમા ભરીને બેઉ ગલોફાં ભરી લે, પછી છાપરે કે ઝાડ ઉપર જઇને

નિરાંતે બેઠા બેઠા ખાય. વાંદરાં ચીડાય ત્યારે માણસની સામે થાય છે. કેટલીક જાતનાં વાંદરાંને પૂછડીઓ હોતી નથી. પણ જેને હોય છે તેને લાંબી હોય છે. તે ઝાડની ડાળને વીંટાળીને પછી તે ઉપર પોતાનાં આખાં શરીર લટકાવીને હીંચકા ખાય છે. રામાયણમાં એવી કથા છે કે વાંદરાંના લશ્કરની સહાયથી અયોધ્યાના શ્રીરામચંદ્રે લંકાધિપતી રાવણને પરાજીત કર્યો.

મુરખ.

બાયડી (स्त्री) ધણી (नवरा) મોકલવું (पाठविणें) લુગડાં (कपडे) ઉખેડવું (पत्र फोडणें) મથાળું (आरंभ) છેડો (शेवट) ફાળ (धस्का धास्ती) રખેને (न जाणों) માઠી (वाईट) ઠોઠમોઠ (मूर्ख) ઉર (परंतु) વ્હેમ (संशय).

કોઇ એક બાયડીના ધણીએ તેના ઉપર દેશાવરથી કાગળ મોકલ્યો. તે કાગળ લઇને પેલી બાઇ એકજણ સારાં લુગડાં પહેરીને જતો હતો તેની પાસે વંચાવવા આવી, ને તેના હાથમાં પેલો કાગળ આપ્યો. એણે તે ઉખેડીને મથાળેથી તે ઠેઠ છેડા લગણ જોઈને પછી ઘણું રોવા માંડ્યું. તે ઉપરથી પેલી બાયડીને ફાળ પડી કે રખેને કંઇ માઠી ખબર આવી હોય. એની આંખમાં પણ ઝળઝળીઆં ભરાઇ આવ્યાં ને પેલાને કહ્યું, ભાઇ, એમાં શું લખ્યું છે ! તે ઉકેલીને મને સમજાવો તો ખરા. કેમ રૂઓ છો ? ત્યારે પેલો બોલ્યો, હું તારો કાગળ વાચીને નથી રોતો; હું તો મારી મુર્ખાઇને રોઉં છું, જે આટલો કાગળ વંચાય એટલું પણ હું ભણ્યો નથી. ને ઠોઠમોઠ રહી ગયો. કહેવત છે કે " ભણેગણે તે નામું લખે ને ન ભણે તે દિવો ધરે, " એ ખરૂં છે. એ મને નક્કી થયું. આ ઉપરથી છોકરાને સમજી રાખવું ઘટે છે કે જે અભણ હોય તેને પછવાડેથી એવું લાજ મરવું પડે છે ને પસ્તાવો થાય છે.

અક્ષર એક ન આવડે, ઉર અભિમાન અપાર,
જગમાં તેને જાણવો, સૌ મૂરખ સરદાર.

છેતરામણ.

જોડે (बरोबर) નાત (जात) ડીલ (प्रकृती) વળી (पुन्हा) વારૂં (बरें) સરત (लक्ष्य) દડીઓ (द्रोण) સંતાડવું (लपविणें) દીઠો (दिसला) વહાલી (प्रिय) છેતરવું (फसविणें).

એક દહાડો એક છોકરો પોતાની મા જોડે નાતમાં જમવા ગયો. એ છોકરાનું આગલે દિવસે ડીલ બગડ્યું હશે માટે તેની માએ કહ્યું કે, તું આજ લાડુ થોડોજ

લેજે, વધારે ખાઈશ તો વળી માંદો પડીશ. છોકરે કહ્યું, વારૂં, લાડુ આવ્યા ત્યારે માની સરત બીજે ઠેકાણે ગયલી જોઇને પેલાએ આખો લાડુ લીધો, અને તેમાંથી કડકો ભાગી બાકીનો દડીઆતળે સંતાડયો. માએ જોયું તો કડકોજ લાડુ દીઠો છોકરે પછી આખો લાડુ ખાધો, અને પાછો માંદો પડયો. એ છોકરે એની માને છેતરવાનું કેર્યું તે પ્રમાણે તે છેતરાઇ. કેમકે તેને પેલા સંતાડેલા લાડુની કંઇ ખબર પડી નહીં. એ છોકરે બહુ માઠું કામ કર્યું. કડકા લાડુ સારૂ પોતાની વહાલી માને છેતરી. શું એને લાજ નહી આવી હોય ? જેણે નાનપણમાં આવું કામ કર્યું તે મોટપણમાં તો કોણ જાણે કેવું પાપ કરશે ? એવું છોકરૂં કોને ગમે ? વળી પરમેશ્વરની નજર કોઈથી ચુકવાતી નથી. તેણે તેને પાપ કરતાં જોયો.

ઈનસાફ.

વહેંચવુ (वाटणें) વઢવું (भांडणें) કને (कडे) વાંધો (तंटा) ત્રાજુડી (काटा) પલ્લું (तागडें) બચકું (लचका) કહેવત (म्हण).

એક ઠેકાણેથી બે બિલાડીઓ એક રોટલો લાવી. પણ તે વહેંચતાં તેઓ વઢી પડી. તે વઢવાડની પંચાત કરવા માટે એક વાંદરા કને ગઇ ને બોલી જે આ રોટલાને વાસ્તે અમારે બેજણ વચ્ચે વાંધો પડયો છે માટે તમે જરા વચમાં પડીને એનો ઇનસાફ કાઢો તો સારૂં. વાંદરો બોલ્યો ભલે બાઇઓ, તમારો ન્યાય હું વ્યાજબી રીતે કરીશ, કશી ફિકર રાખશોના. પછી તેણે પેલા રોટલાના બે કટકા કર્યા ને એક ત્રાજુડીનાં પલ્લામાં એકેક કટકો નાંખ્યો; એટલે એક પલ્લુ નીચું નમ્યું તેમાનો કટકો કાઢીને એક બચકું ખાધું અને બાકીનો પાછો પેલા પલ્લામાં મૂકયો. ત્યારે બીજું પલ્લું નીચું ગયું; તેમાનો પણ એક કટકો લઇ કરડયો ત્યારે તો બીલાડીઓ મનમાં સમજીને, વાંદરાને કહ્યું, ભાઇ, હવે જે છે તે અમને પાછો આપ, અમે અમારી મેળે સમજીશું. વાંદરે જવાબ દીધો, બાઇઓ, જરા ધીરજ રાખો, મે આટલી વાર મેહનત કરી તેનું મારે કંઇ જોઇએ કે નહી ? એટલું કહીને પેલા બાકીના કટકા ગડ કરી ગયો. કહેવત છે કે એની લઢાઇમાં ત્રીજો ખાઇ જાય.

અનાજ.

અનાજ (धान्य) છોડ (रोंपें) સાંઠો (दांडा) ટોચ (टोंक) ફોતરૂ (सालपट) વેરાવું (उधळणें).

દેશ દેશમાં ત્યાંની હવાપ્રમાણે જાત જાતનાં અનાજ થાય છે. આ દેશમાં ઘઉં, ડાંગર, બાજરી ને જુવાર એ મુખ્ય છે. એના છોડ ઘણીવાતે મળતા છે ને

સૌના સાંઠા માંહેથી પોચા અને પોલા હોય છે. તેનાં પાતરાં લાંબાને સાંકડાં હોય છે. તેના દાણા ટોંચપર જથાબંધ થાય છે. અનાજના છોડ એક જાતનું ઘાસ છે. એ છોડનો બાંધો ઘણી ચતુરાઇને વિચારથી કીધેલો જણાય છે. તેના સાંઠા હાલ છે તેથી વધારે પાતળા ને નબળા હોત તો તે પવનથી ભાગી જાત, ને જો વધારે જાડા ને મજબૂત હોત, તો તેમાં જનાવર રહેત, ને તેમાંનું અનાજ ખાઈ જાત. અનાજ છોડપર હોય છે ત્યારે તેની આસપાસ એવા ફોતરાં હોય છે કે તે સૂરજના તાપથી એકાએક સુકાઇ જાય નહી ને ભીનાશથી કોહી જાય નહિ, તથા કાપણી કરતી વેળા વેરાઇ જાય નહીં. ડાંગર ઠંડા દેશમાં ઉગતી નથી. મકાઇ, જવ, ને બીજાં કેટલાંક અનાજ બીજા દેશમાં પાકે છે. ઘઉં, ડાંગર, બાજરી એ અનાજ મુખ્ય છે. તે ઘણા દેશના લોક ખાય છે. પોતાના દેશમાં ન પાકતા હોય તો બીજે દેશથી વેચાતાં લાવી ખાય છે. આપણા દેશમાં અનાજ ઘણું પાકે છે, ઇશ્વરની આપણા ઉપર કેવી કૃપા છે ? માટે આપણે તેની હમેશા ભક્તિ કરવી.

સુચના.

ટેવ (संवय) સામાં (उलट) મસળવું (चोळणें) પિછોડી (उपरणें) આળોટવું (लोळणें) શેતરંજી (सतरंजी) હોલવવું (विझविणें) પોસો (ओंजळ).

કોઇને એવી ટેવ હોય છે કે, પોતાના લુગડાં સળગેલાં માલુમ પડે કે તરત દોડાદોડ કરવા માંડે છે, ને ઘરમાંથી બહાર નિકળી બૂમેબૂમ પાડે છે; પણ એ રીત ખોટી છે. એવી રીતે દોડાદોડ કરવાથી લુગડાં સામાં વધારે સળગી ઉઠે ને ભડકો થાય; ને તે તેથી હાથ, મોહું કે સઘળું દીલ બળી જાય. સૌથી સારો ઇલાજ તો એજ છે કે લુગડાનો જે ભાગ સળગ્યો હોય તે હાથેવતી મસળી નાંખવો. તે કરતાં વધારે સળગી ગયું હોય તો ધોતીયું પિછોડી કે પાઘડી જેવું લુગડું હોય તે કાઢી નાખવું. અંગરખો સળગી ઉઠયો હોય ત્યારે લાંબા થઇને ભોંયપર સુઇ જવું ને આળોટવું. પાસે જો કાંઇ કામળો, શેતરંજી કે બીજું એવું જાડું કપડું હોય તો તે પોતાને ડીલે લપેટી લેવું. એ પાસે નહિ હોય ત્યારે તો સળગેલો છેડો ભોંય સાથે મસળીને હોલવી નાંખવો. એ પ્રમાણે કરે તો બધું બળતું હોલવાઇ જાય અને લુગડાં બળે તે કરતાં વધારે નુકસાન થાય નહી. તથા પોતાની જાતે સહી સલામત રહે. જો કોઇ તે જગોએ હોય તો તેણે એટલુંજ કરવું કે પેલાનાપર શેતરંજી કે કામળા જેવું જાડું લુગડું નાંખવું અને તે ન હોય તો બળતા લુગડાંપર પોસો ભરીને ધુળ નાખવી એટલે બળતું હોલવાઇ જશે.

બળતું ઘર.

કાસદ (जासूद) ધુમાડો (धूर) બૂમ (हांक) વળી (पुन्हां) નિસરણી (शिडी) રૂંધાઇને (दम कोंडून) ઢંઢોળવું (हलविणें).

એક વાર મધરાતને સુમારે એક શહેરમાં બે સિપાઇ કોઇ કાસદની ભેડે એક શેરીમાંથી જતા હતા, તેવામાં એક સૂથારના ઘરમાંથી ધૂમાડો નિકળતો દીઠો. તે જોઈ પેલા સિપાઇઓએ ઘરનાં બારણાં ખુબ ઠોકયાં ને બુમો પાડી; પણ ઘરમાંથી કોઇએ જબાબ દીધો નહિ; પણ તેમના ઘાટાથી શેરીમાંનો એક બીજો માણસ જાગી ઉઠયો, ને ધશીને રસ્તામાં આવ્યો. એ પેલા બળતા ઘરના ધણીનો ભાઇ-બંધ હતો. સૌએ મળી વળી ઘણી બુમો પાડી ને બારણાં ખખડાવ્યાં; પણ ઘર-માંથી સૂથારે કે તેની બાયડીએ સાંભળયૂં નહી. ધુમાડો તો વધારે વધારે નિક-ળવા માંડયો ને ઘરમાં મોટા મોટા ભડકા તથા ફડા ફડ આવાજ થવા લાગ્યા. સિપાઇ બંબાવાળાને તેડવા દોડયા. પેલો ભાઇબંધ એકલો રહ્યો, તે નિસરણી લાવ્યો. બળતા ઘરનાં બારણાં બારી સૌ બંધ હતાં, માટે તેણે નિસરણી માંડીને મેડાની એક બારી ભાંગી ને તે રસ્તે તે ઓરડામાં કુદી પડયો. ત્યાં તે સુથાર તેની બાયડી ને એક બાળક પથારીમાં ઉંઘતા હતા. આખો ઓરડો ધુમાડેથી છેક ભરાઇ ગયો હતો. તેથી પેલાં સુતેલાં રૂંધાઇને બેભાન થઇ ગયાં હતાં. સુથારને ખુબ ઢંઢોળ્યો અને ઘસડીને હેઠે ઉતાર્યો, પછી તેની બાયડીને તથા બાળકને નીચે લાવવામાં આવ્યાં.

શરીર.

ટટાર (ताठ) ઝાલવું (धरणें) મીચાવુ (झाकणें) કાણાં (छिद्रें) ભાયડો (पुरुष) થોભા (कल्ले) વડે (योगें) બન્ને (दोन्ही).

માણસ પગવડે ટટાર ઉભું રહે છે. એનું માથું બન્ને ખભાની વચ્ચે ઠીક ઉપર ટટાર રહે છે. એને બે હાથ ને બે પગ છે. એના પગનું તળીઉં ભોંયને અડકીને રહે છે. માથું જમણી ને ડાબીમેર ફરે છે. માથાનું તાળવું ને બોચીને ઉપલો ભાગ એ સર્વને ખોપરી કહે છે. તેના ઉપર વાળ ઉગે છે. એ ખોપરીને માંથે ભિન્નું હોય છે. મોં ઉપર આંખો, નાક, મોઢું હડપચી અને એકેક પાસે ગાલ હોય છે. આંખ ઉપર પોપચાં હોય છે, ને પોપચાંને પાપણી હોય છે, તેવડે આંખો મીચાય છે. આંખો ઉપર ભમર છે. તેની ઉપર કપાળ આવ્યું છે તેની બે બાજુએ લમણાં છે. જે કઇ પાસે હોય તે માણસ આંખોવડે દેખે છે. અતિશે છેટે ન હોય તે પણ દેખાય છે. આંખોની વચ્ચે ને બે ગાલની વચ્ચે નાક છે. એમાંનાં બે કાણાંને નસકોરાં કહે છે. નાકવડે વાસ માલુમ પડે

છે. નાકની નીચે ભાયડાને જે વાળ ઉગે છે તેને મૂછો કહેવાય છે. કોઇ તે મુછોના શોભા રાખે છે. મોઢાની નીચે હડપચી છે. મોઢામાં તાળવું, જીભ ને દાંત રહેલાં છે. મોઢું ખાવાનું ને બોલવાનું કામ બજાવે છે. છાતીની નીચે જમણી બાજુએ ફેંફસું છે. માણસને નાકવડે વાસની, જીભવડે સ્વાદની, કાનવડે આવાજની, આંખવડે રૂપ કે રંગની અને ચામડીવડે સ્પર્શની ખબર પડે છે.

કબુતર.

લિસોટો (रेघ) છેડો (शेवट) રળિયામણું (रमणीय) ગોથું (चक्कर) ગુલાંટ (कोलांटी) ચોમેર (सभोंवती) કુંડાળું (वर्तुळ) જોડું (जोडपें) ઝાલવું (धरणें).

કબુતર તરેહ તરેહનાં થાય છે. જંગલી કબુતર રંગે અસમાની હોય છે. તેની છાતી ચળકતા લીલા રંગની પાંખ ઉપર બે કાળાં લિસોટાને પુછડીનો છેડો કાળો હોય છે. પાળેલાં કબુતરોમાં લક્કી ગિરેબાજ, લોટણ, યાહુ. શિરાજી, થરથરી ને કાસદીઆં એવી જાત હોય છે. લક્કી કબૂતર પોતાની પૂછડીનાં પીછાં ઉંચાં ને પહોળાં કરીને મોરની પેઠે કળા કરે છે. પછી પોતાની ગરદન એટલી તો ઉંચી કરે છે કે તેની પૂછડી ને ગરદન એકાકાર થઇ જાય છે. એ રીતે તે કળા કરીને નાચે છે. ત્યારે બહુ રળીયામણું દેખાય છે. લકડી જોડાવિના રહેતું નથી, ને જો એક મરી જાય તો બીજું પણ શોક કરીને મરી જાય છે. ગિરેબાજ કબુતરની પાંખ ઝાલીને ઉંચુ ફેકયું હોય તો તે ગોથાં ખાતું ખાતું નીચે આવે છે. ને ઉપર ચઢે છે. લોટણ કબુતરને હાથમાં રાખીને થોડો વાર સુધી હલાવ કરીને પછી છોડી દીધું હોય તો તે ભોંય ઉપર ગુલાંટ ખાયાં કરે છે. જો તેને કોઇ ઝાલી ન લે તો તે લોટી લોટીને મરી જાય છે યાહુ કબુતરનું ગળું જાડું હોય છે. ને તેની મરજીમાં આવે ત્યારે ઘણુંજ ફૂલવે છે. બીજા એ ફૂલવે છે પણ એના જેટલું નહી. શિરાજીના માથા ઉપર કલગીદાર ટોપી હોય છે. વળી એની આંખનીચે માંસ વધેલું હોય છે તેથી તે મોટી દેખાય છે. તેનાં પીછાં લીલાં અસમાની હોય છે.

તોલ.

ભરતબંધ (मापानें) કાટલાં (वजनें) અધેળી (छटाक) નવટાંકી (आदपाव) પાશેરો (पावशेर) મણીકો (मण) ખાંડી (खंडी) બેડીઉં (३२ मण) કળશી (१६ मण) હારો (२१ मण) ભાર (२४ मण) અસલ (मूळ).

કેટલીક જણસો તોળીને અને કેટલીક ભરીને અપાય છે. અનાજ, રૂ, ઘી વગેરે ચીજો તોલબંધ ને લુગડાં, દુધ વગેરે ભરતબંધ વેચાય છે. તોળવાને વાસ્તે

કાટલાં બનાવેલાં હોય છે; અને ભરવાને વાસ્તે માપાં કે ગજ કરેલા હોય છે. કાટલાં ઘણાં પ્રકારના હોય છે; અધોળી, નવટાકી, પાશેરો, અચ્છેરો, શેરીઓ, બશેરા, પાંચશેરી અધમણીઓ, મણીકો, વગેરે પણ બધાં ગામનાં કાટલાં સરખાં નથી હોતાં. કોઇ ગામનો શેર નાનો ને કોઇ ગામનો મોટો. એનું તોલ અસલ પૈસા પરથી નિકળેલું છે, તેથી ઝયાં જેવા પૈસા ત્યાં તેવું તોલ ચાલ્યું હશે. હાલમાં સરકારી પૈસા પ્રમાણે આવું તોલ છે:– ૧૩॥ પાઇ એટલે સાડાચાર પૈસા ભારની એક અધોળી અને એવી સોળ અધોળીનો એક શેર; ચાળીસ શેરનો મણ; મણ કરતાં વધારે જે તોલ થાય છે તેને ખાંડી, બેડીઉં, કળશી, હારો, ભાર વગેરે નામ આપેલાં છે. સોનું, રૂપું તોલવાને વાલ, ગદીઆણો અને તોલો હોય છે. એક ચણોઠી અથવા ગુંજ એક રતી કહેવાય છે. તે ઉપરથી ૩ રતીનો વાલ, ૧૬ વાલનો ગદીઆણો, અને તોલાના બે ગદીઆણા થાય છે. સરકારી સિક્કાનો રૂપીઓ તોલમાં ૩૦ વાલ હોય છે. ને પાકા તોલાના ૩૨ વાલ છે.

શિયાળ.

શિયાળ (कोल्हे) વરૂ (लांडगा) છેટે (अंतरावर) વહેમ (संशय) સગા (आप्त) પેઢી (पिढी) ખોલ (बिळ) રૂવાં (मृदुकेस) સમે (वेळीं).

એક વણજારને ત્યા મોતીઓ નામે પાળેલો કૂતરો હતો. તે એક દહાડો ઘેરથી થોડે છેટે ગયો એટલે તેણે એક વરૂ ને શિયાળ દીઠાં તેમનો તેને વહેમ આવ્યો, તેથી તેણે જરા આઢો રસ્તો લીધો. તે જોઇને તેને શિયાળે હાક મારી, કે ભાઇ જરા આમ તો આવો, મારે કાંઇ તમને વાત કહેવી છે. આપણે સગા થઇએ છીએ. તે તમે જાણો છો કે ? હું અને આ વરૂ ભાઇ હમણા સગપણની વાતો કરતા હતા. તેમાં પેઢી ગણતાં એમ જણાયું કે આપણે ત્રણે કુટુંબી છીએ. તે શી રીતે તે હું કહું છું. આપણે એક જાત છીએ, અને એક સમે આપણા બાપદાદા સાથેજ જંગલમાં વસતાં હતા, પણ તમે માણસમાં જઇને વસ્યા, અને મારા ને વરૂના બાપદાદા વગડામાં રહ્યા. મારા બાપદાદા જરા વધારે ઉત્તરે વસ્યા તેથી ટાઢને લીધે ઢાંગણા થયા. ને ખોલમાં રહેવા લાગ્યા. ટાઢ ન વાય માટે અમારા ઉપર જાડાં રૂવાં ઉગ્યાં ને પૂછડામાં વાળાનો ગુચ્છો થયો. પણ આપણું કુટુંબ અસલ તો એકજ. માટે, આવો, આપણે હવે ભાઇબંધી કરીએ. કેમ, વરૂભાઇ ? તમે શું કહો છો ? તે કહે મારે પણ એજ જોઇએ. પછી કૂતરે તેમનાં શરીર જોયાં તો કેટલીક વાતમાં દીઠાં. તેથી સગપણું કબુલ કર્યું ને ભાઇબંધીને કરી.

કેફ (કવિતા).

કેફ (अंमल) કેફી (अमली) ભંગી (मंगड) કોય (कोणी) સાપ (सर्प) જળ (पाणी) રેલ (पूर) ચોપાઇ (एक छंद आहे).

ચોપાઇ.

નથી જગમાં કેફીની લાજ, કરી વિશ્વાસ ન સોંપે કાજ
ભંગી અફીણી કેફી હોય, કન્યા તેને નવ દે કોય ૧

સોબત કરતાં સૌ જન ડરે, રખે લોક નિંદા ઉચરે
કદી વસ્તુ ચોરી લે હોય, કેફીની શિર ભ્રાંતિ હોય ૨

ભલું મનુષ્ય હોય, કીર્તિવંત, તરત ન કોઇ વિશ્વાસ કરત
જે કોઇ કેફી વ્યસની થાય, પછી ઘણો મનમાં પસ્તાય ૩

કેના ઉપર કાઢે રોષ રોગ તણે શિર દે છે દોષ
હોય એકલો ત્યાં લજવાય, વધવા ન્યાત કરે ઉપાય ૪

તે માટે સૌ ચેતો ચિત્ત, ન કરો એવા નરની પ્રીત
કેફીને પરણી જે નાર, તેના જીવતરને ધિક્કાર ૫

કેફી વસ્તુનો ન કરો સંગ, ઉડી વળગશે આવી અંગ
સાપ, કેફની જળની રેલ, તેની સાથે ન કરો ખેલ ૬

ज्या अक्षरांवर ‿ अशी खूण आहे तीं ऱ्हस्व वाचावीं.
ज्या अक्षरांवर ‾ अशी खूण आहे तीं दीर्घ वाचावीं.

અટક ચાળા (દોહરા)

ઠામ (ठिकाणीं) છરી (चाकू) સાન (ज्ञान) ડાબલી (डबी) ચડીઆ (चढून) કાં (किंवा)

એક અડપલો છોકરો, જીવો જેનું નામ
અતિશે કરતો અડપલાં, જઇ બેસે જે ઠામ ૧

કાગળ કાં લેખણ છરી, જે જે વસ્તુ જોય
ઝાલે ઝૂમી ઝડપથી, હીરા જેવી હોય ૨

નાના કહી માને નહિ, કહ્યું ન ધારે કાન
એને પણ દિન એકમાં, સર્વ વળી ગઈ સાન ૩

ડોસો ચશ્માં ડાબલી, મેલી ચડીઆ માળ
અતિ આનંદે અડપલે, તે લીધાં તત્કાળ ૪

ચશ્માં નાક ચડાવીઆં, ખાંડાળાં તે ખુબ
ડાબલી લીધી દેખવા, ધારીને પગ ધુંબ ૫

ઢીલું ન હતું ઢાંકણું, જબરૂં કીધું જોર
ઉઘડતાં તે ઉછળ્યું, કીધો શોર બકોર ૬

આંખો મોં ઉપર પડી, તેમાંથી તપખીર
ફાં ફાં મારે ફાંકડો, ધારી ન શક્યો ધીર ૭

ચશ્માં નાંખ્યાં ચોકમાં, છીં છીં છીંકે ખાય
થાકયો તે થૂ થૂ કરી જીવો રોતો જાય ૮

ચોળે ત્યાં તો ચોગણો, આંખે અંધો થાય
ડોસે દીઠો દીકરો, ચશ્માંના ચૂરાય ૯

રઘુનાથ.

લીલ (શેવાળે) જથ્થો (સમૂહ) પાંદડાં (પાનેં)

આપણો રઘુનાથ આ તોફાનને નહી ગણકારતાં એકસરખો ચાલતોજ હતો. વાયુ મોટા સુસવાટા ને જોરથી વાતો હતો, અને તેથી એવું લાગતું કે ઘોડો અને સ્વાર બન્ને નીચે પડી જઇ પ્રાણ છોડશે. તે અંધારામાંથી જતો હતો, તેવામાં રસ્તામાંનો ઝરો ઓલંગતાંજ ઘોડાનો પગ લીલવાળા પથ્થર પરથી સર્યો, અને બન્ને નીચે પડયા. સ્વાર ફરી ઉઠી ઘોડાને સંભાળી લાગલોજ તેન પર બેસીને

ચાલ્યો. જરા આગળ ચાલતાં પવનથી એક ડાળી વાંકી નમી સ્વારનાં કપાળમાં લાગી, પાઘડી ફાટી અને બે ત્રણ લોહીનાં ટીપાં પણ પડ્યાં; પરંતુ કામગિરી ઘણી જરૂરની હોવાથી પોતાના શરીરપર લક્ષ ન આપતાં તેણે વિશેષ સાવધગિરીથી ઘોડો ચાલતોજ રાખ્યો. ચારેક ઘડીએ તે મુશળધાર બંધ થઇ, આકાશ સ્વચ્છ થવા લાગ્યું. પર્વતનાં ઉંચા ઉંચા શિખરપર આથમતા સૂર્યનું તેજ દેખાવા લાગ્યું. આપણો જવાન પણ પોતે ધારેલું ઠેકાણું જે કિલ્લો તેની પાસે આવી પહોંચ્યો. તેને પોતાના કપાળપર આવેલા કેશ પાછા કર્યા; અને તેના પરનો વૃક્ષનો જથ્થો તરતના પડેલા વરસાદથી ટટાર થયલો નજરે પડવા લાગ્યો. ઝાડોનાં લીલાં અને ભીંજાઇ ગયેલા પાંદડાં અવર્ણનીય શોભા આપતાં હતાં.

ચાંદખાન.

સેનાપતિએ ચાંદખાનને બીકણુ સમજી ઠઠો કર્યો હતો. આજસુધી તેનાપર આવો અપવાદ કદી આવ્યો ન હતો. તેના કેશ લડાઇના કામમાં ધોળા થયા હતા. તેને મરણપ્રાય દુઃખ લાગ્યું. પણ એ દુઃખ બીજાને કેમ કહેવાય ? પણ તેને મનમાં નિશ્ચય કીધો કે ગમે તે રીતે આ અપવાદ દૂર કરવો, નહિ તો પ્રાણ રાખવો નહી. શંકર શાસ્ત્રી (વેશધારી શિવાજી) ના આચરણ જોઇ તેને શક પડ્યો હતો. તે શિવાજીને સારી રીતે પિછાનતો હતો. શિવાજીએ હિંદુસ્વાતંત્ર્ય સ્થાપન કરવાની પ્રતીજ્ઞા લીધી છે, ત્યારે લડાઇની શરૂઆતમાંજ હારથી બીહીને તે તહ કરવાનું બોલે એમ ચાંદખાનને લાગ્યું નહી. એ શાસ્ત્રી કોણ ? તેની મતલબ શું ? એ ગુપ્ત રીતે જાણવાની તેની ઇચ્છા થઈ. આ ખોટા વકીલને પકડવાનો તેણે નિશ્ચય કર્યો. રસ્તે રસ્તે, ગલી ગલી તે તેની પાછળ ફરતો હતો. છેવટે આવતા દિવસના વરઘોડા સંબંધી વાત સાંભળી તેણે શિવાજીને પકો ઓળખ્યો તરત એક તીર શાસ્ત્રીબાવાના માથામાં લાગ્યું અને બીજાના ધક્કાથી બ્રાહ્મણ જમીનપર પડ્યો, પણ તરત વાઘ સરખી ફ્લંગ મારી ચાંદખાનને તરવારથી જખમી કીધો, અને “ચાંદખાન, તું મારી પાછળ ખોટે મુહૂર્તે પડ્યો ” એમ બોલી બ્રાહ્મણવેશધારી શિવાજીએ તીક્ષ્ણ કટારીનો એક ઘા એવા જોરથી કીધો કે એક ક્ષણમાં આ લોક છોડી, ચાંદખાન પરલોક ચાલ્યો ગયો !

સમર્થન.

મોત (મૃત્યુ.)

શિવાજીએ સત્ય પાળવામાં અથવા હિંદુનું હિત કરવામાં કદીપણ પાછું ફરી જોયું છે ? તેની લડાઇ ફક્ત મુસલમાનો સાથેજ. જીતેલા અને હાર ખાનારામાં કદી પ્રેમ થયો છે કે ? નોળીઓ સાપને પકડે છે ત્યાં સુધી તે મૃતવત્ રહે છે પણ આ મરી ગયા એમ સમજી જ્યારે નોળીઓ સાપને છોડે છે, ત્યારે સાપ લાગ તપાસી તેને ડંશ કરવાને કદી ચુકતો નથી. એ શું સાપનું બંડખોરપણું કે ? કૂતરૂં સસલાની પાછળ પડે એટલે તે છુટવાને સેંકડો પ્રયત્ન કરે છે. અને એક તરફ વળી જવાનો ઢોંગ કરી બીજી તરફ નિકળી જાય, તો તે તેનું ચાતુર્ય નથી કે ? અમારા પ્રાણના પ્રાણ ને જીવનનું જીવન જે સ્વતંત્રતા, તે મુસલમાન આજ સેંકડો વર્ષ હરી બેઠા છે. આપજ કહો, અમારા ધર્મનો લોપ કરી દેનાર સાથે અમારી દોસ્તી અને ખરો સંબંધ રહેશે કે? મોતની ધાસ્તીથી નાશી જનાર ચપલ હરણને આપ બંડખોર સમજો છો ? પક્ષી પોતાનાં બચ્ચાને બચાવવા માટે બચ્ચાં લેનારને છેતરી બીજી તરફ મૂકે એટલે તે નિંદાપાત્ર થાય કે ? અમને લડાઇ કરવાનું શિક્ષણ મળ્યું નથી; અમારી પાસે પુષ્કળ સૈન્ય નથી. જે છે તેને અનુભવ નથી. જે વખતે બંદુકો, તોફો, દારૂગોળા અને હજારો ગાડા ધનથી મુસલમાનો રણભૂમી કંપિત કરશે, ત્યારે અમે ગરીબ મરેઠા શું કરી શકીએ ? મરેઠા પાસે તેવી સેના નથી, તેવા અશ્વ નથી. ત્યારે આવે સમે ચાતુર્યથી છુપી લડાઇ વગર બીજો કયો ઉપાય મરેઠાઓના કામ આવે ?

સાહસ.

એનીમેળે (આપોઆપ ; બુમરાણ (આક્રોશ)

વધારે વધારે રાત પડવા લાગી. શાહિસ્તેખાનના રસોડાની એક ખડકીની ભીંત એની મેળે પડે છે એમ દેખાયું. પડતાં ભીંતનો એક મોટો ભાગ પડયો. ઘરમાંની બધી મંડળી નિદ્રાધીન થએલી હોવાથી કોઇએ તે પડવાનો આવાજ સાંભળ્યો નહીં. આ વખતે ખાનસાહેબ તો આપની સાથે શિવાજી સલાહ કરવા આવ્યો છે, એવું આનંદદાયક સ્વપ્ન જોતો હતો. બૈરાંઓની બુમ સાંભળી તે એકદમ જાગી ઉઠયો. જોયું તો શિવાજી પોતાના વાડાપર ચઢી આવ્યો છે. નાશી જવા સારૂ

બારણા તરફ દોડયો અને જોયું તો ત્યાં એક હથિઆરબંધ શિપાઇ ઉભો છે. એટલે ધાભરો થઇ પોતાની સુવાની ઓરડીમાં ભરાયો અને બારણું બંધકરી ખડકીને રસ્તે નાસી જવાની તૈયારી કરવા લાગ્યો. એટલામાં પાસેના ઓરડામાં "હરહરમહાદેવ" એવી બુમ સાંભળી મહેલના પેહેરેગીરો ગભરાયા અને ચોતરફથી ધાઇ આવ્યા. અને અંધારામાં લડાઇ જાગી. માવળા લોકના જયશબ્દથી અને જખમીઓની બુમરાણથી તે વાડો ગાજી રહ્યો. શિવાજી તરવારના એક ફટકાથી ખાનની ખોલીનો દરવાજો ફાડી અંદર ધસ્યા, ત્યારે ખાન ખડકીને રસ્તેથી દોરી મુકીને નાસી જતો હતો. તેને પકડવા શિવાજી બધાની આગળ દોડયો ને તેણે જે ઘા કીધો તેથી ખાનની હાથની આંગળી તુટી, પણ તે તેવોજ નાસી ગયો.

પ્રેમ.

તરતનુ (તાજે.)

તે બન્નેજણ એક બીજા તરફ જોતા હતા. બન્નેના આંખમાંથી આંસુ પડતા હતા. બન્નેએ એક બીજાના ગળામાં હાથ નાંખ્યા હતા. બન્નેનો એક બીજાપર કેટલો પ્રેમ છે તે બતાવતા હતા. તેમનાથી કાંઇ બોલાયું નહીં. હે સુધાકર, તું આ જોડાપર અમૃતવૃષ્ટી કર, તું રાત્રે જાગી બધી જગાનો ચમત્કાર જુએ છે, પણ આવું નિષ્કપટી જોડું તેં કદી જોયું છે કે ? જે વખતે તરૂણપણામાં પ્રથમ પ્રેમ ઉત્પન્ન થાય છે, જ્યારે બાલસૂર્યના કિરણ મુજબ તરતના પ્રેમાંકુરથી માનસિક જગત આનંદીત થાય છે, જ્યારે ઘણા દિવસ વિયોગ પડેલું જોડું એકત્ર થાય છે, જ્યારે પરસ્પર પ્રેમાનંદથી બંને બધા જગતને વિસરી જાય છે, જ્યારે તેને કાળનું અથવા જગતનું ભાન રહેતું નથી, જયારે તે એક બીજાના ગુણદોષ ભૂલી જાય છે, જ્યારે તે ઉપર આકાશ કે નીચે પૃથ્વી તે પણ વિસરી જાય છે, અને જ્યારે પ્રણયસુખ સિવાય બીજી વાત તેને ખોટી લાગે છે, ત્યારેજ આ ઠેકાણે સ્વર્ગનું સુખ જે છે તે આજ છે એમ લાગે છે. પરપુરૂષનો હાથ ઝાલેલો છે આ પણ તેના ધ્યાનમાં આવ્યું ન હોતું. હું અનુચિત કામ કરૂં છું એમ શરયૂને લાગતુ નહોતું જે મૂર્તિને આપણે વર્ષસુધી ધ્યાનમાં રાખી છે તેનાંજ આપણને આજ દર્શન થયાં એટલું તે જાણતી હતી. રઘુનાથ, તને એમ કરવું સારૂં લાગે છે કે ? પણ આ સવાલ કેવો ? રઘુનાથ તે જાણતો. નહોતે તે પ્રેમથી દીવાનો થઇ ગયો હતો.

વ્યાકરણ.

૧ અક્ષર વિચાર.

१ अक्षराचे प्रकार दोन—મૂળાક્ષર व જોડાક્ષર.

२ मूळाक्षराचे भेद दोन—સ્વર आणि વ્યંજન.

३ स्वर १२—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

ऋ, ॠ, ऌ, ॡ हे क्वचित्च उपयोगांत येतात.

४ व्यंजनें ३६—ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ,
ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ,
હ, ળ, ક્ષ, જ્ઞ.

क्ष आणि ज्ञ यांस जोडाक्षरही मानितात.

५ स्थान—

અ, આ, ક-વર્ગ आणि હ, यांचें કંઠસ્થાન.
ઇ, ઈ, ચ-વર્ગ आणि ય, શ, यांचें તાળુસ્થાન.
ऋ, ॠ, ટ-વર્ગ आणि ર, ષ, यांचें મૂર્દ્ધાસ્થાન.
ऌ, ॡ, ત-વર્ગ आणि લ, સ, यांचें દંતસ્થાન.
ઉ, ઊ, પ-વર્ગ आणि વ, यांचें ઓષ્ઠસ્થાન.
એ, ઐ, ઓ, ઔ यांचें કંઠૌષ્ઠસ્થાન.

६ एकस्थानी—अक्षरांस સવર્ણ ह्मणतात.

७ भिन्नस्थानी—अक्षरांस અસવર્ણ ह्मणतात.

८ स्वर—ह्रस्व स्वर—અ, ઇ, ઉ यांस लघुही ह्मणतात.

९ દીર્ઘસ્વર—આ, ઈ, ઊ यांस गुरुही ह्मणतात.

१० સંધીસ્વર—એ, ઐ, ઓ, ઔ, यांसही गुरु ह्मणतात.

११ વ્યંજનના વિભાગ—(व्यंजनाचे विभाग).

स्थानपरत्वें—સ્પર્શ, અસ્પર્શ.

स्पर्श—ક पासून મ पर्यंत.

अस्पर्शाचे भेद दोन—अंतस्थ आणि ऊष्म.

अंतस्थ—य, ર, લ, વ, ળ.

ऊष्म—શ, ષ, સ, હ.

उच्चारपरत्वें; अघोष—ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ, શ, ષ, સ,
यांस कठोर किंवा विवार ह्मणतात.

घोष—ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન,
મ, ય, ર, લ, વ, ળ, હ.

यांस कोमल किंवा संवार ह्मणतात.

प्राणपरत्वें, अल्पप्राण—ક, ચ, ટ, ત, પ, ગ, જ, ડ, દ, બ, ય, ર, લ, વ, ળ.

महाप्राण—ખ, છ, ઠ, થ, ફ, ઘ, ઝ, ઢ, ધ, ભ, શ, ષ, સ, હ.

अनुनासिक—ઙ, ઞ, ણ, ન, મ,

१२ જોડાક્ષર—ક્ષ, શ્ચ, શ્ર, ક્ર, ક્ત, ન્હ, ધ્ર, પ્ર, બ્ર, દ્ર, સ્મ.

૨ ગુણવૃદ્ધી.

१३ स्वर.	ગુણ.	વૃ.	ઉદાહરણ.	ગુ.	વૃ.
અ	०	આ	કઠિણ	०	કાઠિણ્ય.
ઇ	એ	ઐ	દિવ	દેવ	દૈવ.
ઉ	ઓ	ઔ	શુચ	શોચ	શૌચ.
ઋ	અર્	આર્	કૃ	કર	કાર.

સંધિ.

१४ संधिचे प्रकार चारः—સ્વરસંધિ, વ્યંજનસંધિ, અનુસ્વારસંધિ,
વિસર્ગસંધિ.

१५ स्वरसंधिः—

ધન+અર્થી-ધનાર્થી
કર્મ+અંતર-કર્માંતર
અથ+ઇતિ-અથેતિ

મનુ+ઇચ્છા-મન્વિચ્છા
મનુ+ઇર્ષા-મન્વીર્ષા
ભાનુ+ઉદય-ભાનૂદય

કલા+ઇશ-કલેશ
રંભા+ઉરૂ-રંભોરૂ
શીત+ઉષ્ણુ-શીતોષ્ણુ
દેવ+ઋષિ-દેવર્ષિ
મહા+ઋષિ-મહર્ષિ
દેવ+ઐશ્વર્ય-દેવૈશ્વર્ય
દિવ્ય+ઔષધિ-દિવ્યૌષધિ
મહિ+આદિ-મહ્યાદિ
અતિ+અંત-અત્યંત
અતિ+ઇંદ્રિય-અતીંદ્રિય
પ્રતિ+ઉત્તર-પ્રત્યુત્તર
નિ+ઉન-ન્યૂન
જાતિ+ઋતે-જાત્યૃતે
કિતી+એક-કિત્યેક
મુનિ+ઐશ્વર્ય-મુન્યૈશ્વર્ય
નદી+ઓઘ-નદ્યોઘ
જાતિ+ઔષધી-જાત્યૌષધિ
મનુ+અંતર-મન્વંતર
મનુ+આદિ-મન્વાદિ
મનુ+ઋષિ-મન્વૃષિ
ભાનુ+એકતા-ભાન્વેકતા
ભાનુ+ઐશ્વર્ય-ભાન્વૈશ્વર્ય
ભાનુ+ઓઘ-ભાન્વોઘ
ભાનુ+ઔષધિ-ભાન્વૌષધિ
માતૃ+અંતર-માત્રંતર
માતૃ+આજ્ઞા-માત્રાજ્ઞા
માતૃ+ઈક-માત્રિક
માતૃ+ઇર્ષા-માત્રીર્ષા
માતૃ+ઊર્મિ-માત્રૂર્મિ
પિતૃ+ઋષિ-પિતૃષિ
પિતૃ+એકતા-પિત્રેકતા
પિતૃ+ઐશ્વર્ય-પિત્રૈશ્વર્ય
પિતૃ+ઓઘ-પિત્રોઘ
પિતૃ+ઔષધિ-પિત્રૌષધિ
ને+અન-નયન
નૈ+એક-નાયક
ગો+ઇશ્વર-ગવીશ્વર
નૌ+ઇક નાવિક

૧૬ વ્યંજનસંધિઃ—

સત્+કર્મ-સત્કર્મ
સત્+શીલ-સચ્છીલ
વાક્+પતિ-વાક્પતિ
ષટ્+કર્મ-ષટ્કર્મ
જગત્+પતિ-જગત્પતિ
ભગવત્+પુરાણુ-ભગવત્પુરાણુ
ષટ્+આનન-ષડાનન
ષટ્+ઇશ્વર-ષડીશ્વર
સત્+આચાર-સદાચાર
ભગવત્+લીલા-ભગવલ્લીલા
જગત્+ઇશ-જગદીશ
વાક્+દાન-વાગ્દાન
વાક્+ઇશ-વાગીશ
ષટ્+રિપુ-ષડ્રિપુ
ષટ્+અરિ-ષડરિ
ષટ્+ઐશ્વર્ય-ષડૈશ્વર્ય
સત્+ગુણુ-સદ્ગુણુ
સત્+ચિત-સચ્ચિત

સત્+જન–સજ્જન
ઉત્+લાસ–ઉલ્લાસ
દિક્+મૂઢ–દિઙ્મૂઢ
જગત્+નાથ–જગન્નાથ
અધ્+શેર અચ્છેર
ઉત્+હાર–ઉદ્ધાર
ઉત્+હર્તા–ઉદ્ધર્તા
વિયત્+ગંગા–વિયદ્ગંગા

તત્+ટીકા–તટ્ટીકા
તત્+લીન–તલ્લીન
ષટ્+માસ–ષણ્માસ
સત્+શાસ્ત્ર–સચ્છાત્ર
વાક્+હરિ–વાગ્ઘરી
ષટ્+હૃદય–ષડ્હૃદય
સત્+પાત્ર–સત્પાત્ર

૧૭ अनुस्वारसंधिः—

સં+આચાર–સમાચાર
સં+આરંભ–સમારંભ
સં+આધાન–સમાધાન
સં+ચય–સંચય
સં+પૂર્ણ–સમ્પૂર્ણ
સં+રક્ષણ–સંરક્ષણ
સં+વાદ–સંવાદ
સં+સાર–સંસાર

સં+ઋદ્ધિ–સંમૃદ્ધિ
સં+આગમ સમાગમ
સં+કલ્પ–સંકલ્પ
સં+તાપ સન્તાપ
સં+યોગ–સંયોગ
સં+લગ્ન–સંલગ્ન
સં+શય–સંશય
સં+હાર–સંહાર

૧૮ विसर्गसंधिः—

દુઃ+આચાર–દુરાચાર
દુઃ+ગતિ–દુર્ગતિ
મનઃ+વિકાર–મનોવિકાર
પુનઃ+વિવાહ–પુનર્વિવાહ
પુનઃ+ઉક્તી–પુનરૂક્તી
નિઃ+ચિંત–નિશ્ચિંત
નિઃ+શંક–નિઃશંક
નિઃ+પાપ નિષ્પાપ
અંતઃ+કરણ–અંતઃકરણ
નિઃ+ઉપાય–નિરૂપાય
દુઃ+ગંધ–દુર્ગંધ
મનઃ+યત્ન–મનોયત્ન

પુનઃ+લગ્ન–પુનર્લગ્ન
અંતઃધ્યાન–અંતર્ધ્યાન
નિઃ+ચલ–નિશ્ચલ
નિઃ+કપટ–નિષ્કપટ
નિઃ+ફલ–નિષ્ફલ
અતઃ+પર–અતઃપર
પ્રાતઃ+કાલ–પ્રાતઃકાલ
નિઃ+સંશય–નિસ્સંશય
પુનઃ+સંસ્કાર–પુનસ્સંસ્કાર
નિઃ+તેજ–નિસ્તેજ
નિઃ+સંશય–નિઃસંશય

૪ શબ્દવિચાર.

૧૯ शब्दांचे मुख्य प्रकार दोन—આખ્યેય आणि અવ્યય.

૨૦ **આખ્યેય**—ज्यांचें रूपाख्यान होतें तें; याचे वर्ग चार, **નામ, સર્વનામ,** વિશેષણ, ક્રિયાપદ.

૨૧ **અવ્યય**—ज्यांचें रूपाख्यान होत नाहीं तें; याचे वर्ग चार, ક્રિયાવિશેષણ, શબ્દયોગી, ઉભયાન્વયી, કેવળપ્રયોગી.

૫ નામ.

૨૨ नामाचे मुख्य प्रकार तीन—વિશેષનામ, સામાન્યનામ, ભાવવાચક નામ.

૨૩ विशेषनाम—

स्थलवाचक,—મુંબઈ, સુરત, વડોદરા, તાપી, બલસાડ, પાટણ.

मनुष्यवाचक,—મગનલાલ, નારાણદાસ, નંદી, હિરાગૌરી, ચંદન.

पदार्थवाचक,—મુલુકમેદાન (તોપ) કોહીનૂર (હિરો).

૨૪ सामान्यनाम,—

जातीवाचक,—સાથી, કેદી, માળી, લાત, ઘોડો, સાંપ, પર્વત.

समुदायवाचक,—ટોળું, લશ્કર, સંઘ.

समुच्चयवाचक,—પાણી, ઘી, સોનું, રૂપું, મગ, ઘઊ.

૨૫ भाववाचक—ચિકાશ, ગળપણ, સાચવટ, વેર, જૂઠ, ખટાશ, ભલમનસાઈ, બૂમાબૂમ, દોડાદોડ, દિલસોજી, મમત.

૨૬ नामास जाति—(લિંગ) વચન आणि विभक्ति लागतात.

૬ જાતિ (लिंग).

૨૭ जाती तीन आहेत, નરજાતિ (पुल्लिंग) નારીજાતિ (स्त्रीलिंग) નાન્યતર જાતિ (नपुंसकलिंग).

૨૮ नरजाति,—ઓકારાન્ત किंवा ज्यास કેવો ने प्रश्न होऊं शकतो.

ઘોડો, તોડો, દિકરો, લોટો, જોડો, કબજો, રોટલો, વાડકો, કાંકરો, વાંદરો, બળદિઓ, ચણિઓ, પૂળો, બિલાડો.

૨૯ नारीजाति,—ઈકારાન્ત किंवा ज्यास કેવી ने प्रश्न होऊं शकतो.

ચોપડી, રોટલી, છોડી, બાયડી, લિટી, ટોપી, બિલાડી, બકરી, વિજળી, ફૂરસી. વિધની, ગરમી.

३० नान्यतरजाति,—ઉકારાન્ત-ઊકારાન્ત किंवा ज्यास કેવું ने प्रश्न होऊं शकतोः—
પશુ, રૂ, લિંબુ, જાંબુ, આંસુ, કંકુ, પરૂ, માથું, ઈંડું, કુંકું, છાપરૂં, વાંદરૂં, લાકડું, ભેજું, ગાડું. મગતરૂં, હાડકું, છોકરૂં.

३१ अपवादः—

अकारान्त	नरजाति	ઉંદર, કોળ, સાપ, રોગ, ઘટ, પત્થર, માકણ, પુરૂષ, વાઘ, વડ, રંગ, દેશ, દિવસ, પગ, વાંક.
	नारीजाति	સાકર, મૂછ, ખાંડ, સાચવટ, વાત, રાત, લાત, રીસ, મૂઠ, આંખ, અરજ, ટેવ, ચીજ.
	नान्य. जा.	ઊંટ, ઘર, ગામ, નગર, મન, લંગર, ફળ, લવીંગ, ઝાડ, નાક, કારણ, ખેતર,
आकारान्त	नरजाति	રાજા, દેવતા, પિતા, વા.
	नारीजाति	બાધા, સજા, સેવા, રજા, દયા, આશા, માયા.
	नान्य. जा.	વડોદરા, ગોધરા.
ईकारान्त	नरजाति	ધોબી, વાઘરી, માળી, ધણી, સાથી, કેદી.
	नान्य. जा.	ઘી, પાણી, મોતી, મરી.
ऊकारान्त	नरजाति	ઘઊં, લાડૂ, ગેરૂ, ચરૂ, ચપ્પુ, સાધુ.
	नारीजाति	લૂ, સાસુ, ભુ, વસ્તુ વહુ.
एकारान्त	नरजाति	વે, પ્રલે, ખે, ભે, જે.
	नारीजाति	હરડે, રેલવે, વલે.
	नान्य. जा.	તાલે.
ऐकारान्त	नरजाति	ક્ષૈ (ક્ષય)
	नारिजाति	ક્ષૈ (साँकला)
ओकारान्त	नारीजाति	જળો, છો, ખો, બો.
	नान्य. जा.	મ્હો, ગ્લાસગો.
औकारान्त	नारीजाती	ગૌ.

३२ नरजातीच्या अंत्य ओकाराचा इकार व ऊकार होऊन नारी व नान्यतर जातीचीं रूपें होतात.

नर	नारी	नान्यतर
વાંદરો	વાંદરી	વાંદરૂં
બિલાડો	બિલાડી	બિલાડૂં
ઘોડો	ઘોડી	ઘોડૂં

બકરો	બકરી	બકરૂં
છોકરો	છોકરી	છોકરૂં

३३ नर जातीस ई हा प्रत्यय लागून नारीजाति होते.

नर.	नारी.	नर.	नारी.
મામા	મામી	બ્રાહ્મણ	બ્રાહ્મણી
કાકા	કાકી	પાડો	પાડી
રાક્ષસ	રાક્ષસી	સાળા	સાળી
ખીલો	ખીલી	દેવ	દેવી

३४ नर जातीस ई प्रत्यय लावल्यानें नारीजाति होते व त्याबरोबर अर्थासही लघुता येते.

नर.	नारी.	नर.	नारी.
ચોપડો	ચોપડી (वही)	ઓટલો	ઓટલી (ओटा)
હાંડો	હાંડી (हंडा)	ગાળો	ગાળી (गाळा)
વાડકો	વાડકી (वाटी)	રોટલો	રોટલી (भाकर)

३५ कित्येक नामांची अर्थपरत्वें निरनिराळी जाति होते:—

नाम.	नर.	नारी.	नान्य.
ચાલ	રિવાજ	વર્તણુક	०
રાવ	રાજા	તકરાર	०
બાજ	પક્ષી	પત્રાવળી	
ખોળ	તલનો કુંચો (पेंढ)	શોધ	
તડ	ચીરો	ફાટ	જ્ઞાતિવિભાગ (तढें)
વાર	વાર	વેળ	
ધાતુ	ક્રિયાપદનો મૂળ	ખનીજ પદાર્થ	
ભાત	રાંધેલા ચોખા	જાત	

३६ कित्येक नामें एकापेक्षां जास्त जातींत चालतात.

તંબાકુ, તપાસ, શોધ, વખત, મતલબઃ—नर आणि नारी.

માણસ, પત્ર, મતઃ—नर आणि नान्यतर.

સોપારી, જનોઇ, ઘડિઆળ, ઓળખાણઃ—नारी आणि नान्यतर.

આવરદાઃ—तिन्ही जाति.

३७ कित्येक नामांचे स्त्रीवाचक शब्द निराळेच आहेत.

नर.	नारी.	नर.	नारी.
વર	વહુ	પુરૂષ	સ્ત્રી

રાજા	રાણી	પાડો	ભેંસ
સસરો	સાસુ	આખલો	ગાય
ભાઇ	ભોજાઇ	મોર	ઢેલ

३८ नर जातीस અણ, એણ, આણી, ડી, नी हे प्रत्यय लागून नारी जाती होते.

नर.	नारी.	नर.	नारी.
કોળી	કોળણ–ળેણ	શેઠ	શેઠાણી
મોચી	મોચણ–ચેણ	તલાવ	તલાવડી
ધણી	ધણિઆણી	ઠાકોર	ઠકરાણી–ળાં
ગોર	ગોરાણી	વાણી	વાણીઅણ–એણ
ભીલ	ભીલડી	હજામ	હજામડી
ચાકર	ચાકરડી	ગોવળ	ગોવળણી
ઉંટ	ઉંટડી	ચંડાળ	ચંડાળણી

७ વચન.

३९ वचनें दोनः—એકવચન आणि બહુવચન.

४० सामान्य नियम म्हटला म्हणजे एकवचनास ઓ हा प्रत्यय लाविल्यानें बहुवचन होतें, उ. ટોપી–ટોપીઓ પશુ–પશુઓ. सदरहु ઓ प्रत्यय फक्त जोडला जातो, अंत्यस्वरांशी त्याचा शुद्ध संधि होत नाहीं, उ. રાજા–રાજાઓ. બાયડી બાયડીઓ.

४१ बहुवचनाबद्दल विशेष नियम.

अकारान्त नामें:—अंत्यस्वर ओ होतो किंवा मूळरूपच राहतें उ. માણસ–માણસો; ઘર–ઘરો; વાત–વાતો, બળદ બળદો.

आ, ई व ऊकारान्त नामें,–संधी न होतां ओ प्रत्यय लागतो; उ. રાજા–રાજાઓ કથા–કથાઓ; માળી–માળીઓ; શત્રુ–શત્રુઓ; પશુ -પશુઓ; ધાતુ–ધાતુઓ.

उकारान्त नान्यतर जातीचीं नामें,—बहुवचन आकारान्त होतें व त्या आकारापुढें ओ प्रत्ययही लागतो; उ. ઈંડું–ઈંડાં, ઈંડાંઓ; માથું–માથાં, માથાંઓ.

ए, ऐ, ओ व औकारान्त नामें,—हीं उभयवचनीं सारखींच राहतात. परंतु ओकारान्त नरजाती नामाचें बहुवचन होतांना ओचा आ होतो व सदरहु आकारापुढें; ओ प्रत्ययही लागतो; उ. ઘોડો–ઘોડા, ઘોડાઓ; વાંદરો–વાંદરા વાંદરાઓ; વાડકો–વાડકા, વાડકાઓ; તોડો,-તોડાઓ.

४२ बव्हर्थी विशेषणाच्या पुढील नाम एकवचनीं किंवा बहुवचनीं राहतें, उ.—ચાર માણસ–ચાર માણસો; દસ ટોપી–દસ ટોપીઓ. परंतु पुढील नाम ओकारान्त नरजाती किंवा ऊकारान्त नान्यतर जातीचें असलें तर तें बहुवचनींच राहतें; उ.—ચાર બકરા; ત્રણ છોકરા; સાત ઈંડાં; બાર હાડકાં

४३ कित्येक समुच्चयवाचक नामें नेहमीं एकवचनींच राहतात. उ.—ઘી, પાણી, દેવતા, જીરૂં, હીંગ, મેથી, ઘાસ, ખાંડ, परंतु निरनिराळें प्रकार दाखविणें असल्यास बहुवचनीं प्रयोग होतो; મેં ઘણા દેશનાં પાણી પીધાં છે.

४४ कोणा व्यक्तीस बहुमान द्यावयाचा असतां बहुवचनी प्रयोग होतो, उ.—મહારાજ પધાર્યા; બાપા ગયા; મગનલાલ ડાહ્યા છે, મેહેતાજી મોડા આવ્યા.

४५ स्त्रियांस बहुमान द्यावयाचा असतां नान्यतर जाती बहुवचनी प्रयोग होतो, કાકી ગયાં, રાણી સ્વર્ગવાસી થયાં, શેઠાણી બોબડાં છે.

४६ नियम ४३ ते ४५ यांतील बहुवचन, विशेषण किंवा क्रियापद यांच्या रूपावरून, व्यक्त होतें.

४७ कित्येक समुच्चयवाचक नामें नेहमीं बहुवचनीं राहतात; उ.—ઘઉં, મગ, મઠ, અડદ, તેલ, મરી. परंतु जरूर असतां एकवचनीं प्रयोग होतो व तो विशेषण किंवा क्रियापदावरून व्यक्त होतो; उ.—મારા હાથમાં તો એકે ઘઉં પડયો નથી.

४८ विशेष नामें एकवचनींच असतात; पण जातीवाचकाप्रमाणें उपयोग केल्यास वाक्याचा प्रयोग बहुवचनीं होतो, उ.—એવા રામલાલ તો દસ આવી ગયા.

४९ भाववाचक नामें एकवचनींच राहतात; पण प्रकार दाखविणें असल्यास बहुवचनीं प्रयोग होतो. उ.—એકજ માણસમાં માનસિક તથા શારીરિક "धैर्य" જડતાં નથી.

વિભક્તિ.

५० विभक्ति सात आहेत.

પહેલી (प्रथमा) બીજી (द्वितीया) ત્રીજી (तृतीया) ચોથી (चतुर्थी) પાંચમી (पंचमी) છટ્ઠી (षष्ठी) સાતમી (सप्तमी) व संबोधन.

१ प्रथमा	प्रत्यय नाहीं	कर्ता
२ द्वितीया	प्रत्यय नाहीं किंवा ने	कर्म
३ तृतीया	એ	कर्ता, करण
४ चतुर्थी	ને	संप्रदान
५ पंचमी	થી–થકી	अपादान

६ षष्ठी	ના, ની, નું ના, નાં	संबंध
७ सप्तमी	માં એ	अधिकरण
८ संबोधन	સામાન્યરૂપ	संबोधन

५१ विभक्तिप्रत्यय लागण्यापूर्वी ઓकारान्त नरजाती व ઊकारान्त नान्यतर जाती यांचा अंत्य स्वर આ होतो. અकारान्त नामाच्या अंत्यस्वराचा लोप होऊन तेथें स्वर-प्रत्यय येतो. इतर नामांच्या अंत्यास कांहीं विकार होत नाहीं.

५२ विभक्तिप्रत्यय लागतांना ज्यांस विकार होतो, तीं विकारी नामें व बाकीचीं अविकारी.

५३ षष्ठीचा संबंध नामाशीं असतो, तीस संबंध विभक्ति म्हणतात. बाकींचा संबंध क्रियापदाशीं असतो, त्यांस कारक विभक्ति म्हणतात.

५४ नामांचें रूपाख्यान.

१ વાઘ. અકારાન્ત નરજાતી.		२ રાજા. આકારાન્ત નરજાતી.	
૧ વાઘ	વાઘો	રાજા	રાજાઓ
૨ વાઘ, વાઘને	વાઘો-ને	રાજા-ને	રાજાઓ-ને
૩ વાઘે	વાઘોને	રાજાએ	રાજાઓએ
૪ વાઘને	વાઘોને	રાજાને	રાજાઓને
૫ વાઘથી	વાઘોથી	રાજાથી	રાજાઓથી
૬ વાઘનો	વાઘોનો	રાજાનો	રાજાઓનો
૭ વાઘમાં-વાઘે	વાઘોમાં	રાજામાં	રાજાઓમાં

૩ માળી. ઇકારાન્ત નરજાતી.		૪. લાડુ. ઊકારાન્ત નરજાતી.	
૧ માળી	માળીઓ	લાડુ	લાડુઓ
૨ માળી-ને	માળીઓ-ને	લાડુ-ને	લડુઓ-ને
૩ માળીએ	માળીઓએ	લાડુએ	લાડુઓએ
૪ માળીને	માળીઓને	લાડુને	લાડુઓને
૫ માળીથી	માળીઓથી	લાડુથી	લાડુઓથી
૬ માળીનો	માળીઓનો	લાડુનો	લાડુઓનો
૭ માળીમાં	માળીઓમાં	લાડુમાં	લાડુઓમાં

૫ પશુ. ઉકારાન્ત નાન્યતરજાતી		૬ ઈંડું. ઉંકારાન્ત નાન્યતરજાતી.	
૧ પશુ	પશુઓ	ઈંડુ	ઈંડાં-ઓ
૨ પશુ-ને	પશુઓ-ને	ઈંડુ-ને	ઈંડાંને-ઓને

૩	પશુએ	પશુઓએ	ઈંડાએ–ઈંડે	ઈંડાએ–ઓએ–ઈંડે
૪	પશુને	પશુઓને	ઈંડાને	ઈંડાંને–ઓને
૫	પશુથી	પશુઓથી	ઈંડાથી	ઈંડાંનો–ઓનો
૬	પશુનો	પશુઓનો	ઈંડાનો	ઈંડાંનો–ઓનો
૭	પશુમાં	પશુઓમાં	ઈંડામા–ઈંડે	ઈંડાંમાં–ઓમાં–ઈંડે

	૭ પ્રલે. એકારાન્ત નરજાતી.		૮ વાંદરો. ઓકારાન્ત નરજાતી.	
૧	પ્રલે	પ્રલે	વાંદરો	વાંદરા–રાઓ
૨	પ્રલે–ને	પ્રલે–ને	વાંદરો–રાને	વાંદરા રાઓ વાંદરાને–વાંદરાઓને
૩	પ્રલેએ	પ્રલેએ	વાંદરે–રાએ	વાદરાએ, વાંદરાઓએ
૪	પ્રલેને	પ્રલેને	વાંદરાને	વાંદરાને–રાઓને
૫	પ્રલેથી	પ્રલેથી	વાંદરાથી	વાંદરાથી–ઓથી
૬	પ્રલેનો	પ્રલેનો	વાદરાનો	વાંદરાનો–રાઓનો
૭	પ્રલેમાં	પ્રલેમાં	વાંદરામાં–રે	વાંદરામાં–રાઓમાં

	૯ જળો ઓકારાન્ત નારી જાતી.		૧૦ મ્હોં ઓકારાન્ત નાન્યતરજાતી.	
૧	જળો	જળો	મ્હોં	મ્હોં
૨	જળો–ને	જળો–ને	મ્હોં–ને	મ્હોં–ને
૩	જળોએ	જળોએ	મ્હોંએ	મ્હોએ
૪	જળોને	જળોને	મ્હોંને	મ્હોને
૫	જળોથી	જળોથી	મ્હોથી	મ્હોથી
૬	જળોનો	જળોનો	મ્હોનો	મ્હોનો
૭	જળોમાં	જળોમાં	મ્હોમાં	મ્હોમાં

	૧૧ ક્ષૈ. ઐકારાન્ત નારી જાતી.		૧૨ ગૌ. ઔકારાન્ત નારી જાતી.	
૧	ક્ષૈ	ક્ષૈ	ગૌ	ગૌ
૨	ક્ષૈ–ને	ક્ષૈ–ને	ગૌ–ને	ગૌ
૩	ક્ષૈએ	ક્ષૈએ	ગૌએ	ગૌએ
૪	ક્ષૈને	ક્ષૈને	ગૌને	ગૌને
૫	ક્ષૈથી	ક્ષૈથી	ગૌથી	ગૌથી
૬	ક્ષૈનો	ક્ષૈનો	ગૌનો	ગૌનો
૭	ક્ષૈમાં	ક્ષૈમાં	ગૌમાં	ગૌમાં

૮ વિભક્તિના અર્થ.

૫૫ ૧ પ્રથમા

કર્તા–" ગુલાબ " બેઠો
સહક–" ફળ " ખવાયું
ક્રિયાપૂર્ણી –તે " રાજા " થયો
પરિમાણ–બે " ઘડી " બેસો,
 બે " લોટા " પાણી લાવ,
 બાજરી બે રૂપિયે " મણ "
 તે પાંચ " ગાઉ " ચાલ્યો

૨ દ્વિતીયા

કર્મ-તે " કામ " કરે છે;
 તમે " મને " ફસાવ્યો

क्रियापद द्विकर्मी असेल तर द्वितीयान्तास उपस्थ व चतुर्थ्यन्तास अनुपस्थ कर्म म्हणतात.

તેણે મને ગાય આપી

૩ તૃતીયા.

કર્તા– ' શેઠે " ઘર બંધાવ્યું
કરણ–મારે " હાથે " પત્ર લખાવ્યો
કારણ–તાવની " ગરમીએ "
 આંખ બગડી
મૂલ્ય–બાજરી બે " રૂપિયે " મણ
સાહિત્ય–પાંચે " લુગડે ' આભડાયો

૪ ચતુર્થી.

સંપ્રદાન–અનુપસ્થ કર્મ–તેણે મને ગાય
 આપી
નિમિત્ત–હું " જમવા " બેઠો,
 તે " કહેવાનો " ગયો.

સંબંધ– " રામદાસને " બે વૈરી છે.
 " શેઠને " ચાકર ઘણા
 " ઘરને " ત્રણ બારી છે.
 " ગાયને " શિંગડા હોય છે.
 " મને " ઘરમાં ગમતું નથી.
 " અત્રે " આવ્યાને " ચાર
 વરસ થયા.

૫ પંચમા.

કરણાર્થે કર્તા–" મારાથી " ફળ ખવાયું.
કારણ–માણસ 'અનુભવથી' ડાહ્યું થશે.
કર્તા–" પક્ષીથી " ઉડાય છે.
કરણ–' કલમથી ' લખવું
વિયોગ–હું ' સુરતથી ' નિકળયો.
અવધિ–' સુરતથી ' મુંબઇ આઘું છે.
ન્યૂનાધિકતા–તે ' માગથી ' ઉંચો છે.

कवितेंतील षष्ठीचे प्रत्यय;

તણો, તણી, તણું કેરો, કેરી, કેરૂં

૬ ષષ્ઠી.

ही विभक्ति निरनिराळे संबंध दाखविते.

સગપણ–બાપનો દીકરો.
માલકીપણું–શેઠનો ચાકર.
સ્થાન–વનનાં ઝાડ.
કાર્યકારણ–સુનાની વીંટી.
કર્તૃભાવ–મારૂં કહ્યું, મારી લખેલી.
કરણ-દૂધનો દાઝયો; પેટનો બળ્યો.
 ગુસ્સાનો માર્યો, બીનો ખાધેલો.

૭ સપ્તમી.

સ્થળ-'ઘરમાં' નથી, માળે બેઠો,
'સુરત' ગયો 'ગામ' ગયો.

સમય-'બપોરે' આવીશ.

અંગવિકાર-'આંખે' કાણો 'કાને' બહેરો.

અધિકાર-'જાતે' સુથાર, 'દરજ્જે' મામલતદાર.

મૂલ્ય-ઘોડો પચાસ 'રૂપિઆમાં' વેચાયો.

कवितेंतील प्रत्यय-માહે, મોઝાર, મધ્યે.

५६ षष्ठीचा संबंध नामाशीं असतो, म्हणून अंत्यस्वरास पुढील नामामुळें सामान्यरूप होतें.-'તેના હાથમાં ફગ છે.' पुढील नामास तृतीया व सप्तमीचा એ प्रत्यय असला तर मार्गील नामासही तोच लागतो. उ.—રામદાસને છોકરે કામ કર્યું. રંગીલદાસને માળે હું ગયો. षष्टीचा प्रत्यय इकारान्त असेल तर कांहीं विकार होत नाहीं.

५७ બધાએ આવી રહ્યા-એ हें केवलप्रयोगी.
કાલથી નિશાળે જઇશ-કાલથી हें क्रियाविशेषण.
કાલનો માંદો થયો-કાલનો हें क्रियाविशेषण.

५८ अ प्रत्यय सप्तमीचा प्रयोग विकारी नामावरून होत नाहीं.
उ. હું સુરત ગયો; "હું વડોદરં ગયો" हें अशुद्ध.
તારી લખેલી ચોપડી મારે 'કામ' આવશે.
આવા જંગલમાં લુંટારા 'હાથ' આવવા મુસ્કેલ છે.

५९ विभक्तीदर्शक अव्ययें.
चतुर्थी—માટે, કાજે, વાસ્તે, લીધે, સારૂ, મારે માટે.
पंचमी—વડે, વતે, વડે, થકી ઉ-તેવડે.
षष्ठी—તણો-ણી ણું, કેરો-રી-રૂં.
सप्तमी—માહે, મોઝાર, મધ્યે, અંદર, ઉપર

६० તુનો તુજ આવ્યો, એની એજ વાત, ત્યાંનુ ત્યાજ બેસી રહે—या वाक्यांतील નો ની, ને हे षष्ठीचे प्रत्यय न मानतां उभयान्वयी अव्ययें मानावीं.

૯ વિશેષણ.

६१ विशेषणाचे रूपावरून दोन प्रकार-વિકારી, અવિકારી.

विकारी—ज्यास जातीदर्शक ઓ, ઈ, ઊ हे प्रत्यय लागतात; उ.—સારો-રી-રૂં કાળો-ળી-ળું. यांस विभक्ती प्रत्यय लागतांना किंवा पुढें सविभक्तिक विशेष्य आले

असतां ઓ आणि ઊ यांचा આ होतो; विशेष्य એकारान्त; तृतीया किंवा सप्तमीत असलें तर त्यांचा એ होतो; ઊ:—રાતો ઘોડો, રાતા ઘોડાને, રાતે ઘોડે; રાતી ઘોડી, રાતી ઘોડીને, રાતી ઘોડીએ, રાતું ઘોડું, રાતા ઘોડાને, રાતે ઘોડે; રાતો, રાતાને, રાતે, રાતાથી, રાતાનો, રાતામાં.

અવિકારી—ज्यांचे अंत्यास विभक्ती प्रत्ययामुळें किंवा विशेष्यामुळें विकार होत नाहीं; ઉ:—સારી, રાતી, લાલ, સફેત, લોભી, પાપી, આળસુ, લાલચુ.

૬૨ विशेषणें ४ प्रकाराचीं:—

ગુણવાચક, સંખ્યાવાચક, બહ્વલ્પાર્થ, અનિશ્ચિત.

ગુણવાચક–રાતો, ઠીંગણો, જંગલી, દુષ્ટ.

સંખ્યાવાચક,

સંખ્યાવાચક—એક, બે, ત્રણ, ચાર.

અનુક્રમવાચક—પહેલો, બીજો, ત્રીજો, પાંચમો.

સંખ્યાંશવાચક–પા, અરધો, પોણો, દોઢ, સાડાત્રણ.

આવૃત્તીવાચક–બેવડું, ત્રેવડું, ચોગણું, બબ્બે, ચચ્ચાર.

બહ્વલ્પાર્થ–ઘણું, થોડું, પુષ્કળ, જરા, સઘળું.

અનિશ્ચિત–કોઇ, કંઇ, અમુક.

૧૦ તુલના.

૬૩ અન્યસાપેક્ષ–दोन वस्तूंची तुलना करणें असतां 'થી' किंवा 'કરતાં' या अव्ययांचा उपयोग करून विशेषणापूर्वी વધારે, ઓછું, જરા ઇત્યાદિ अव्ययें येतात. उ. રાજા કરતાં પ્રધાન વધારે ચાલાક છે; તે મારાથી કે મારા કરતાં મોટો છે.

સર્વસાપેક્ષ–जास्त वस्तूंची तुलना करण्यास સૌ, સર્વ, બધા, સઘળા, विशेषणाशी થી, માં, કરતાં या अव्ययांचा उपयोग होतो. उ. સૌથી, સૌમાં, સૌકરતાં આ છોકરો હોશિઆર છે.

૧૧ સર્વનામ.

૬૪ सर्वनामाचे प्रकार ६.

પુરૂષ, સ્વાર્થ—यांस विशेष सर्वनामें म्हणतात.

પ્રશ્નાર્થ, દર્શક, સંબંધી, અનિશ્ચિત—यांस विशेषण सर्वनामें म्हणतात.

પુરૂષ વાચક— (રૂપાખ્યાન पुढें पहा).

પહેલો પુરૂષ.	હું—અમે	प्रथम द्वितीय मिळून આપણે
બીજો પુરૂષ.	તું—તમે	तमेच्या ऐवजीं मानार्थी આપ
ત્રીજો પુરૂષ.	તે—તેઓ	

સ્વાર્થ વાચક—પોતે, પંડે, જાતે, હાથે, પોતપોતે. (रूपाख्यान पुढें पहा.)

પ્રશ્નાર્થવાચક—કોણ, કયો, કઇ, કયું, શો, શી, શું. (रूपाख्यान पुढें पहा.)

દર્શક—આ, એ, તે, પેલો-લી-લું, ફલાણો-ણી-ણું, ઓલો-લી-લું. (रूपाख्यान त्या त्या स्वरान्त नामाप्रमाणें) આ, એ यांचे सन्मानार्थी એવણ असें रूप भाषणांत वापरतात.

સંબંધી— જે. (रूपाख्यान एकारान्ताप्रमाणें).

અનિશ્ચિત—કોઇ, કાંઇ, કોક, દરેક, અન્ય કેટલાક, ઇ. (रूपाख्यान त्या त्या स्वरान्त नामाप्रमाणें.

६५ આ, એ, તે, કે, જે यांना कांहीं प्रत्यय लागून विशेषणें व क्रियाविशेषणें तयार होतात.

विशेषण. {
પ્રત્યય, વો-વી-વું-આવો-વી-વું; એવો ઇ. તેવો ઇ. કેવો ઇ. જેવો ઇ.
,, વડો-ડી-ડું-આવડો, એવડો, તેવડો, કેવડો, જેવડો.
,, ટલો-લી-લું-આટલો, એટલો, તેટલો, કેટલો, જેટલો.

क्रि. वि. {
પ્રત્યય મ—આમ, એમ, તેમ, કેમ, જેમ.
,, યાં—હ્યાં, ત્યાં, ક્યાં, જ્યાં, યાં.

६६ नाम व सर्वनाम यांचा जोडून उपयोग करितांना कधीं कधीं दोन्ही एकच विभक्तींत योजितात. उ.—મારૂં ગરીબનું કોણ માને; મારે પરપુરૂષે એકાંતમાં રહેવું યોગ્ય નથી; મને ગરીબને કોણ ન સતાવે;

६७ विशेषण सर्वनामाचें पुढील नामामुळें सामान्यरूप होतें; पण तृतीया व सप्तमी-खेरीज इतर विभक्ति लागत नाहीं. उ:—પેલા છોકરાથી, કેટલાક સરોવરમાં પેલે છોકરે, ફલાણે દેશે, हे प्रयोग शुद्ध; પેલાથી, છોકરાથી; किंवा કેટલાકમાં સરોવરમાં, हे अशुद्ध

६८ સર્વનામોનું રૂપાખ્યાન.

૧ હું	અમે, હમે
મને, મુને, મજને, મુજને	અમને, અમોને

મેં	અમે, અમોએ
મને, મુને, મજને, મુજને, મારે	અમને, અમોને, અમારે
મારાથી, મજથી, હુંથી	અમારાથી, અમથી
મારો–રી–રૂં–રા–રાં	અમારો–રી–રૂં–રા–રાં
મારામાં, મજમાં, મુજમાં, હુંમાં	અમારામાં, અમમાં
૨ તું	તમે, તમો
તને, તુને, તજને, તુજને	તમને, તમોને
તેં	તમે, તમોએ
તને તુને, તજને, તુજને, તારે	તમને, તમોને, તમારે
તારાથી, તજથી, તુજથી, તુંથી	તમારાથી તમથી
તારો–રી–રૂં–રા–રાં	તમારો–રી–રૂં–રા–રાં
તારામાં, તજમાં, તુજમાં, તુમાં	તમારામાં, તમોમાં, તમમાં

મુને, મજને, મુજને, મજથી, હુંથી, અમથી, મજમાં, મુજમાં, હુંમાં, અમમાં, व त्याच प्रकारचीं तुं याचीं रूपेंहीं फक्त कवितेंत वापरतात. હુંથી, તુંથી, તેથી हीं रूपें कांहीं भागांत गद्यांतही वापरतात.

તે	તેઓ, તે, તેઉ
તેને	તેઓને, તેમને
તેણે	તેઓએ, તેમણે
તેને	તેઓને, તેમને
તેનાથી, તેથી	તેઓનાથી, તેમનાથી, તેઓથી
તેનો ની–નું–ના–નાં	તેઓનો, તેમનો, ૪.
તેનામા, તેમાં	તેઓનામાં, તેમનામાં, તેઓમાં

कधीं कधीं प्रथमा एकवचनीं स्त्री० તેણી शब्द वापरतात.

તેમને, हें व अशीं रूपें वस्तुविषयीं वापरीत नाहींत.

આપણે (બ. વ.)	આપ (બ. વ.)
આપણે	આપ
આપણને	આપને
આપણે	આપ
આપણને	આપને

આપણાથી	આપથી
આપણો-ણી-ણું-ણા-ણાં	આપનો ની-નું-ના-નાં
આપણામાં	આપમાં
પોતે (એકવ.-બ.વ.)	પોતપોતે (બ. વ)
પોતે	પોતપાતે
પોતાને	પોતપોતાને
પોતે	પોતપોતે
પોતાને	પોતપોતાને
પોતાથી	પોતપોતાથી
પોતાનો	પોતપોતાનો
પોતામાં	પોતપોતામાં

પંડે, જાતે, હાથે, हीं एकारान्त नामांप्रमाणें चालतात.

કયો, કઇ, કયું, हीं ओ-४ ओकारान्त नामांप्रमाणें चालतात.

કોણ (એ. વ. બ. વ.)	શો, શું	
કોણ	શો, શું	શા, શાં
કોને, કને	શો, શું	શા, શાં
કોણે, કણે	શાણે-શેણે	શાણે-શેણે
કોને, કેને	શાણે-શેણે	શાને-શેને
કોનાથી, કેનાથી	શાથી	શાથી
કોનો, કેનો	શાનો-શેનો	શાનો-શેનો
કોનામાં, કેનામાં	શામાં-શેમાં	શામાં-શેમાં

तृतीयेपासून शुं चीं रूपें शो प्रमाणें. बहुवचन शां. शी चा उपयोग प्रथमा व द्वितीया या विभक्तींत होतो व इकारान्ताप्रमाणें चालतें.

१२ ક્રિયાપદ.

६९ **ક્રિયાપદ**—क्रिया व ती घडण्याचा काळ दाखवितें तें.

७० **કર્તા**—क्रिया करणारा.

७१ **કર્મ**—ज्यावर क्रिया घडतें तें, किंवा कर्ता जी क्रिया करितो ती.

७२ **ક્રિયાનાથ**—ज्याच्या जातिवचनाप्रमाणें क्रियापदाचें रूप फिरतें तो कर्ता व कर्म हीं दोन्ही क्रियानाथ होऊं शकतात.

७३ क्रियापदाचे प्रकार (વર્ગ) ३.

અકર્મક—कर्मरहित. उः-હોવું, થવું, વસવું, બેસવું, જવું.

સકર્મક—कर्मसहित. उः-કરવું, લખવું, ખાવું આપવું, દેવું.

ભાવકર્તૃક—ज्याचा कर्ता स्पष्ट नसतो. उ. ગમવું, બનવું, દુખવું ફાવવું, ગોઠવું, થામવું, કઠવું.

७४ **દ્વિકર્મક**—कित्येक क्रियापदांस दोन कर्मे असतात तीं; त्यांचे भेद दोनः—

(१) પ્રદાયક—संप्रदान दाखवितें तें, उः—આપવું, દેવું, પિરસવું મોકલવું, ભણાવવું.

(२) કારક—स्थित्यंतर दाखवितें तें, उः-કરવું, બનાવવું, માનવું, ગણવું, રાખવું.

७५ प्रदायक व कारक क्रियापदांचों क्रिया ज्याच्यावर घडतें तो शब्द चतुर्थ विभक्तींत असतो, व त्यास अनुपस्थ कर्म म्हणतात. उ.-શેઠે " ગોરને " ગાય આપી.

७६ **ઉભયવર્ગ**-कित्येक क्रियापदें अकर्मक व सकर्मकही असतात. उ-જમવું, ખાવું, બોલવું, રમવું, વાંચવું. वाक्याच्या प्रयोगाप्रमाणें त्यांचा भेद जाणावा. उः—છોકરાં મેદાનમાં રમે છે; છોકરાં મેડીમાં પાનાં રમે છે.

७७ क्रियापदास મૂળ (धातु) ભેદ, અર્થ, કાળ, જાતિ, વચન, પુરૂષ आणि પ્રયોગ हे लागतात.

१३ ધાતુ.

७८ धातु—क्रियापदाचें मूळ रूप, ज्यास प्रत्यय लागून क्रियापद तयार होतें तो धातु; उः-કર, બેસ, ઉઠ, દોડ, નાસ, ભણ, જા, આવ, ચાલ, ઈ.

१४ ભેદ.

७९ **ભેદ**—२ आहेत. મૂળ, **સહયકેશક્ય**,

મૂળભેદ—તે બેસે છે; હું કરૂં છું; તું ચાલે છે.

સહ્યભેદ— क्रियापदावरून सह्यार्थाचा बोध होतो तो. उः—મારાથી કામ કરાયું, તેનાથી પાઠ વંચાયા. अकर्मकाच्या सह्यभेदांत शक्यार्थ विशेष स्पष्ट असतो; म्हणून त्यास शक्यभेदही म्हणतात. उः— મારાથી ચલાતું નથી; તેનાથી બેસાતું નથી.

८० धातूस આ प्रत्यय लागून सह्यभेद होतो, नंतर कालाचे प्रत्यय लागतात. आ प्रत्ययाचा "ય" होतो. उः–કર–કરાય છે. બેસ–બેસાય છે. લખ–લખાય છે.

८१ सह्यभेदाचा આ प्रत्यय लागतांना, धातूच्या अंत्य किंवा उपांत्य આ चा અ होतो; व आकारान्ताखेरीज इतर धातूंना शेवटीं "व" हा आगम होतो.

ઉઃ—ચાલ–ચલાય ખા–ખવાય લે–લેવાય
આપ–અપાય પી–પીવાય ધો–ધોવાય
લખ–લખાય સુ–સુવાય રહે–રહેવાય

८२ सह्यभेदाचा प्रयोग इंग्रजी भाषेंतील (Passive Voice) कर्मकर्तरीप्रमाणें होतो. उः—હું કામ કરું છું–મારાથી કામ કરાય છે.

८३ सह्यभेद होतांना मूळकर्ता पंचमींत येतो व कर्म प्रथमेंत येऊन क्रियानाथ होतें. क्रियापद अकर्मक असेल तर त्याचा भाव तो क्रियानाथ होतो.

उः—स. તે ચોપડી વાચે છે–તેનાથી ચોપડી વંચાય છે.
अ. તે ચાલે છે–તેનાથી ચલાય છે.

८४ મોકલવું, નોતરવું वगैरे क्रियापदांचें कर्म प्राणिवाचक असेल, तर तें 'ने' प्रत्ययान्त द्वितीयेंत असतें. सह्यभेद होतांना तें चतुर्थी विभक्तींत येऊन क्रियानाथ बनतें.

उः—તેણે છોકરીને મોકલી–તેનાથી છોકરીને મોકલાઈ.
મેં તમને નોતર્યાં–મારાથી તમને નોતરાયા.

८५ द्विकर्मक प्रदायक क्रियापदाचा सह्यभेद होतांना उपस्थ कर्म प्रथमांत कर्ता होतें, व अनुपस्थ कर्म चतुर्थ्यंतच राहतें.

उः—મેં તેને પાંચ ચોપડી આપી–મારાથી તેને પાંચ ચોપડી અપાઈ.

८६ विकर्मकारक क्रियापदाचा सह्यभेद होतांना मूळचीं दोन्हीं कर्मे प्रथमा विभक्तींत येऊन क्रियानाथ होतात.

उः--મેં તેને રાજા બનાવ્યો–મારાથી તે રાજા બનાયો

८७ सह्यभेदाचा विशेष प्रचुरतेनें उपयोग करीत नाहींत; त्याऐवजीं मुख्य धातूस 'માં' प्रत्यय लावून 'આવ' किंवा 'જા' या साहाय क्रियापदाचा उपयोग करितात.

उः—એવું કહેવાયું–એવું કહેવામાં આવ્યું
તેને સુરત મોકલાયો–તેને સુરત મોકલવામાં આવ્યો.
લખાય–લખ્યું જાય. કહેવાય–કહ્યું જાય.

८८ क्रियापदाच्या प्रेरक रूपावरून (प्रेरक, पुढें पहा) सह्यभेद वरील नियमा-नुमार्णेच होतो.

उः—(મૂળ) લખ (પ્રેરક) લખાવ (સહ્ય) લખાવાય.
„ જાગ „ જગાડ „ જગાડાય.

૧૫ પ્રેરકરૂપ.

८९ **પ્રેરકરૂપ**—ઉ.–ચાકર કામ કરે છે–શેઠ ચાકર પાસે કામ કરાવે છે.

९० **પ્રેરક પ્રત્યય**—धातूस આવ किंवा આડ प्रत्यय लागून प्रेरकरूप होतें; उः—ચાલ–ચલાવ; ખા–ખવાડ. हे प्रत्यय लागतांना धातूंतील આ चा અ होतो; उः—ચાલ–ચલાવ; ખા ખવાડ. अकारान्त धातूस फार करून આવ प्रत्यय लागतो; उः—કર–કરાવ; ચાલ–ચલાવ; માર–મરાવ. अपवाद=રમ–રમાડ; બેસ–બેસાડ; ઉઠ–ઉઠાડ; જમ–જમાડ; લાગ–લગાડ; પેસ–પેસાડ; જાગ–જગાડ. अन्य स्वरान्तास આડ प्रत्यय लागतो; व तत्पूर्वी 'વ' आगम होतो. उः—ખા–ખવાડ; પી પીવાડ; સુ સુવાડ; દે–દેવાડ; કહે-કહેવાડ.

९१ कित्येक नाम किंवा विशेषणांसही हे प्रत्यय लागून प्रेरकरूप होतें. उः—શરમ–શરમાવવું; ઉભો–ઉભાડવો.

९२ कित्येक क्रियापदांचें प्रेरकरूप वापरीत नाहींत. उः—જા, આવ, હો, થા, રહે ઇત્યાદિ. तदर्थी મોકલ, કર, રાખ वगैरे स्वतंत्र क्रियापदांचा उपयोग करितात. उः—તે જાય છે–તે બીજાને મોકલે છે; તે રહયો તેણે બીજાને રાખ્યો.

९३ कित्येक अकर्मकांचीं प्रेरक रूपें सकर्मक होतात; तथापि, पदच्छेदांत त्यांस फक्त सकर्मक क्रियापदें मानावीं. हीं रूपें करितांना उपांत्य स्वर અ असल्यास त्याचा આ किंवा એ होतो, व ઊ असल्यास ઓ होतो.

અ०	સ०			અ०		સ०	
ખળ	ખાળ	પડ	પાડ	ડબ	ડાબ	સર	સાર
ગળ	ગાળ	ફુટ	ફોડ	ઢળ	ઢાળ	ઉછર	ઉછેર
ચર	ચાર	બળ	બાળ	તર	તાર	ઉકલ	ઉકેલ
ઝર	ઝાર	જોળ	જોળ	તુટ	તોડ	ઉકળ	ઉકાળ
ટળ	ટાળ	મર	માર	દબ	દાબ	ઉછળ	ઉછાળ
ઠર	ઠાર	વળ	વાળ	નમ	નામ	ઉતર	ઉતાર

१४ द्वित्वप्रेरक—कर्ता दुसऱ्यास सांगून तिसऱ्याकडून क्रिया करवितो; त्यास द्वित्वप्रेरक म्हणतात.

ઉઃ—(મૂળ)	કર	(પ્રે૦)	કરાવ	(દ્વિ૦ પ્રે૦)	કરવાવ
,,	ખા	,,	ખવાડ	,,	ખવડાવ
,,	પી	,,	પીવાડ	,,	પીવડાવ
,,	સુ	,,	સુવાડ	,,	સુવડાવ
,,	દે	,,	દેવાડ	,,	દેવડાવ
,,	રે	,,	રેવાડ	,,	રેવડાવ

૧૬ કૃદંત.

१५ કૃદંત—कृदंतें ७ प्रकारचीं. मुख्य उपयोग मिश्रकाळ करण्याकडे.

नामरूपीं—સામાન્ય, કર્તૃવાચક.

विशेषणरूपीं—વર્તમાન, ભૂત, વિશેષભૂત, ભવિષ્ય.

अव्ययरूपीं—સંબંધક.

१६ कृदंताचे प्रत्यय;

૧ સામાન્ય—વો-વી-વું, વા-વી-વાં.

૨ કર્તૃવાચક—નારો-રી-રૂં, નારા-રાં, નાર (ત્રિજાતિ).

૩ વર્તમાન—તો-તી-તું, તા-તી-તા.

૪ ભૂત—યો-ઇ-યું, યા-ઇ-યાં.

૫ વિશેષભૂત—એલો-લી-લું, એલા-લી-લાં.

(એ बद्दल " ય " वापरतात. " આ " कारान्त क्रियापदाच्या आच्या अ होतो उः—થા-થયેલો કે થએલો).

૬ ભવિષ્ય—વાનો-ની-નું, વાના-ની-નાં.

૭ સંબંધક—ઇ, ઇને.

१७ कृदंताचे विशेष उपयोग.

૧ સામાન્ય—મારૂં કહેવું કોણ માને=નામ.

૨ કર્તૃવાચક—કરણઘેલાનો લખનારો કોણ=નામ.

—આવું લખનારો છોકરો મૂરખ હોય=વિશેષણ.

३ વર્તમાન—બળતું ઘર; પડતો વરસાદ=વિશેષણ.
—દોડતાં થાકી ગયો=અવ્યય.
—મને બોલતાં આવડતું નથી=નામ
૪ ભૂત—દીધી શિખામણ; લખ્યા લેખ=વિશેષણ.
મારૂં કર્યું તેને ભાવતું નથી=નામ.
૫ વિશેષ ભૂત—આપેલું દોઢિયું; કરેલું કામ=વિશેષણ.
—મારૂં શિખાવેલું એળે ગયું=નામ.
૬ ભવિષ્ય—ભજાવાનો ખેલ=વિશેષણ.
—શેઠે મને બેસવાનું કહ્યું=નામ.
(भविष्य कृदंत व सामान्य कृदंताची षष्ठी यांचीं रूपें सारखीं असतात.
ભજાવાનો ખેલ (भ. कृ.) લખવાની કલમ (षष्ठी).
૭ સંબંધક—તમે ઘેર જઇને આવો=ઉભયાન્વયી.
—ચાલી ચાલી ડોસો થાકી ગયો=ક્રિયાવિશેષણ.
—તે લખી જાણે છે=નામ.

९८ कृतंतांसही भेद लागतात.
ઉઃ—(મૂળ) લખતો (સહ્ય) લખાતો (પ્રેરક) લખાવનો.

અર્થ.

९९ અર્થ—अर्थ ३.
નિશ્ચયાર્થ—તે કાલે જશે; તે પાટલે બેઠો; મેં ચોપડી લખી.
સંશયાર્થ કિંવા સંકેતાર્થ—તે વાત ખરી હોય; એવું બોલે તો માર્યો જાય; તે કહેત તો આમ થાતજ નહીં; કદાચ કાલે જાઉં.
આજ્ઞાર્થ—તું કામ કર; ચાકરને મોકલો; તમે જાતે આવજો; તારે બોલવું નહીં; તું બોલતોના.
शुद्ध आज्ञार्थ फक्त वर्तमान व भविष्यकाळीं द्वितीय पुरुषीं होतो.
(વ૦ આ૦) તું કર=कांहीं वेळानें कर.
(ભ૦ આ૦) તું કર જે=थोड्याच वेळानें कर.
आज्ञार्थांत उपदेश, प्रार्थना, आशीर्वाद, शाप वगैरे येतात.
ઉઃ—એને ભણાવો; મને માફ કરો; સુખી થાઓ; રળીને મરો.

१०० प्रश्नरूपीं वाक्य असतां " प्रश्नार्थ " निराळा न मानतां त्यांस निश्चयार्थच मानावें; તું શું કરે છે? તમે કેમ જતા નથી? તમે આવશો કે નહી?

१८ કાળ.

१०१ કાળ—त्यांचीं नांवें, रूपें व मराठीशीं तुलना. शुद्धकाळ, વર્તમાન, ભૂત, व ભવિષ્ય. पोटभेदांस મિશ્રકાળ म्हणतात.

વર્તમાન	તે બોલે	वर्तमान	तो बोलतो.
દ્વિત્વવર્તમાન	બોલે છે	अपूर्ण वर्तमान	बोलतो आहे.
વર્તમાન ભવિ.	બોલતો હશે	अपूर्ण भविष्य	बोलत असेल.
વર્તમાન ભૂત	બોલતો હતો	अपूर्ण भूत	बोलत होता.
ભૂત	બોલ્યો	भूत	बोलला.
ભૂતવર્તમાન	બોલ્યો છે	वर्तमान भूत	बोलला आहे.
દ્વિત્વભૂત	બોલ્યો હતો	भूत भूत	बोलला होता.
ભૂતભવિષ્ય.*	બોલ્યો હશે	भविष्यभूत	बोलला असेल.
વિશેષભૂ. ભ *	બોલેલો હશે	०	बोललेला असेल.
વિ ભૂ. વર્તમાન	બોલેલો છે	०	बोललेला आहे.
વિ. દ્વિ ભૂત	બોલેલો હતો	०	बोललेला होता.
ભવિષ્ય	બોલશે	भविष्य	बोलेल.
ભ. વર્તમાન	બોલવાનો છે	वर्तमान भविष्य	बोलणार आहे.
ભ. ભૂત	બોલવાનો હતો	भूत भविष्य	बोलणार होता
દ્વિ. ભવિષ્ય*	બોલવાનો હશે	भविष्य भविष्य	बोलणार असेल.
०	બોલે છે	रीति वर्तमान	बोलत असतो.
०	બોલતો થયો	पूर्ण भूत	बोलता झाला.
०	બોલતો	रीति भूत	बोलत असे.

भूतकालच्या जोडाक्षरांचा उच्चार संभाषणांत उलटा करितात. जसें, કર્યું—કયરું જમ્યો—જયમો.

કાળના પ્રત્યય તથા રૂપાખ્યાન.

१०२ સકર્મક મૂળભેદ.

વર્તમાનકાળ નિશ્ચયાર્થ.

પુ. १ ઊ. , ઇએ-ઇયે હું લાવું, અમે લાવીએ, લાવીયે.
२ એ (ય), ઓ તું લાવે-તમે લાવો.
३ એ (ય), એ(ય). તે લાવે તેઓ લાવે.

---

* यांत स्वतंत्र काळ न मानितां मुख्य काळांचीं संशयार्थी रूपें मानतात.

आ व ओकारान्त धातूंस એ ऐवजीं य लागतो.

उः—તું ખાય, તે જાય, તેઓ થાય, તે હોય.

एकारान्तास એ लागत नाहीं. उ.—તે લે, તેઓ લે, व प्र. पु. बहुवचनीं એ चा अही होतो; અમે લેઇએ કે લઇએ.

સંશયાર્થવર્તમાન—निश्चयार्थीप्रमाणें.

આજ્ઞાર્થવર્તમાન—પુ. ૨. તું બોલ–તમે બોલો.

ओकारान्त धातूच्या ओचा उ होतो; उ.—જો–જુઓ; ધો–ધુઓ.

एकारान्तांचीं रूपें फक्त ओकारान्तही होतात; उ.—લે–તેઓ કે લો; દે–દેઓ કે દો.

નિશ્ચયાર્થભૂત याचीं रूपें जातीप्रमाणें बदलात.	નર.	યો–યા.	બોલ્યો-બોલ્યા.
	નારી	ઇ-ઈ.	બોલી–બોલી.
	નાન્ય	યું-યાં.	બોલ્યું-બોલ્યાં.

સંશયાર્થ (સંકેત) ભૂત—प्रत्ययांत सर्वरूपें सारखीं. હું, તું, તે, અમે, તમે, તેઓ બોલત. (संभाषणांत व क्वचित् लिहिण्यांतही બોલતે, કરતે अशीं एकारान्त रूपें वापरतात.)

નિશ્ચયાર્થ ભવિષ્ય—પુ. ૧ ઇશ શુ–ઇશું બોલીશ–બોલશું–બોલીશું।
૨ શે, ઇશો શો બોલશે, બોલીશ–બોલશો।
૩ શે, શે બોલશે–બોલશે.

સંશયાર્થ ભવિષ્ય—નિશ્ચયાર્થીપ્રમાણે.

આજ્ઞાર્થ ભવિષ્ય—પુ. ૨ જે–જો બોલજે–બોલજો.

સહ્યભેદ.

१०३ નિશ્ચ. સંશ. વર્તમાન	નિશ્ચ. ભુત, (जातीप्रमाणें.)
બોલાઉં—બોલાઇએ	બોલાયો—બોલાયા.
બોલાય—બોલાઓ	બોલાઇ—બોલાઇ.
બોલાય—બોલાય	બોલાયું—બોલાયાં

સંશયાર્થ ભૂત—હું, તું, તે, અમે, તમે તેઓ બોલાતા.

નિશ્ચ. સંશ. ભવિષ્ય.	सह्यभेद भूतकाळीं यो, ई, युं.
બોલાઇશ—બોલાઈશું.	या प्रत्ययाबद्दल कोणी णो,-णी-णुं.
બોલાશે—બોલાશો.	हेही वापरतात, उ:—
બોલાશે—બોલાશે.	બોલાણો-ણી-ણું.

પ્રેરકરૂપ.

૨૦૪ મૂળભેદ	સકર્મક.	સહ્યભેદ.
૧ બોલાવું-બોલાવીએ	વર્તમાન.	બોલાવાઉં-બોલાવાઇએ
૨ બોલાવે-બોલાવો		બોલાવાય-બોલાવાઓ.
૩ બોલાવે-બોલાવે		બોલાવાય-બોલાવાય.
નર. બોલાવ્યો-બોલાવ્યા.	ભૂત.	બોલાવાયો-બોલાવાય.
નારી. બોલાવી-બોલાવી.		બોલાવાઇ-બોલાવાઇ.
નાન્ય. બોલાવ્યું-બોલાવ્યા.		બોલવાયું-બોલાવાયાં.

સંશયાર્થ ભૂત.

૧-૨-૩-બોલાવત-બોલાવત		બોલાવત-બોલાવાત
૧ બોલાવીશ-બોલાવીશું.	ભવિષ્ય.	બોલવાઈ બોલવાઈશું.
૨ બોલાવશે-બોલાવશો.		બોલાવાશે-બોલાવાશો.
૩ બોલાવશે-બોલાવશે.		બોલાવાશે-બોલાવશે.

આજ્ઞાર્થ વર્તમાન.

૨ બોલાવ-બોલાવો. ०

આજ્ઞાર્થ ભવિષ્ય.

૨ બોલાવજે—બોલાવજો. ०

૨૦૫ અનિયમિત ક્રિયાપદ-ज्यांचीं भूतकाळचीं रूपें प्रत्यय न लागतां होतात;

उ:- ખા.	ખાધો-ધી-ધું	ખાધેલો—લી-લું
જા.	ગયો—ઇ-યું	ગયલો—લી—લું
દે.	દીધો-ધી-ધું	દીધેલો—લી-લું
લે.	લીધો-ધી-ધું	લીધેલો— લી-લું

પી.	પીધો-ધી-ધું	પીધેલો—લી-લું
બીવું.	બીધો-ધી-ધું	બીધેલો—લી-લું
પેસ.	પેઠો—ઠી-ઠું	પેઠેલો—લી-લું
બેસ.	બેઠો—ઠી-ઠું	બેઠેલો—લી-લું
ન્હાસ.	નાઠો—ઠી-ઠું	નાઠેલો—લી-લું
દેખ.	દીઠો—ઠી-ઠું	દીઠેલો—લી-લું
મર.	મુઓ—ઇ-ઉં	મુએલો—લી-લું
સુ.	સુતો—તી-તું	સુતેલો—લી-લું
હો.	હતો—તી-તું	०

१०६ द्व्यक्षरी एकारान्त धातूचा भूतकाळ होतांना एचा लोप होतो; उः—કહે-કહ્યો; રહે-રહ્યો; સહે-સહ્યો.

१०७ મિશ્રકાળ—मुख्य क्रियापदाच्या कृदंतापुढें हो धातूचीं रूपें जोडिल्यानें मिश्रकाळ तयार होतो; उः- -બોલતો હતો; બોલ્યો હતો; બોલવાનો છે. परंतु निश्चयार्थ द्वित्ववर्तमानकाळीं मात्र कृदंताऐवजीं मुख्य रूप वापरण्याची चाल आहे. उः—હું બોલું છું; બોલતો છું हें अशुद्ध मानीत.

१९ પ્રયોગ.

